उपर्युक्त अष्ट द्वारी महल के मध्य चोक में, महा मधुर रस राशि, अमित काँति पुञ्ज मणि मण्डल में, विविध सौगन्ध युक्त अष्ट मोहनी कुञ्ज हैं जिनमें युगल वर की अष्टयाम सेवा सम्पन्न होती है। मणि मण्डल पर कल्पवृक्ष की छाया में श्यामा श्याम का मोहन महल है। इस महल में रस रूप कोमल एवं श्रेष्ठ सूर्य कान्त, चन्द्र कान्त, हेम कान्त, मणियों की कान्ति से युक्त स्वर्ण में जड़ाव द्वार निर्माण वाले पद्मराग पुष्परागादि प्रकारान्तर की रसमयी मणियों से पूरित लीला मय चित्र अंकित हैं। ऐसे चमत्कारपूर्ण मोहन महल के बीच अति सुकोमल समवर्तिनी शैय्या है जहाँ श्यामा श्याम के नित्य विहार का संपादन होता है। यहाँ श्री हरि, प्रिया एवं हितु हरि प्रिया सहचरी के अतिरिक्त अन्य किसी का प्रवेश नहीं है।

उपर्युक्त मोहन महल के आँगन में सुन्दर मोहन मण्डल है जिस पर दिव्य सजावट से युक्त अठपहलू सुन्दर सुख सिंहासन है जिस पर युगलवर श्रृंगार कर विराजते हैं। इस सिंहासन के एक एक कोण पर एक एक यूथेश्वरी निज निज परिकर सहित सेवा सामग्री लिये उपस्थित रहती है तथा हृदय में अटूट अनुराग लिये ललना लाल की रुचि के अनुसार तत् तत् सेवा संपादित करती रहती हैं। इनमें यूथेश्वरियों की परिकर युत स्थिति इस प्रकार है – उत्तर दिशा में **रंगदेवीजी** विद्यमान हैं, ईशान में **सुदेवी**, पूर्व में **ललिताजी** हैं, अग्नि कोण में **विशाखा**, दक्षिण में हैं **चम्पक लताजी**, नैऋत कोण में **चित्रा** तथा पश्चिम में **तुङ्गविद्याजी** है तो वायु कोण में **इन्दुलेखा**। इनकी अद्भुत शोभा देखते ही बनती है। इनकी आभा आभारण एवं सेवा क्रमशः इस प्रकार हैं। श्रीरंग देवी जी के विग्रह की आभा कमल पुष्प की सी है तथा सुदेवी की केशर की सी। ये जपा कुसुम तथा सुही रंग की सारी पहिरे हैं तथा युगलवर को असमोर्द्ध धारा में निमग्न हो आभूषण एवं इत्र, केशर चन्दनादि की सेवा के द्वारा लाड़ लड़ाती रहती हैं। ललिता, विशाखा की तन–कान्ति गोरोचन एवं विद्युत जैसी है, इनने मोर पंख के तथा सितारे भरे आसमान के समान रंग की सारी धारण कर रखी है। ये ललना लाल के रूप माधुरी में पगी क्रमशः ताम्बूल एवं पटाभरण सेवा में तन मन प्राण समाये रहती हैं। चम्पक लताजी तथा चित्राजी की अंग कांति पीत चम्पा तथा कुमकुम की सी हैं, इनने क्रमशः नील एवं पीत आमरण कर रखे हैं तथा ये रुचिकर व्यंजन भोग एवं जल की सेवा में रसादान करती हैं। तुंगविद्या तथा इन्दुलेखा के तन की आभा उज्ञवल गौर एवं हरितार (पीत) गौर है। आप दोनोंने क्रमशः कुन्द कुसुम सी श्वेत तथा अनार से चमकदार लाल वर्ण की सारी धारण की है। ये नृत्य कला और कोक कला (प्रेम) के भाँति–भाँति के भेद, भाव द्वारा प्रिया प्रीतम को रिझाती तथा दाब उपाव सिखाती रहती हैं।

इस प्रकार के अनन्त निभृत निकुञ्ज के नाना भेद प्रभेद हैं पर ये सभी यमुना की अविचल धारा द्वारा ही परिवेष्टित, परिपोषित, परिरक्षित, पल्लवित, कलित कुसुमित, फलित संवलित, संवर्द्धित है। यह है निम्बार्कीय उपासना में यमुना का दिव्य स्वरूप। निम्बार्कीय उपासक आचार्य यमुना के अधिभौतिक स्वरुप का दर्शन पर उनके कृष्ण कान्ता रुप की प्रार्थना करके उनके तीर पर श्री नटवर पीताम्बर सर्वेश्वर श्याम सुन्दर के राधा स्हाहित दर्शन की कांक्षा करते है ।



સૌજન્ય : શ્રીબાલકૃષ્ણજીની હવેલી, ચંપારણ્ય



પુષ્ટિ માર્ગની ઝલક

સાંઝી - સ્વાગત - સજાવટ - ભાવનાને ભૂલી ગયા છીએ તેની સ્મૃતિને પાછી લાવવી. સાંઝી શબ્દમાં સ્મૃતિ આવે. આપણે જે સ્મૃતિ ભૂલી ગયા છીએ તે, વર્તમાનમાં ભાવાત્મ દૃષ્ટિકોણથી ઉપર લાવવાની છે. ભાવ સિવાય મૂળ સ્મૃતિ (ઓરીજીનલ) ચિત્ર નથી. ગ્રંથોના વર્ણન મુજબ ભાવ નીકળે છે. અષ્ટસખાની વાણીમાંથી ભાવ નીકળે છે. ચિતારા (કલાકાર) ચિત્રને (કલાને) તે ભાવને અનુસરીને ઉભરાવે છે. મૂળ સ્મૃતિ (ઓરીજીનલ)ને કોઈએ પકડ્યું નથી. બાકી હાલ ભૂતલ ઉપર બધી રચનાઓ ભાવાત્મક છે, પરંપરા જાળવવાનો આધાર છે.

જતીપુરામાં શ્રીજીના પ્રાગટ્ય સમયે કોઈ શૃંગાર નહોતા. શૃંગારની સજાવટ શ્રી ગુસાંઈજીની સેવા પ્રણાલિકા પ્રમાણે, સાતે શ્રી બાળકોની ભાવના પ્રમાણે શ્રૃંગાર બદલાતા ગયા.



સૌજન્ય : શ્રીબાલકૃષ્ણજીની હવેલી, ચંપારણ્ય



સાંઝી - સજાવટ - સ્વાગતના પ્રતીક રૂપ વ્રજાંગનાઓ છે. શ્રીમદ્ ગોકુલ વ્રજમાં પ્રત્યેક ઘરના દ્વાર પાસે પ્રભુને પધરાવવાની, સ્વાગત કરવાની ભાવનાથી સાંઝીની રચના વ્રજાંગનાઓ નિત્ય કરતી, જેના પ્રતીક રૂપે વૈષ્ણવો પણ ગોસ્વામી બાળકની પધરામણીના મંગલ ઉત્સવ સમયે સાંઝી - સ્વાગતની રચના કરતા.

ગોસ્વામી બાળકની પધરામણી ગામમાં કરવાની હોય ત્યારે ગામના વૈષ્ણવો ભેગા મળતા અને સામાજિક નિમંત્રણ પત્ર - વિનંતી પત્ર - લખાતો. ‘‘કૃપાનાથ અમારા ગામમાં પધરામણી કરો’’ આવી વિનંતી થાય.







સૌજન્ય : શ્રીબાલકૃષ્ણજીની હવેલી, ચંપારણ્ય

ગામના દશ વીશ વૈષ્ણવો રૂબરૂમાં પત્ર સાથે દંડવત્ કરી ગોસ્વામી બાળકને વિનંતી કરવા જતા. ગોસ્વામી બાળક ટિપ્પણી તપાસે, ઉત્સવ વગેરે ચકાસે. કારણ કે ગોસ્વામી બાળકોને ગૃહસેવામાં ખંડિત થવું નહોતું. વિનંતી સ્વીકારી, વાહન - ઘોડાગાડી (સગરામ) - બેલગાડામાં આવવા માટેનો સમય અપાતો. અંદાજે દિવસ પ્રમાણેનો અણસાર આપે.

પધરામણીના દિવસે આખા ગામમાં આંબા-આસોપાલવનાં લીલા તોરણ બંધાય. ગામના પાદરે બધા ભેગા થઈને કીર્તન મંડળીની રમઝટ બોલાવે. પાદરેથી ગામમાં દરેક ઘર સુધી માર્ગમાં બિછાના પથરાય. દરેક વૈષ્ણવજન પોતાના ઘરને - આંગણાંને - સજાવીને રાખે. ઉચ્ચ સન્માન સાથે ગોસ્વામી બાળકને ઘરમાં પધરાવીને પધરામણી કરાવે.

સેવકે સેવકનો ધર્મ પાળવો.

૪૫૦ વર્ષની ઇચ્છા, શ્રી મહાપ્રભુજીની ઇચ્છા હતી. રીત-પ્રિત ઓછી થઈ.

પુષ્ટિ માર્ગની જે ઝલક દેખાય છે તે પ્રાચીન વૈષ્ણવો ભૂતલ ઉપર બિરાજે છે, તેથી દેખાય છે.

પ. ભ. શ્રી કૃષ્ણદાસ અઢીયાજી (દાદાજી) (ચંપારણ્ય)


















વૈષ્ણવ કલાની પારંપરિક અભિવ્યક્તિ - સાંઝી
સાંઝી અવસરના આનંદની . નીરંજના લગ્નના નિમંત્રણની

ભાનુભાઈ શાહ
અમદાવાદ
સુપ્રસિદ્ધ ચિત્રકાર, સંસ્કાર
કેન્દ્ર અને પતંગ
મ્યુઝિયમના નિવૃત્ત
ડાયરેક્ટર તથા સૌંદર્યપ્રેમી
વૈષ્ણવ શ્રી ભાનુ શાહે
તેમના દિકરાના લગ્ન
પ્રસંગે, તેમના સાંઝીના
અમૂલ્ય સંગ્રહમાંથી પસંદ
કરી ૩૨ પાનાંની ચોપડી
લગ્નની કંકોત્રી તરીકે
બનાવેલી તેમાંની કેટલીક
કૃતિઓ અત્રે પ્રસ્તુત છે.



સાંઝી

વૈષ્ણવ કલાની પારંપરિક અભિવ્યક્તિ

વૈષ્ણવ મંદિરોમાં કલાનાં વિવિધ નિરૂપણોનો સમૃદ્ધ વારસો છે. અનોખી પરંપરા છે. પ્રભુની પીઠ પાછળ કાપડ પર આલેખેલાં, ચીતરેલાં તેમજ ભરતગૂંથણવાળાં મોટાં પટ-ચિત્રો ઉપરાંત કળા-કારીગરીથી ભરપૂર કટાઈ, ગૂંથણી, વેશભૂષા, સાંઝી આદિ સૌંદર્યથી વિભૂષિત કલાકૃતિઓ હોય છે.

સાંઝી એ વ્રજભૂમિનાં વૈષ્ણવ મંદિરોમાં સૌંદર્યની કલાત્મક અભિવ્યક્તિની એક પરંપરાગત શૈલી છે, અને તે ભગવાનની સન્મુખ આંગણામાં થાય છે. સાંઝીનો વિષ્ણુધર્મોત્તરપુરાણમાં ધૂળ-ચિત્ર તરીકે ઉલ્લેખ થયેલો છે.

વ્રજમાં, અષાઢ માસના પહેલા અઠવાડિયામાં ભારે ધૂમધામથી પૂજન થાય છે અને વૈષ્ણવ મંદિરોમાં સુંદર કલાત્મક સાંઝી થાય છે. વળી વ્રજની છોકરીઓ માટે પણ આ એક લોક-ઉત્સવ છે. ૧૫ દિવસ સુધી પોતાના ઘરની દીવાલ ઉપર સાંઝીનું ચિત્ર કરે છે અને સાંઝી-માતાની કૃપાથી પોતાને યોગ્ય વર અને અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય તેવી એ પ્રાર્થના કરે છે.

જુદા જુદા અને ઝીણા ઝીણા આકારોને આરપાર કાપેલા જાડા કાગળને જમીન પર સપાટ પાથરવામાં આવે છે. ત્યારબાદ કાગળ ખસી ના જાય તેવી રીતે તેની ઉપર સૂકો રંગ નાખવામાં આવે છે. એકસરખો રંગ પથરાઈ (નખાઈ જાય) પછી સાચવીને કાગળને ઉપાડી લેતાં જમીન પર સુંદર છાપ પડે છે. આ પ્રક્રિયાને 'સાંઝી પૂરવી' એવું કહેવામાં આવે છે. આમાં ચુનો, ચોખાનો લોટ, સિંદૂર, ઈંટનો બારીક ભૂકો, હળદર વગેરેનો રંગ તરીકે ઉપયોગ થાય છે.

મંદિરના પરિસરમાં ચોરસ કે અષ્ટકોણ ઓટલાની પારો ઉપર વેલપત્તાં, પદ્મ વગેરેની સુંદર બોર્ડર બનાવાય છે અને અંદરના ભાગમાં કુંડ, નગર, સરોવર તથા શ્રીકૃષ્ણલીલાના વિવિધ પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવે છે.

ભારતની પ્રાચીન સંસ્કૃતિમાં મને રસ અને ઊંડી દિલચસ્પી છે. તે કારણે કલાત્મક પતંગો, સીવેલાં રેખાંકનો, માદળિયાં અને અહીં પ્રસ્તુત એવી સાંઝીના નમૂનાઓનો સંગ્રહ કરી શક્યો છું.

મારા દીકરાનાં શુભ લગ્ન પ્રસંગે સૌંદર્યની અનુભૂતિના એ આનંદમાં આપ સહુ સહભાગી થાઓ એ ઉદ્દેશથી અત્રે 'સાંઝીનો સંગ્રહ' નિમંત્રણ-પત્રિકાના સ્વરૂપે પ્રગટ કરી, અમારે ત્યાંના-લગ્નોત્સવમાં સહભાગી થવા નિમંત્રું છું.

લિ. આપનો,
ભાનુ શાહ







જે કલામાં પ્રભુની દૃષ્ટિ છે :

પ.ભ. સરોજબહેન પરીખ, મુંબઈમાં શ્રી મદનમોહનજીની હવેલીમાં, સુંદર સાંઝીની સજાવટ કરે છે, તેવી માહિતી પૂ. ગોસ્વામી શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી (કડી)એ અમને આપી, અને રાજનગરસ્થિત પૂ. ગો. શ્રી મધુસૂદનલાલજી મહોદયશ્રી (શ્રીતિલકબાવા)એ તેઓનો સંપર્ક / સ્થળ બતાવ્યું.

પ.ભ. સરોજબહેનને બીજા દિવસે જ મુંબઈ જઈને મળ્યો. આપનું શ્રી અંગ સારું ન હોવા છતાં જે ઉત્સાહ અને ઉમંગથી આપ સાંઝીની સજાવટ કરતા હતા, તે આજના યુવા વર્ગને જોમ ચઢાવે તેવું હતું. આપની પાસે પોતાના શ્રી હસ્તથી દોરેલાં સાંઝીનાં ૧૫ દિવસના ક્રમનાં ચિત્રો છે. જે ક્રમ અનુસાર આપ વર્ષોથી શ્રી મદનમોહનજીની સન્મુખ ફૂલોની અને રંગોની સાંઝી સિદ્ધ કરી પ્રભુની પ્રસન્નતામાં સેવા અર્પણ કરો છે. ચોકમાં ફૂલની સાંઝીની જે લીલા ચીતરવામાં આવે તે જ લીલા પાટ ઉપર સૂકા રંગોથી સિદ્ધ કરવામાં આવે છે. આ સાંઝીના દિવસોનો નિત્ય ક્રમ અહીં જોવા મળ્યો.

















સૌજન્ય : પ.ભ. સરોજબેન પરીખ, મુંબઈ

વિવિધ ફૂલોની પાંદડી અલગ અલગ પાડવામાં આવતી. બાકી રહેતી ફૂલની સોનેરી દાંડી / પરાગ પણ અલગ પાડવામાં આવે. જે પરાગમાં વિવિધ કોરા સૂકા રંગ ભેળવીને (મેળવીને) તેને સજાવટમાં વિનયોગ કરાય. જેનાથી ફૂલની સાંઝીમાં વૈવિધ્યતા અને પ્રભુના સુખમાં વધારો કરી સુંદર રચના સિદ્ધ થાય છે. આવી અદ્‌ભુત કલાનો વારસો આજે ભૂતલ ઉપર બિરાજે છે. પ. ભ. સરોબહેનની સાંઝી કલાની સરાહના કરતા, આપના સ્નેહી સંબંધી ગર્વપૂર્વક કહે છે કે, 'પ્રભુએ આપને અલૌકિક દાન કર્યું છે, જેનો વારસો આપ કૃપા કરી અમને આપે અને અમે સેવા સમૃદ્ધ બનીએ.'


निगम कल्पतरो गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् ।
पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ॥



સૌજન્ય : પ.ભ. સરોજબહેન પરીખ, મુંબઈ

પ. ભ. સરોજબહેનના નિર્દેશન(માર્ગદર્શન) હેઠળ વસ્ત્રોમાંથી સાંઝી ભાવની કલાત્મક પિછવાઈ તેમનાં બે પુત્રો અને પુત્રવધુઓ ઘરમાં સિદ્ધ કરે છે. જેની કલામાં પ્રભુની દૃષ્ટિ છે, તેનું શું કહેવું? વલ્લભકુળની દૃષ્ટિમાં વસેલા અને વૈષ્ણવ સૃષ્ટિના ચહિતા (ગમતા) એવા ભગવદ્ ભક્તો ભૂતલ ઉપર બિરાજે છે, એ જ આપણા લાડીલા શ્રી મહાપ્રભુજીની કૃપાના આપણે સૌ સેવકજન અધિકારી છીએ.

''શ્રી વલ્લભ જુગ જુગ રાજ કરો.''



સત્સંગમાં સાંઝી

ફુલ બીન હોં ગઈરી, યમુના તીર દ્રુમનકી ભીર।
ઉરઝરહ્યો અરૂઝીરી ડરીયાં; તહાં છીન મેરો અંચલ ચીર ॥૧॥

પૂર્વભૂમિકા તથા સાંઝીનો ભાવ : ઉપરોક્ત કીર્તન મહાનુભાવ ભક્તરત્ન નાગરીદાસજી કૃત છે. ભક્તકવિ નાગરીદાસજીનું જીવનચરિત્ર ભગવદીય લલ્લુભાઈ દ્વારા છપાયેલ સુરદાસજીના જીવનચરિત્રમાં વાંચી લેવા વાંચકવૃંદને વિનંતી છે. ઉપરોક્ત કીર્તન સાંઝીના દિવસોમાં સંધ્યા આરતી સમયે પ્રભુ સન્મુખ ગવાય છે. સાંઝીનો અર્થ લૌકિક ભાષામાં રંગોળી અથવા ચિત્રકળા થાય. સાંઝી એટલે કલાત્મક સજાવટ નામ ગોઠવણ. પુષ્ટિ માર્ગમાં પૂર્ણ પુરૂષોત્તમ, શૃંગારકલ્પદ્રુમ રસેશ શ્રી કૃષ્ણ કે જેઓ ચોસઠ કલામાં નિપુણ છે તેઓશ્રીની સેવા પ્રણાલિકામાં અનેક કલાઓને પોષવામાં આવી છે. સામગ્રી કળા, સંગીત કળા (કંઠ્ય તેમ જ વાદ્ય), ગૂંથણ કળા, ચિત્રકળા વગેરે કળાઓ આપણા માર્ગમાં ખૂબ સુંદર રીતે ખીલી ઊઠેલી છે. ચિત્રકળામાં રસેશ શ્રી કૃષ્ણની અનેકવિધ લીલાનાં ભાવવાહી ચિત્રો, હિંડોલા, પલનામાં અનેક પ્રકારની ફૂલગૂંથણી, ઉષ્ણ કાળમાં ફૂલના તેમ જ ખસના અનેકવિધ કળાઓથી ભરેલા બંગલાઓ આપણને પુષ્ટિ માર્ગીય મંદિરોમાં દૃશ્યમાન થાય છે.

સાંઝીના દિવસોમાં ચોરસ પાટ ઉપર અથવા જગમોહન ચોકમાં વ્રજનાં અનેક સ્થળોની પ્રભુની અનેકવિધ લીલાસૂચક ચિત્રો કોરા રંગથી રંગોળી માફક પૂરીને સિદ્ધ કરવામાં આવે છે. પીછવાઇઓ પણ તેવી જ રીતે રંગ પૂરીને ચિત્રિત કરવામાં આવે છે. જલ ભરેલા થાળમાં જલ ઉપર તેમ જ જલ નીચે વ્રજની લીલાનાં ચિત્રો સિદ્ધ કરવામાં આવે છે. જુદા જુદા રંગના અનેક પ્રકારનાં પુષ્પોથી પણ વ્રજની લીલાની શુદ્ધિ કરાવનારાં ચિત્રો ચોકમાં સિદ્ધ કરવામાં આવે છે. કોઈ કોઈ મોટા મંદિરોમાં તો સાંઝીના શુભ દિવસોમાં પ્રભુ સન્મુખ લીલા સૂકા મેવાથી પણ સાંઝી સિદ્ધ કરવામાં આવે છે. સાંઝીની વિધિ ખાસ કરીને ભાદરવા સુદી પૂર્ણિમાથી શરૂ કરી ભાદરવા વદી અમાસ સુધી હોય છે. આ સોળે દિવસોમાં વ્રજના મુખ્ય મુખ્ય સ્થળોનાં ભાવવાહી લીલાબોધક ચિત્રો પ્રભુ સન્મુખ રંગોળી માફક સિદ્ધ કરવામાં આવે છે. છેલ્લે દિવસે વ્રજ ચોરાશી કોસની સાંઝી (કોટની સાંઝી) પૂરવામાં આવે છે. આ શુભ દિવસોમાં મંદિરોમાં રોજ જેવી સાંઝી પાટ ઉપર અથવા ચોકમાં અથવા જળ ભરેલા થાળમાં ચીતરવામાં (સિદ્ધ કરવામાં) આવે છે. તેવી જ સાંઝી પ્રભુ સન્મુખ થતી આરતીના થાળમાં



પણ નાના નાના મણકાઓથી તેમ જ વિવિધ રંગોથી પૂરવામાં આવે છે. મંદિરોમાં જે સ્થળ (વ્રજમાં)ની સાંઝી પૂરવામાં આવી હોય તે સ્થળનાં ચિત્રવાળી પાટની પરિક્રમા કરવાથી તે વ્રજનાં સ્થળની સાક્ષાત્ પરિક્રમા કરી તેવો ભાવ ફલિત થાય છે એવું ગો. શ્રી રણછોડલાલજી મહારાજનું વચનામૃત સાંભળેલું છે. સાંઝીની પુષ્ટિ ભાવના અંગે આપશ્રીએ વચનામૃત કરેલું અને મારી પાસે લખાવેલું કે કૃષ્ણાવતાર થયો ત્યારે બાળલીલાના પ્રકારમાં કુમારીકાઓ વૃષભાન ગોપને ત્યાં તેમ જ નંદાલયમાં મર્યાદા રીત અનુસાર બધી વિધિઓ કરતી અને સાંઝી પૂરતી. જ્યારથી શ્રી કૃષ્ણે અન્નકુટ આરોગ્યા, શ્રી ગોવર્ધન ધારણ કર્યો, ઇન્દ્રમાનભંગ કર્યો ત્યારથી શ્રી યશોદાજી પોતાના લાલને એકલા ખેલવા જવા દેતા હતા. એક સમયે ખેલતાં ખેલતાં આપ જ્યાં કુમારીકાઓ ફૂલ વીણતી હતી ત્યાં પધાર્યા, 'અરી તુમ કોન હોરી કુલવા બીનનહારી' એ કીર્તનમાં વર્ણન છે તે પ્રમાણેની લીલા વિચારવી, તે સમયે સખી સાંઝી પૂરવા માટે જ ફૂલ વીણવા આવેલી હતી. તેઓ મર્યાદા રીતિ અનુસાર સાંઝી પૂરતા હતા, તેમનો અન્યાશ્રય દૂર કરવા માટે જ આપ સખી ભેખ ધરી શ્રી સ્વામિનીજી સાથે વૃષભનાથજીને ત્યાં પધાર્યા અને પુષ્ટિ સાંઝીનો ભેદ સમજાવ્યો અર્થાત્ પુષ્ટિ રીત્યા સાંઝી પૂરી. બાર વનની લીલા વગેરે તેરસ સુધી અને છેલ્લે ચૌદશ અથવા અમાસે જન્મ પ્રકરણથી લઈને અગિયાર વર્ષ અને બાવન દિવસની લીલા જે વ્રજમાં કરી તે તે લીલાનું ભાન કોટની સાંઝી એટલે કે વ્રજમંડલની સાંઝીમાં કરાવ્યું. વ્રજમંડલની પરિક્રમા કરવાથી સહસ્ત્ર પૃથ્વી પરિક્રમા કરવાનું ફલ થાય છે.

ચોમાસાના ચાર માસમાં ભૂમંડલના બધાં તીર્થો વ્રજમંડલમાં સ્વરૂપાત્મક આવે છે અને ચોરાશી કોસની પરિક્રમા ન કરી શકે તો કોટની સાંઝીની પરિક્રમા કરવાથી પણ બધાં તીર્થોની પરિક્રમાનું ફળ મળે છે. કોટની સાંઝીમાં આધિદૈવિક વિરાટ સ્વરૂપે શ્રી ગિરિરાજજી વ્રજમંડળમાં બિરાજે છે.

સાંઝીની મર્યાદાભાવના નિ. લિ. ગો. શ્રી રણછોડલાલજીએ મારી પાસે લખાવી છે, પરંતુ તેની અત્રે જરૂર નહિં હોવાથી મેં લખી નથી.

વર્ષા ઋતુના આ આખરના દિવસોમાં વનઉપવનોમાં ચોતરફ રંગબેરંગી પુષ્પો ખીલી ઊઠ્યાં હોય છે અને તે પુષ્પો પ્રભુ સન્મુખ શી રીતે થાય તેવી ભાવનાથી ભક્તગણ રંગરંગનાં પુષ્પોને ચૂંટી લાવી સાંઝી પૂરવાના નિમિત્તે તેમને પ્રભુ સન્મુખ કરે છે - રસેશ શ્રી કૃષ્ણ તો સાચા સૌન્દર્યના તેમ જ કલાના ભોક્તા છે તેથી પુષ્પોને તેમ જ સાંઝીની કલાને જોઈ ભક્તો ઉપર પ્રસન્ન થાય છે.

વ્રજભૂમિ વનઉપવનોથી ભરચક છે તેથી ત્યાં તો ફૂલની કમી જ નથી. સારસ્વત કલ્પમાં તો ખાસ કરીને રંગોને બદલે પુષ્પોથી અનેકવિધ ભગવદ્ લીલાનાં ભાવવાહી ચિત્રો સાંઝીના નિમિત્તે સિદ્ધ કરવામાં આવતાં હતાં. તે સમયમાં જ્યાં સાંઝી પૂરવામાં આવતી હતી તે જગ્યા પ્રથમ ગોબરથી લીંપી તેને પવિત્ર કરી તેના ઉપર ફૂલોથી અનેકવિધ ભાવવાહી ચિત્રકામ કરવામાં આવતું હતું. તે સ્થળમાં અનેક મિષે યશોદોત્સંગ લલિત વ્રજરાય પધારતા. તે ભાવનાના કીર્તનો સાંઝીના દિવસોમાં આપણાં પુષ્ટિ માર્ગીય મંદિરોમાં ગવાય છે તે વાંચીને તેનો ભાવ હૃદયમાં ઉતારવા વાંચકવૃંદને વિનંતી છે.

સાંઝીના નિમિત્તે વ્રજરત્નાઓ વનઉપવનોમાં ફૂલ ચૂંટવા જતી. ત્યાં વ્રજરાય કોઈ વખતે સખા મંડલ સાથે ગેંદ ખેલવાના મિષે પધારતા અને અનેક વ્રજભક્તોનું કોઈ યુક્તિપ્રયુક્તિથી એકાંત



તો કોઈ વખતે એકલા જ પધારતા અને વ્રજરત્નાઓને ફૂલ ચૂંટવામાં મદદ કરતા અને તે સમયે બતરસ દ્વારા વ્રજરત્નાઓને મંત્રમુગ્ધ કરી તેમના મનોરથો પૂરા કરતા. કોઈ વખતે સખી ભેખ ધરી શ્રી શ્યામસુંદર 'શ્યામા' સખીના રૂપમાં પધારતા અને ફૂલ વીણવા પધારેલ શ્રી રાધિકાજી અને તેમની સખીઓને ફૂલ વીણવામાં મદદ કરી, રસ રૂપ વાણીચાતુર્યથી તેમને મુગ્ધ કરી, તેમને વશ કરી તેમની સાથે જ બરસાના પધારી અંગપ્રત્યંગની મધુર રસભરી તેમ જ સ્ત્રી જાતિને પણ મોહ ઉત્પન્ન કરે તેવી હલનચલન તેમ જ વાણીથી કીર્તિજી વગેરેને વશ કરી, કીર્તિજીના રંગમહેલમાં જ સાંઝી પૂરવામાં પોતાની કુશળતા દાખવી, રાધિકાજીના શય્યા મંદિરમાં જ સાથે પોઢતા. રાધિકાજીના સર્વ પ્રકારના મનોરથો પૂરા કરતા. આધિદૈવિક સાંઝી પણ ત્યાં જ પૂરતા અને બીજે દિવસે સવારે ફરીથી પાછા સખી ભેખના શૃંગારમાં કીર્તિજીને પાય લાગી આશીર્વાદ મેળવી નંદાલય તરફ પ્રયાણ કરતા કુમારીકાઓ, પરકીય ભાવવાળા વ્રજરત્નાઓ તેમ જ શ્રી સ્વામિનીજીને ચતુરાઈથી અનેકવિધ રસનું, મિલનનું દાન આપવાના આ શુભ દિવસોમાં સાંઝીનો આ ભાવ મનનીય છે. ઉપરોક્ત બધીએ ભાવ ભાવના, અષ્ટસખાનાં કીર્તનો સાંઝીના ભાવના વાંચવાથી તેમ જ તે ભાવમાં ઓતપ્રોત થવાથી, શ્રી વલ્લભની કૃપાથી સર્વ કાંઈ લીલા હૃદયમાં ધારણ થશે.

દાનના દિવસો તથા સાંઝીના દિવસો લગભગ સાથે જ છે. દાનની શરૂઆત પ્રથમ છે અને પછી સાંઝીલીલા શરૂ થાય છે. યુક્તિ-પ્રયુક્તિથી કોકકલા વિશારદ રસેશ શ્રી કૃષ્ણ વ્રજભક્તોના મનોરથો કેવી રીતે પૂરે છે, પ્રેમ, આસક્તિ અને વ્યસનનું દાન કરી તેમનો નિરોધ શી રીતે કરે છે, તે દાન અને સાંઝીના ભાવનાં કીર્તનો વાંચવાથી સહજ સમજાશે. વાંચકવૃંદને ફરીથી વિનવું છું કે શ્રી વલ્લભને અર્થાત્ પોતાના ગુરુદેવને હૃદયમાં પધરાવી તેઓશ્રીની કૃપા યાચી એક વખત વર્ષોત્સવનાં કીર્તનોનાં પુસ્તકોમાંથી દાન અને સાંઝીનાં કીર્તનો વાંચી વિચારી જશો તો તમને અકથનીય આનંદ પ્રાપ્ત થશે. પુષ્ટિ માર્ગનું રહસ્ય-તત્ત્વ દોહન અષ્ટસખાના કીર્તનમાં ખૂબ જ સરલતાથી તેમ જ સ્પષ્ટતાથી ભરેલું છે. તેમણે જે અનુભવ્યું છે તે જ ગાયું છે.

ઉપરોક્ત કીર્તનનો ભાવ વિચારતાં માલુમ પડે છે કે કોઇ એક પરકીય ભાવસંપન્ન વ્રજાંગના સાંઝી પૂરવા નિમિત્તે, યમુનાજીના તટ ઉપર આવેલી ગીચ ઝાડીમાં, ફૂલ વીણવા ગઈ હતી ત્યાં વ્રજરાય શ્યામસુંદરનું પ્રથમ મિલન થયેલું અને ફરીથી તેઓ ત્યાં જ મળશે તેવી આશાથી તે તરફ જઈ રહી હતી. ત્યાં રસ્તામાં તેની કોઈ પરિચિત સહચરી જે ત્યાં રસ્તામાં જ ફૂલ વીણી રહી હતી તેને ઉપરોક્ત કીર્તન મુજબ પોતાની શ્યામસુંદરને મળવાની આતુરતા વ્યક્ત કરી રહી છે અને તેને પણ પોતાની સાથે આવવા આગ્રહ કરી રહી છે. ઉપરોક્ત કીર્તનમાં નાગરીદાસજી શ્યામ મીલનીયા વ્રજરત્ના યુક્તિપ્રયુક્તિથી પોતાની નિર્દોષિતા તેમ જ વિહ્વળતા બન્ને એકી સાથે કેવી રીતે પ્રગટ કરે છે તેનું સૂચન કરે છેભાવાનુવાદ : અરી સખી! એક વખત હું યમુનાજીના કિનારા ઉપર આવેલ ગીચ ઝાડીમાં જ્યાં વૃક્ષોની ડાળો એકબીજામાં અરૂઝાઈ ગઈ છે ત્યાં ફૂલ વીણવા ગઈ હતી. ત્યાં મારા ચીરનો છેડો કોઈ ડાળીમાં ઉરઝાઇ ગયો. હું તેને સાચવીને કાઢવા જતી હતી ત્યાં તો માલતીનાં પુષ્પોની સઘન લતાઓને આઘીપાછી કરીને અચાનક કોઈ ગ્વાલબાલ ત્યાં આવી પહોંચ્યો અને વગર કહે મારા ચીરનો છેડો ડાળીઓમાં ભરાઈ ગયેલો તે સરળતાથી છૂટો પાડી દીધો અને મારી સામે ઊભો રહીને એકીટશે મારા તરફ જોઈ રહ્યો. હું તો ખૂબ જ ગભરાઈ ગઈ જ્યારે તે તો મારી સામે આંખો નચાવવા લાગ્યો અને સાથે સાથે અટ્ટહાસ્ય કરવા લાગ્યો. મારું વસ્ત્ર તો સુરઝાયું જ્યારે મારું મન ખરેખર તેનામાં ખરૂઝાઇ ગયું, પરંતુ મારી લજ્જા આડે આવી. હું કાંઈ પણ બોલી શકી નહિ. આવું જ્યારે તે શ્યામ મીલનીયા સખી બોલી ત્યારે તે સાંભળનાર તેની સહચરીની આતુરતા પણ વધી અને તેણી પૂછવા લાગી 'અરી સખી, તેનું નામ પણ તેં ન પૂછ્યું?' તે શ્યામ મીલનીયા સખી પોતાનું ભોળપણ પ્રકાશ કરતાં બોલી, એ જ દુઃખ છે ને? હું તેનું નામ પણ પૂછી ન શકી. માત્ર એટલું જ જાણું છું કે તેનો વર્ણ મેઘશ્યામ જેવો હતો અને પીત પટ ધારણ કરેલું હતું. અરે સખી! તું તો બહુ જ સુચતુર નાગરી છે. મારે તારી ખાસ જરૂર છે. મારી સાથે જ તે વનમાં નામ શ્રી યમુનાજીના તે જ તટ પ્રદેશમાં ફૂલ વીણવા ન આવે શું? આપણા બન્નેને તે શ્યામસુંદરનાં દર્શન થશે. વળી તું ચતુર નાગરી નાયિકા છે, જેથી સારી રીતે વાતચીત પણ કરી શકશે.

વાંચકવૃંદ, આપણા રસરાજ શ્રી કૃષ્ણ કેવી રીતે વ્રજભક્તોનાં મન ચોરી લઈ પોતાની તરફ આકર્ષણ કરી, તેમને પુષ્ટિભક્તિનું દાન કરતા હશે તેનું દૃષ્ટાંત આ કીર્તનમાંથી મળી રહેશે. ધન્ય હો પ્રેમની ધ્વજા રૂપ વ્રજાંગનાઓને!

"વૃંદાવનદાસ ચીમનલાલ આકરૂવાલા "

(સૌજન્ય : 'સત્સંગ', ઓક્ટોબર / નવેમ્બર ૧૯૬૪)



પુષ્ટિ માર્ગની સાંઝી કલા :

- વસંતબહેન ર. પરીખ (વૈષ્ણવ પરિવાર)

૧. સાંઝીનો અર્થ :

વ્રજમાં શ્રાદ્ધ પક્ષમાં સાંઝીનો ઉત્સવ મનાવાય છે. ભાદરવા સુદ પૂર્ણિમાથી ભાદરવા વદ અમાવાસ્યા સુધીના દિવસો સાંઝીના દિવસો કહેવાય છે. વ્રજવનિતાઓ સાંજના સમયે પૂજન કરતી હોવાથી તેને સાંઝી કહે છે. કેટલાકના મતે સંસ્કૃત શબ્દ સજાવટ કે હિંદી શબ્દ સજ્જા ઉપરથી સાંઝી શબ્દ આવ્યો છે. સંધ્યા દેવીનું પૂજન થતું હોવાથી સાંઝી પૂજન કહેવાય છે.

આ દિવસોમાં વ્રજની કુંવારી કન્યાઓ સંધ્યા દેવીની આરાધના કરે છે. પોતાના ઘરઆંગણે જમીન ઉપર અથવા દીવાલ ઉપર ગોબર કે માટીથી લીંપણ કરી તેના ઉપર દેવીમાનું ચિત્ર દોરે છે. બીજાં પણ સુંદર ચિત્રો દોરે છે. તેને ફૂલ, પાન, રંગો વગેરેથી સજાવે છે. પછી તેનું પૂજન કરે છે. વ્રજવનિતાઓ આ રીતે ૧૪ દિવસ પૂજન કરીને મહારાસમાં પ્રભુને પામી હતી; તેથી જ પ્રભુ પ્રાપ્તિના હેતુ માટે પુષ્ટિ માર્ગમાં વ્રજભક્તોના ભાવથી ૧૪ દિવસ સાંઝી પૂરીને ૧૫મા દિવસે કોટની સાંઝીમાં તેની પૂર્ણતા કરવામાં આવે છે.

૨. સાંઝીનું સ્વરૂપ :

પુષ્ટિ માર્ગની સેવા પ્રણાલીમાં વિવિધ કલાઓને સુંદર રીતે ગૂંથી લેવામાં આવી છે. સંગીત, ચિત્ર જેવી કલાઓના વિકાસ, પ્રસાર અને જાળવણીમાં પુષ્ટિ માર્ગનો અનન્ય ફાળો છે. સંગીતના ક્ષેત્રમાં હવેલી સંગીત આગવું સ્થાન ધરાવે છે. પિછવાઈ સ્વરૂપે ચિત્રકલાના સુંદર નમૂનાઓ વર્ષોથી જળવાઈ રહ્યા છે. કલાત્મક હીંડોળા, પલના, રથ, કલાત્મક શૃંગાર-આભૂષણો, વિવિધ મનોરથોની સજાવટ વગેરે દ્વારા કલાનાં અલગ અલગ સ્વરૂપોને પુષ્ટિ માર્ગે સેંકડો વર્ષોથી જીવંત રાખ્યા છે. આ બધામાં 'સાંઝી' પણ કલાનો એક અદ્‌ભુત વારસો છે.



ભાદરવા માસના સાંઝી પૂજનના દિવસોમાં આપણે ત્યાં મંદિરોમાં દરરોજ સાંજે મોટા ચોરસ પાટ ઉપર વિવિધ રંગોની કલાત્મક સાંઝી પૂરવામાં આવે છે. કોઈ વાર ફૂલ અને પત્તીની કલાત્મક ડિઝાઇન બનાવી સાંઝી પૂરાય છે. કોઈ વાર અનાજ અને કઠોળનો ઉપયોગ થાય છે.

ઓછા સમયમાં સુંદર ચિત્રકારી કરી શકાય તે માટે અને ચિત્રકામ ન જાણનાર પણ સુંદર ડિઝાઇન બનાવી શકે તે માટે કાગળનાં બીબાંનો ઉપયોગ થાય છે. કાગળ ઉપર ચિત્ર દોરી તેને અણીદાર કાતર, બ્લેડ, નરણી જેવાં સાધનોથી કાપીને બીબાં તૈયાર થાય છે. બીબાંની મદદથી પડતાં સુંદર રંગચિત્રો દર્શન કરનારને આશ્ચર્યમુગ્ધ કરે છે. આ બીબાં વ્રજના ચિત્રકારો અને કારીગરોની મોટી દેન છે.

બીબાં વડે રંગોથી આલેખાતી સાંઝીમાં વ્રજનાં અલૌકિક સ્થાનો, શ્રી ઠાકોરજીનાં વિવિધ લીલા સ્થળો અને તે સ્થળની લીલાનું આલેખન થાય છે. કોઈ વાર ભૌમિતિક ભાત પણ બને છે. સાંઝી પાડનારની કલાસૂઝ અને બીબાં પ્રમાણે સુંદર, નયનરમ્ય અને ચિત્તાકર્ષક આલેખન થાય છે. વૈષ્ણવોને ત્યાં ગૃહસેવામાં પણ ફૂલોથી અથવા રંગોથી સાંઝી પાડવાનો પ્રકાર છે.

૩. સાંઝીની લીલા ભાવના :

શ્રી હરિરાયજી મહાપ્રભુ તથા શ્રી દ્વારકેશજી મહારાજ જેવા મહાનુભાવોએ તેમ જ અષ્ટસખાઓએ આ સાંઝી લીલાઓ કીર્તનો દ્વારા પ્રગટ કરી છે. પ્રભુએ વ્રજમાં દાન લીલા, પનઘટ લીલા જેવી રસમય લીલાઓ કરી વ્રજભક્તોને રસાનંદનું દાન કર્યું તે જ રીતે સાંઝી લીલા દ્વારા પણ પોતાનું સંયોગસુખ આપીને રસાનંદનું દાન કર્યું.

વૃષભાનકુમારી રાધિકાજી અને સૌ સખીઓ આ દિવસોમાં સાંઝીનું પૂજન કરે છે. માતા કીર્તિરાણી રાધિકાજીને સુંદર વસ્ત્રોમાં સજ્જ કરી વિવિધ આભૂષણો ધરાવે છે. એટલામાં સખીઓનાં ઝુંડનાં ઝુંડ વૃષભાનજીને ત્યાં આવી પહોંચે છે.

સબ મિલ આઈ લાડિલી વૃષભાન નૃપતિ કે દ્વાર.

શ્રી દ્વારકેશજી મહારાજ બાવન સખીઓનાં નામ આપી વર્ણન કરે છે. આ બધાં સખીજનો સાથે શ્રી રાધિકાજી વનમાં સાંઝી માટેનાં ફૂલ વીણવા પધારે છે. સૌના શ્રી હસ્તમાં વાંસની છાબડીઓ છે. નેત્રોમાં પ્રભુદર્શનનો તલસાટ છે. હૃદયમાં પ્રભુમિલન માટેની ઉત્કંઠા છે.

વનમાં વિવિધ પ્રકારનાં ફૂલ ખીલ્યાં છે. જાઈ, જૂઈ, કરેણ, બકુલ, માલતી, ચંપો. સખીઓ ફૂલ ચૂંટે છે. કોઈ સખી ફૂલની માળા બનાવે છે. કોઈ એકબીજાના કેશમાં વેણી ગૂંથે છે. કોઈ ફૂલોની ગેંદ બનાવે છે. મઝાનાં ગીતો ગાય છે. પરસ્પર હાસ્યવિનોદ ચાલે છે.

વનમાં ગોચારણ માટે પધારેલ શ્યામસુંદરને આ વાતની ખબર પડે છે. ગ્વાલબાલોને ગાયોનું ધ્યાન રાખવાનું કહીને, મૈયાએ મોકલેલી છાક હજુ કેમ નથી આવી એ હું જરા જોઈ આવું, એવું મિષ કરીને સખીઓ ફૂલ ચૂંટે છે ત્યાં પધારે છે. ફૂલના દડાથી ખેલતા પધારે છે. દડો સખીઓની વચ્ચે જઈને પડે છે. દડો શોધવાના બહાને શ્યામજી પણ ત્યાં પહોંચી જાય છે. અજાણ્યા થઈને પૂછે છે :

અરી તુમ કૌન હૌરી બનમેં ફૂલવા બીનનહારી
યા બનમેં હમ સદા બસત હૈ હમહી કરત રખવારી.

લલિતાજી કહે છે : 'મહારાજ, આ વૃષભાનકુમારી રાધિકાજી છે. અમે સાંઝીનાં ફૂલ લેવા આવ્યાં છીએ.'

સાંઝીનું નામ સાંભળતાં નંદલાલ કહે છે : 'સખીઓ, તમને ખબર છે મને સાંઝી પાડતા ખૂબ સુંદર આવડે છે. તમે કહો તો આજે હું તમને સાંઝી પાડી આપું.'

લાલ કહ્યો મોકો આછી આવે, દેખો મેરી રીતિ.

બધાં સંમત થઈ ગયાં. આજે નંદલાલ પાસે સાંઝી પડાવવી. પણ પ્રશ્ન થયો સાંઝી પૂજન તો સખીઓ કરે. બધી સખીઓની સાથે શ્યામજીને કેવી રીતે લઈ જવા?

સબન કહ્યો કૈસે લે ચલિયે, એકન કહ્યો ઉપાય.
પહિરાવો આભૂષણ સારી, કરિયે સખી સજાય.

એક સખીએ ઉપાય બતાવ્યો. શ્યામજીને સાંવરી સખી બનાવી દઈએ. સુંદર આભૂષણોથી સજાવી દઈએ. શ્યામા સખી નામ આપી દઈએ. મા ઓળખી નહિ શકે. આપણી સાથે પધારી આપણને સુંદર સાંઝી બનાવી આપશે.

બધાંને આ વાત ગમી ગઈ. શ્રી ઠાકોરજી આ મિષે પોતાને ઘેર પધારશે એ વિચારથી વૃષભાનકુમારી રાધિકાજી પ્રસન્નતા અનુભવી રહ્યાં.

શ્રી ઠાકોરજીને નિકુંજમાં પધરાવ્યા. પીતાંબરને બદલે નીલાંબર પહેરાવ્યું. ગજમોતીની માળાઓ ધારણ કરાવી. સૌએ ઉમંગથી શૃંગાર કર્યા. શ્યામજી શ્યામા સખી બન્યા.

બધાંએ ફૂલની છાબડીઓ ભરી લીધી. ઉપર સુંદર પીળાં વસ્ત્રો ઢાંકી દીધાં. કોઈએ છાબડી મસ્તક ઉપર મૂકી, કોઈએ શ્રી હસ્તમાં, તો કોઈએ કટિ ઉપર લીધી.

શ્રી રાધિકાજી અને શ્યામાજી એકબીજાનો શ્રી હસ્ત પકડી સૌની આગળ થયાં. મધુર સ્વરે ગીતો ગાતાં ગાતાં સૌ ઘર તરફ ચાલ્યાં.

કીર્તિજીને ખબર પહોંચ્યા. આરતી સાજીને દ્વાર ઉપર આવ્યાં. કુંવરીની સાથે અજાણી સખીને જોઈને પૂછે છે : 'લલી, આ તારી સાથે કોણ છે? તમારી બંનેની જોડી બહુ સુંદર જામે છે.'

'મૈયા, આ શ્યામા છે. નંદગામથી આવી છે. એ સાંઝી ચીતરવામાં ખૂબ કુશળ છે. અમને એ સુંદર સાંઝી પાડી આપવાની છે એટલે એને હું મારી સાથે લઈ આવી છું.'

કીર્તિજી કુંવરીની વાતથી હરખાયાં. આરતી કરી. બધાંને અંદર બોલાવ્યાં. 'આવો, બધાં સાથે મળીને સાંઝી પૂજન કરો.'

સખીઓએ ગોબર, માટી, ચંદન મેળવીને જમીન ઉપર લીંપણ કર્યું. બાકીની સખીઓ આજુબાજુ ઊભી રહીને હાથમાં ગેંદ લઈ સાંઝી ગીતો ગાવા લાગી. શ્રી હરિરાય મહાપ્રભુજી આ લીલાનાં દર્શન કરતા ગયા છે:

મૃગમદ ચંદન કેસરસોં શ્યામાજુલીપી ભીત ।
કામધેનુ કે ગોબરસોં, રચિ સાંઝી ફૂલન ચીત ॥

શ્રી રાધિકાજી અને શ્યામાજીએ ફૂલો વડે સુંદર સાંઝી પૂરી પૂજન કર્યું. ધૂપ દીપ કરી ભોગ ધર્યો. આરતી કરી. શીશ નમાવી સૌ સખીઓએ આશિષ માગ્યા. સૌને ખૂબ આનંદ થયો. સૂરદાસજીએ આ લીલાનું વર્ણન કરતા કહ્યું :

કરસોં કર રાધા સંગ શોભિત, સાંઝી ચીતી જાય ।
ખટરસકે બિંજન અરપે, તબ મન અભિલાષ પૂજાય ॥૧॥
કીરતિરાની લેત બલૈયા, વિધિસોં વિનય સુનાય ।
સૂરદાસ અવિચલ યહ જોરી, મુખ નિરખત ન અઘાય ॥૨॥

બીજું એક કીર્તન પણ જોઈએ.

શ્રીરાધે વૃષભાન લલી સાંઝી ભલી બન આઈ રે ।
બરન બરન ફૂલ બીનકે અપને હાથ બનાઈ રે ॥૧॥
નંદગામ તે સખી ભેખ લે આયે કુંવર કન્હાઈ રે ।
પુરુષોત્તમ પ્રભુકી છબી નીરખત નૈના અતિ સચુ પાઈરે ॥૨॥

કીર્તિજીએ સૌ સખીજનોને ભોજન કરાવી વિદાય આપી. પરંતુ શ્યામા સખીને કહે છે : 'બહેન, તારું ઘર બહુ દૂર છે. અત્યારે રાત્રે બહુ મોડું થયું છે. તું એકલી નંદગામ કેવી રીતે જઈશ? તું અહીં રોકાઈ જા. સવારે જજે. મારી દીકરીને પણ તારી સાથે ફાવી ગયું છે. તે પણ ખુશ થશે.'

શ્યામજીને તો એટલું જ જોઈતું હતું. રોકાઈ ગયા. આનંદમાં રાત્રિ પસાર કરી સવારે નંદગામ પધાર્યા. પ્રભુ ઘેર પધાર્યા ત્યારે માતા યશોદા પૂછે છે, 'લાલા, આખી રાત તું ક્યાં ગયો હતો?' ત્યારે પ્રભુએ ચતુરાઈથી જવાબ આપ્યો. શ્રી દ્વારકેશજી મહારાજ આ લીલાનાં દર્શન કરતા ગાય છે :

જસુમતિ પૂછત કહાં રહે, લાલન કહી બનાય.



દૌરી ગાય ગઈ તાપાછેં ગોવર્ધન લિયૌ બુલાય.
આછે ફલ લૈ મોહિ ખવાયે સોય રહ્યો તા પાસ
'દ્વારકેશ' પ્રભુકી બતિયાઁ સુનિ જસુમતિ આયૌ હાસ.

૪. સાંઝીની ભાવ ભાવના :

શ્રી હરિરાયજીએ સાંઝીની ભાવના નીચે પ્રમાણે સમજાવી છે. પુષ્ટિ માર્ગમાં સાંઝી ચાર પ્રકારની થાય છે.

(૧) ફૂલની સાંઝી - અનેક પ્રકારનાં રંગબેરંગી ફુલોથી સાંઝી સજાવાય છે. ત્યાં પ્રભુ બિરાજે છે. આ સાંઝી શ્રી સ્વામિનીજીના ભાવથી રચાય છે.

(૨) કેળનાં પત્તાંની સાંઝી - કેળનાં પાનના વિવિધ આકારો બનાવી ચોર્યાસી કોસ વ્રજયાત્રાની લીલા કલાત્મક રીતે રચાય છે. આમાં વ્રજનાં સ્થળો અને લીલાઓ દર્શાવાય છે. આ સાંઝી કેળનાં પત્તાંને કોતરીને ખૂબ સુંદર રીતે શ્રી નાથદ્વારામાં હાથીપોળ પાસે મંડાય છે. આ સાંઝી શ્રી ચંદ્રાવલીજીની ભાવનાથી રચાય છે.

(૩) રંગોની સાંઝી - કાપડ ઉપર અથવા મોટા પાટ ઉપર વિવિધ રંગનો ઉપયોગ કરી બીબાંની મદદથી આ સાંઝી રચાય છે. આમાં પણ વ્રજલીલા દર્શાવાય છે. આ સાંઝી કુમારિકાઓના ભાવથી રચાય છે.

(૪) જલની નીચે રંગોથી બનતી સાંઝી - મોટી કથરોટમાં જળની નીચે સુંદર રંગોથી કલાત્મક સાંઝી રચાય છે. આ સાંઝી શ્રી યમુનાજીના ભાવથી રચાય છે.

સંધ્યા દેવીના પૂજનના બહાને સાંઝી મંડાતી હોવા છતાં વ્રજલીલા અને વ્રજલીલાનાં સ્થાનો દર્શાવાય છે કારણ પ્રભુ વ્રજરાજ છે. તેઓ સર્વ લીલા વ્રજમાં કરે છે. સ્વયં સખી રૂપ લઈને શ્યામા સખી બન્યા છે. તેથી તેમને પૂજાય છે. વળી વ્રજ પણ દેવી-વનદેવીનું જ સ્વરૂપ છે.

૫. સાંઝી કલાનો વારસો :

શ્રી ઠાકોરજીની લીલાઓ નિત્ય છે. નિત્ય લીલા નિત્ય નૌતમ.

આજે પણ મંદિરોમાં અને વૈષ્ણવોને ત્યાં ગૃહસેવામાં આ દિવસોમાં સાંજે રંગોથી અથવા ફૂલોથી સાંઝી પડાય છે. આજે વૈષ્ણવોને ત્યાં સાંજની સેવાનો પ્રકાર ઓછો થતો જાય છે. એના પરિણામે સાંઝીની કલા વિસરાતી જતી જોવા મળે છે. ઘણા વૈષ્ણવોને સાંઝી વિશે કે તેનાં બીબાં વિશે ખ્યાલ હોતો નથી. જૂનાં બીબાં જાળવવાનું અને નવાં બીબાં બનાવવાનું કાર્ય ખાસ થતું હોય તેવું જોવા મળતું નથી. બીબાં બનાવવાની અને સાંઝી પાડવાની વિસરાતી જતી, લુપ્ત થતી જતી, કલાને પુનર્જીવિત કરવાની જરૂર છે.

हमें उत्सव क्यों मनाना चाहिये?

विजातीय शिक्षा तथा संग-दोष ने हमें इस परिणाम पर पहूंचा दिया है कि हम हमारे उत्सवो की निरर्थक, आदर्श रहित अथवा मिथ्याडम्बर युक्तरान बैठते हैं। यही कारण है कि हमें उत्सवों में सम्मिलित होने का उत्साह ही नहीं होता। हमारा यह उत्साह दिनों दिन घटता ही जाता हैं। इस कारण हमें यहां इन बातों का विचार सबके पहेले कर लेना चाहिये। क्या वास्तवमें हमारे उत्सव निरर्थक आदर्श रहित अथवा मिथ्या आडम्बर युक्त ही हैं? या ऐसा हमारा भ्रम मात्र है? उत्सव यदि वास्तव में निरर्थक होते तो हरएक जाति और हरएक धर्म में इनका मनाना विधेय न होता। यदि ये आदर्श रहित होते तो आजके भी समय में लोग नये नये रुपों सें नये नये उत्सव न मनाते। अब यह देखना है कि क्या ये किसी भी अंश में मिथ्या आडम्बर युक्त हैं? जनता के चित्त को आकर्षित करने के लिये अवश्यमेव आडम्बर की आवश्यकता होती है, कारण लौकिकासक्त जनता आडम्बर प्रिय होती है। अब रही सत्यासत्य की बात सो यह नियोजक तथा दर्शक की अपनी अपनी योग्यता पर निरभर है। यह हमें मानना ही पडेगा कि हरएक उत्सव में मिथ्या आडम्बर की धारणा भी हमारा भ्रम मात्र ही हैं। यह भ्रम हममें कहां से आ जाता है? विचारने पर लौकिक की चिन्ता ही इसका मूल कारण पाते हैं। लौकिक की चिन्ता से मन दुर्बल हो जाता है। और मन की दुर्बलता ही हमें निरुत्साही बना देती है। साथ ही लौकिक का वेग दिनोंदिन प्रबल होता जाता है और अलौकिक से संबंध छूटता जाता है जिसके फल स्वरूप भावोंका भी विकास होना बंद हो जाता है। ईस दशामें रसकी उत्पत्ति हो तो कहां से हो? महाप्रभु श्री वल्लभाचार्यजीने इसी ओर ध्यान रखते हुए आज्ञा कि है कि "चिन्ता कापि न कार्या" अर्थात् चिन्ता किसी भी प्रकार की न करनी। "कियो सब गोपाल ही को होय" जब इस बात पर दृढता हो जाय तभी चिन्ता पास नहीं आने पाती। लौकिक की चिन्ता से बचने के लिये ही अलौकिक की आवश्यकता पडती है। अलौकिक आनन्द अर्थात् अदृश्य आनन्द। यह अदृश्य आनन्द की प्राप्ति अलौकिक से संबंध रखने वाले ही उत्सव में सम्यक रूप से सम्मिलित होने पर होती है। अदृश्य आनन्द ही सच्चा आनन्द है कारण वो ही आत्मा की प्यास को तृप्त करता है। दृश्यमान आनन्द केवल इन्द्रियों से ही संबंध रखता है, इनका संबंध आत्मा से कदाचित् ही होता हैं। इसी ओर ध्यान रखते हुए ही उत्सवो के भीतर एक अदृश्य आनन्द प्राप्ति की लिप्सा छिपी होती है। दूसरे महत चरित्रों के अवगाहन द्वारा उनके पदाक्डानुसरणका भी औसर प्राप्त होता है। इन्हीं मुख्य कारणों से हमें उत्सव अवश्य मनाना चाहिये।

हम दूसरों के उत्सवो में सहर्ष सम्मिलित होते हैं। परन्तु अपने उत्सवो को घृणा अथवा अवहेलना की दृष्टि से ही देखते हैं। इसका प्रथम कारण विजातिय शिक्षा ही है। द्वितीय हमें उत्सवो के तत्त्वों को सम्यक रूपसे समझाया नहीं जाता अथवा लौकिक चिन्ता में लिप्त रहनेके कारण उन्हें समझने का अवसर ही प्राप्त नहीं होता। इतना ही क्यों अहर्निश ये ही बातें जनता के मास्तिश्क में भरी जा रही हैं कि हमारे उत्सवो में ठौर ठौर अश्लीलता की मात्रा है। इन्हीं कारणों से जनता इनके गूढ रहस्यों को भेद न कर विकृत दृष्टि द्वारा अपने उत्सवो को निहारती है तथा दिनो दिन इनकी और से उदासीन होती जाती है। शुद्ध चित्त दृष्टि एवं निरपेक्ष भाव से विचारने से हमारे उत्सवो में कहीं भी अश्लीलता से बचने के ही सुगम मार्ग दृष्टिगोचर होते हैं। अपने उत्सवो में अश्लीलता देखने वालों से क्या हम पूछ सकते हैं कि उने विजातीय उत्सवों में अपने अश्लील भावो के पोषण के निमित्त ही क्या सम्मिलित नहीं होते? क्या उनमें अश्लीलता नहीं दीखती?

बात यह है कि प्राचीन प्रचलित उत्सवो के सदा से ही शुद्ध भाव रहे हैं। यह हमारी दृष्टि के ही विकार का कारण है कि हमें उत्सवो में अश्लीलता दीखने लगती है। हमें और विशेष नहीं कहना है। आप से केवल इतनी ही प्रार्थना है कि आपके विचार जैसे भी हों आप को अपने उत्सवो मे अवश्यमेव सम्मिलित होना चाहिये। कारण यह आप की निजी सम्पत्ति है, आपके विकृत भावों को सुधारनेवाले हैं।

(साभार : वेणुधर)







ફોટોગ્રાફી - ગોપાલદાસ (ભરૂચ)

બિટોરા - ગોબર સાંઝીની યાદ

ગત સો વર્ષોથી સાંઝી કલા ધીમે ધીમે ભુલાઈ રહી છે, ત્યારે વ્રજમંડળ (વ્રજભૂમિ)નાં બિટોરા ગોબરની સાંઝીની યાદ અપાવે છે. બિટોરાને જોઈએ છીએ, ત્યારે બિટોરા કહે છે કે ''સમય પાછો આવશે જ્યારે મને યાદ કરીને (જોઈને) આવનાર પેઢી ફરીથી સાંઝી કલાના વારસાને ઓળખશે અને આપણી પ્રાચીન સંસ્કૃતિને ફરીથી ઉજાગર (ઉજ્જ્વળ) કરવાનો પ્રયત્ન કરશે.''

'સાંઝી' આપણી પ્રાચીન પરંપરા છે. તે આપણી અમૂલ્ય સંસ્કૃતિનો વારસો છે, જે ક્યારે પણ લુપ્ત થતો નથી. સાંઝી કલાની સ્મૃતિ આજે વ્રજના બિટોરામાં જળવાઈ રહી છે. બિટોરાની સુંદરતા અમે પૂ. ગોસ્વામી શ્રી રવિકુમારજી મહારાજશ્રી સાથેની વ્રજ પરિક્રમા સમયે જોઈ. આપશ્રીએ બિટોરા સાથેના સાંઝી સંબંધને માન્યતા આપી. આપની પ્રેરણા સ્વરૂપે બિટોરાની ઓળખ આ ગ્રંથમાં શક્ય બની છે.



ફોટોગ્રાફી - ગોપાલદાસ (ભરૂચ)

બિટોરા :

ગોબરની સાંઝીના સ્વરૂપની ઝાંખી કરાવતી અનોખી કલાકૃતિ. આ વ્રજની અમૂલ્ય કલાત્મક કલાકૃતિમાં સચવાઈ છે, જળવાઈ છે.





ફોટોગ્રાફી - ગોપાલદાસ (ભરૂચ)

બિટોરા :

વ્રજ-ગોધન-ગાયનાં છાણાં (કંડા) સંગ્રહ કરવાની તિજોરીને વ્રજમાં બિટોરા કહે છે.







ફોટોગ્રાફી - ગોપાલદાસ (ભરૂચ)

બિટોરા :

ગાયનાં સૂકાં છાણાંનો સંગ્રહ કરવાની અનોખી રીત અને ગોધનની અનોખી પ્રીત, જેમાં જળવાઈ રહી છે સાંઝીની છાપ.





ફોટોગ્રાફી - ગોપાલદાસ (ભરૂચ)

બિટોરા - આધુનિક વિજ્ઞાન - જીવન પદ્ધતિ

વસ્તી વધારામાં ભૂધનનો વ્યય થઈ રહ્યો છે. તેમાં બિટોરા જેવી લોકકલા કૃતિઓ આપણને શિખામણ આપે છે. મારી ઉપયોગિતાને સ્વીકારો, મારી અંદર આધુનિકતા પણ છે.

પ્રાચીન પદ્ધતિમાં ઘરની અંદર-બહાર દીવાલો ઉપર અને ફર્શ અને આગણાંમાં ગોબરથી (ગાયના છાણથી) લીપણ કરવામાં આવતું. ઘરમાં સગડી-પનિહારું-અનાજ ભરવાનો કોઠાર અને અનાજ દળવાની ઘંટી ઉપર પણ ગાયનાં છાણનું લીપણ કરવામાં આવતું.

તદુપરાંત રોજના સેવા, જપ, પાઠ ઇત્યાદિકના ક્રિયાકલાપમાં પણ આ સૌથી ઉત્તમ આસન રૂપ પવિત્ર સ્થાન બની જાય છે. જે ગાયના ગોબરથી પૂર્વમાં, પ્રથમ, પ્રારંભથી જ બધી જ આચાર્યજીની બેઠકોમાં ગાદીના સ્થાને આ જ પ્રકારે લીપણની ભાવના (પ્રથા) છે.

તદ્ઉપરાંત વિજ્ઞાન સિદ્ધ વાત છે કે આવા લીપણથી ભૌતિકતાની દૃષ્ટિએ આપણને શુદ્ધ કિટાણુ રહિત વાતાવરણ મળે છે. શાસ્ત્રોક્ત તથા વેદોક્ત પ્રકારથી ગાયનાં આ ગોબર (મલમૂત્ર)ને ગોધન કહેવામાં આવે છે જે સાત્ત્વિક, સાક્ષાત્ લક્ષ્મીનું સ્વરૂપ છે. જે ગોધનને સંગ્રહ કરવાની તિજોરીને બિટોરા કહે છે. ✿

ભારત વર્ષની પ્રાચીન સાંઝી :

ભારત વર્ષની અતિ પ્રાચીન ઋગ્વેદકાલીન યજ્ઞોની જે પ્રક્રિયા હતી, તે યજ્ઞ કરવાની વેદીની ચારે બાજુએ રંગોળી કરવામાં આવતી. તે સમયથી તેનો શુભ આરંભ થયો છે, કેમ કે યજ્ઞવેદીની રચનામાં ઋષિઓ પુષ્પો અને હળદર સાથે સૂકા લોટનું સંમિશ્રણ કરીને રંગોળી(સાંઝી) સિદ્ધ કરતા હતા. યજ્ઞવેદીમાં ઋષિઓ દેવી-દેવતાઓને આહુતિ આપતા. જે આહુતિઓનો સ્વીકાર કરવા માટે, દેવી-દેવતાઓ સ્વયં યજ્ઞવેદીમાંથી પ્રગટ થતા. તેઓનું આગમન અને તેમનું સ્વાગત કરવા માટે ઋષિઓ સાંઝીની રચના કરતા.

સાંઝી - પૃથ્વી પરિક્રમા :

સાંઝીને ભાવશાસ્ત્રમાં પૃથ્વી પરિક્રમાનું મોટું ફળ કહ્યું છે. શ્રી મહાપ્રભુજીએ ત્રણ વાર પૃથ્વી પરિક્રમા કરી છે. તેમ કરવાથી બધાં તીર્થોની યાત્રા કરવાનું ફળ પ્રાપ્ત થાય છે. બીજા યુગોમાં આયુષ્યબળ વધારે હતું. પરંતુ કળિયુગમાં તે ઓછું છે. ઉપરાંત ક્યાં સુધી આયુષ્ય ટકશે એનું પણ કોઈ નિયામક નથી. મોટા બેઠા હોય અને નાના ચાલ્યા જાય માટે આ પૃથ્વી પરિક્રમા કરવી મોટે ભાગે રહી જ જાય છે. તેમાં બીજાઓ તો હજી કરી શકે, પરંતુ કુમારિકાઓને માટે આ કાર્ય ઘણું મુશ્કેલ છે. માટે તેઓ ભાદરવા માસમાં વ્રત કરે, સાંઝી ભરે અને તે સાંઝીની પ્રદક્ષિણા કરે એટલે પૃથ્વી પરિક્રમાનું તેમને ફળ મળે. આ રિવાજ દક્ષિણ મારવામાં અને વ્રજમાં વિશેષ છે. બાર મુખ્ય તીર્થો છે. નાનાં તીર્થો તેના અંગમાં આવી જાય છે. આ બધાં તીર્થોની ભાવનાનું જ્ઞાન ન હોય, તે બધાંની યાત્રા કરવાનું સામર્થ્ય ન હોય માટે આ સાંઝી. તેથી બધાં તીર્થોની યાત્રા કરવાનું ફળ મળે છે.

ભાદરવા સુદ ૧૩ થી વદ ૧૩ સુધી આ સાંઝી ભરાય છે. વદ ૧૪ને દહાડે કોટ તૈયાર કરે છે. આ કોટ એ વિરાટ સ્વરૂપના ભાવથી છે. તેમાં સાત સ્વર્ગો, સૂર્ય, ચંદ્ર, ભૂમંડલ, પર્વતો, નદીઓ, સમુદ્રો, પશુ, પક્ષી, મીન, નર, નારી, કલ્પવૃક્ષ, કામધેનુ વગેરે વગેરે ચીતરવામાં આવે છે. કોટને ભોગ ધરે છે. તેની આસપાસ કુમારિકાઓ બેસે છે અને મંગળ ગાય છે, તેની આરતી કરે છે, પરિક્રમા કરે છે, દંડવત્ કરે છે અને આનંદ માણે છે. આ લૌકિક અને અલૌકિક ભાવના.

(વચનામૃતો તથા પ્રસંગોમાંથી સાભાર)





ગોબરની સાંઝી (વ્રજમંડળ)

भक्ति-काव्य में सांझी का कथन

साँझी - आश्विन मास के पितृपक्ष का सबसे प्रसिद्ध समारोह 'साँझी' का आयोजन है। इसे ब्रज में धार्मिक उत्सव, लोक-त्यौहार और कलात्मक प्रदर्शन आदि कई रूपों में सम्पन्न किया जाता है। 'साँझी' ब्रज की एक लोकदेवी है। साँझी (संध्या) के समय पूजी जाने के कारण कदाचित इसका यह नाम पड़ा है। 'साँझी' सम्भवत: गौरी-पार्वती का ही एक लोकप्रसिद्ध रूप है। आश्विन के प्रथम पखवाड़े में इसके पूजन की ब्रज में बड़ी धूम-धाम रहती है। ब्रज के धर्माचार्यों और भक्त कवियों ने साँझी की लोक-पूजा की। राधा-कृष्णोपासना से भी जोड़ दिया है। इसके कलात्मक रूप की झाँकी ब्रज के मन्दिर-देवालयों में मिलती है और इसका भक्तिपूर्ण कथन ब्रज भाषा काव्य में हुआ है।

मन्दिरों में साँझी का प्रदर्शन - ब्रज के मन्दिरों और सांस्कृतिक स्थलों में साँझी का प्रदर्शन सूखे रंगों तथा कागज के 'साँचों' (खाकों) द्वारा अत्यन्त कलात्मक ढंग से किया जाता है। कागज के कटे हुए साँचों पर विविध प्रकार के सूखे रंग छिड़क कर उनके द्वारा बेल-बूंटे, फूल-पत्ती, पशु-पक्षी, कुंड-सरोवर, नगर-गाँव आदि का चित्रण किया जाता है। उसके साथ ही देव-मूर्तियों और श्री कृष्ण-लीला के विविध प्रसंग भी चित्रित किये जाते हैं। यह साँझी पितृपक्ष के १५ दिनों तक, विशेष कर क्वार वदी ११ से १५ तक बनाई जाती है, और यह ब्रज की एक विशिष्ट लोक कला का प्रतिनिधित्व करती है। इस प्रकार की साँझी मन्दिरों के अतिरिक्त ब्रज के कतिपय कलाप्रिय सम्पन्न घरानों में भी बनती है। इनमें मथुरा के ज्योतिषी बाबा घराने की साँझी अधिक प्रसिद्ध थी। अब अधिकांश स्थलों में इसका बनना बन्द हो गया है, जिसके कारण परंपरा से सुरक्षित कलापूर्ण साँचे भी नष्ट होते जा रहे हैं। ब्रज की इस लोक कला की अवनति खेदजनक है।

भक्ति-काव्य में साँझी का कथन - ब्रज के भक्त-कवियों की रचनाओं में राधा-कृष्ण द्वारा साँझी खेलने का भक्तिपूर्ण कथन किया गया है। राधा जी के उपासक वृन्दावन के भक्ति-कवियों ने 'साँझी लीला' के अनेक लम्बे पदों की रचना की है। यहाँ ऐसे एक पद का कुछ अंश प्रस्तुत है :

रंग रंगीली लाड़िली, प्यारी खेलति साँझ हो।
लिए ललित सग सहचरी, नव कुंजमहल के माँझ हो।।
लाल रसाल रुमाल मांहि लै फूले फूल सुरंग हो।
मदन सदन कों रवन चले, रचि रचित तलप नवरंग हो॥
तब लगि ललिता ललित लली सों, कही बात हित जानी।
सुनौ कुँवरि मिलि खेलै साँझी, यहै खेल रस खानी।।
सुनत सखी के वचन छबीली, फूलि उठी मन माँहि।
रसकि-झमकि चमकति चपला सी, हँसि-हँसि परति उमाँहि॥
अलबेली इक धाई आई कहति स्याम सों बैन।
चलौ कुँवरि कौ कौतुक देखौ, सफल करौ निज नैन।।
अरबराइ चले लाल ख्याल हित, बाल भेष धरि मीति।।
मनौ बाल के ध्यान लाल भयौ, कीट-भृंग की रीति॥
यौं कौतूहल करति सहचरी, नितप्रति चोज बढ़ाय।
सदा सखी दम्पति के सुख सों, और न इन्हें सुहाय॥
जो यह साँझी पढ़ै - पढ़ावै, गावै हित के भाय।
'प्रेमदास' सों साझौ पावै, या साँझी में आय।।

साँझी का लोकोत्सव - ब्रज की बालिकाओं के लिये साँझी का लोकोत्सव प्रसिद्ध खेल है। इसमें उनके मनोरंजन के साथ ही साथ लोक कला के आकर्षक रूप की झाँकी भी मिलती है। पितृ पक्ष के आते ही ब्रज की छोटी-छोटी बालिकाएँ घर की दीवारों पर गोबर, फूल, पत्ती आदि से साँझी का चित्रण करती हैं। यह चित्रण १५ दिनों तक प्रतिदिन नये नये रूपों



રાધારમણ મંદિર - વૃંદાવન

में किया जाता है। संध्या को साँझी की आरती कर उसका पूजन होता है तथा भोग लगाया जाता है। दूसरे दिन पहिले चित्रण को हटा कर फिर नया चित्रण कर दिया जाता है। अन्तिम दिन अमावस को साँझी का एक बड़ा प्रकार, जिसे 'कोट' कहते हैं और जो नरवर कोट का प्रतिरूप है, बड़े कलात्मक ढंग से चित्रण किया जाता है। इसे गोबर, फूल, कौडी, पीतरपन्नी और सफेदी से बनाया जाता है। साँझी-पूजन में बालिकाओं की यह मनोकामना रहती है कि उन्हें साँझी माता की कृपा से योग्य वर और चिर सौभाग्य की प्राप्ति हो तथा उनका दाम्पत्य जीवन सुखी और समृद्ध रहे। साँझी के चित्रण में प्रतिदिन जिन नये-नये भावों का प्रदर्शन किया जाता है, उनका क्रम इस प्रकार है -

''प्रथम दिन भाद्रपद शुक्ला पूर्णिमा को वीरन बेटी (साँझी का पीहर का नाम) बनाई जाती है और ५ (पांच) थापिये रखे जाते है। जो साँझी के ससुराल से पितृगृह आगमन के सूचक हैं। दूसरे दिन एक डोले में बैठी स्त्री बनाई जाती है, जो उसके पीहर में पदार्पण की प्रतीक है। तीसरे-चौथे दिन तिवारी बना कर साँझी को उसमें बैठाते हैं। पाँचवें दिन चतुर्थी को चौपड बनाई जाती है। छटवें दिन पंचमी को पान-सुपाड़ी तथा सातवें दिन छट को मिठाई से भरी एक डलिया बनाई जाती है और इस प्रकार साँझी को सत्कार प्रदान कर स्वादिष्ट व्यंजनों द्वारा सन्तुष्ट किया जाता है। आठवें दिन सप्तमी को मंगल सूचक स्वस्तिक चिह्न अंकित किये जाते हैं। अष्टमी को नवें दिन अठकलिया फूल तथा नवमी को दसवें दिन नाव अथवा नारियल द्वारा प्राकृतिक भ्रमण, ग्यारहवें दिन दशमी को दस पान बना कर साँझी को प्रिय वस्तु तथा एकादशी को २१ सिंघाड़े बना कर उसे व्रत की सामग्री प्रदान की जाती हैं। घर में होने वाले बड़े श्राद्ध से एक दिन पूर्व पातर-दौना बनाये जाते हैं, जो साँझी के परिवार में होने वाले श्राद्ध के सूचक है। द्वादशी को साँझी को फरिया ओढ़नी पहिनाने का प्रलोभन दिया जाता है, किंतु पति की स्मृति में बेसूध वह इन सबसे सन्तुष्ट प्रतीत नहीं होती और त्रयोदशी को चौदहवें दिन पति के वियोग में व्याकुल होकर नसेंनी या खजूर के पेड़ पर चढ़ कर यह निहारती है कि उसके पति के देश से कोई आ तो नहीं रहा। पंद्रहवें दिन एक लंगड़ा ब्राह्मण और कौवा बनाये जाते हैं, जो साँझी के आगमन की सूचना देते हैं। अन्तिम दिन अमावस्या को 'नगर कोट' बनाया जाता है। इसमें साँझी तथा उसके पति के चेहरे लगाये जाते हैं। यह 'कोट' साँझी तथा उसके पति के मिलन का प्रतीक होता है। कोट मिट्टी द्वारा बनाये गये आभूषणों, कौड़ी, कटोरी, शीशे के टुकड़ों, चांदी के रुपयों, पन्नी आदि से सुसज्जित किया जाता है। साँझी का पूजन अविवाहिताएँ करती है, किंतु विवाह हो जाने के पश्चात् भी केवल प्रथम वर्ष में साँझी का उद्यापन करती हैं। अमावस्या को 'नटवर कोट' का पूजन कर 'बधाए' गाये जाते हैं। विजया दशमी को उसे दीवाल पर से उचाल कर किसी जल-स्थान में 'सिरा' (विसर्जित कर) दिया जाता है। सांझी लोक कला के आंकिक रूप का उदाहरण है। उसकी एक अनूठी विशेषता यह है कि उसमें रेखांकन द्वारा एक सुनियोजित भाव प्रस्तुत किया जाता है। 'साँझी' में सांझी के ससुराल के आगमन से लेकर पति-मिलन तक की क्रमबद्ध घटनाएं बड़ी ही सुन्दरता एवं कुशलता पूर्वक चित्रित की जाती हैं। सहज सुलभ साधनों से लोक-शैली में चित्रित सांझी की मनोरम कला-कृतियां निस्सन्देह ब्रज लोक कला की अमूल्य निधि ही नहीं, बालिकाओं के कला-प्रदर्शन का माध्यम भी है।''

('धर्मयुग' में प्रकाशित श्री मोहन स्वरूप भाटिया का लेख।)

सांझी की पूजा-आरती करते समय ब्रज की बालिकाएँ अनेक लोक-गीत गाती हैं, जिनमें उनकी भोली-भाली बालभावना व्यक्त होती है। कुछ गीत इस प्रकार हैं -

१. *जाग माई, जाग माई, खोल किवाड़। मैं आई तेरे पूजन द्वार ॥*
पूजि-पुजंतर बेटी, का फल माँगे? भैया-भतीजे सम्पत्ति होइ।
भैया चाहिएँ नौ-दस-बीस। भतीजे चाहिएँ पूरे बत्तीस॥

२. *साँझी भैना री, का ओढ़ैगी, का पहिरैगी, काहे कौ सीस गुँथावैगी?*
मैं तौ सालू ओढूंगी, मिसरू पहिरूंगी, मोतियन की माँग भराऊंगी।

साँझी के साथ साँझा का भी उल्लेख इन गीतों में किया जाता है और 'कोट' में तो उसका चेहरा भी साँझी के चेहरे के साथ लगाया जाता है। साधारणतया सांझा को सांझी का पति माना जाता हैं, किन्तु एक लोकगीत में उसे अपने भाई के रुप में कथित किया गया है -

वो जैमें मेरे साँझालाल भाई जी, विनकी आँखे लाल कटारी सी।
केसरिया बागौ पहिरे जी, वे तौ दादा जी के कुमर कहावें जी॥

बालिकाओं के अतिरिक्त ब्रज के बालक भी सांझी बनाते हैं। उनकी



ફોટો : ગોપાલદાસ

ટેસુ - ઝાઁઝી

सांझी मिट्टी के एक छोटे चौकोर चबूतरे पर कागज के कटे हुए 'सांचों' द्वारा सूखे रंग छिड़क कर बनाई जाती है। यह भी पितृ पक्ष के १५ दिनों तक चलती है। संध्या को बालक भी पूजा-आरती करते हैं और भोग लगाते हैं।

टेसू तथा साँझी – ब्रज के ग्रामीण बालक और बालिकाएँ इन दिनों सांझी के साथ ही साथ टेसू और सांझी के विनोदात्मक खेल भी किया करते हैं। टेसू बालकों का खेल है और सांझी बालिकाओं का। ये खेल सामूहिक रूप से मोहल्लों के बालक तथा बालिकाओं द्वारा किये जाते हैं और पितृ पक्ष में इनकी बड़ी धूम रहती है।

टेसू – यह एक खिलौना होता है, जो बांस की तीन पतली तीलियों (खपच्चियों) पर मिट्टी के बने एक पुरुष के चेहरे को रख कर बनाया जाता है। यह विचित्र खिलौना महाभारत कालीन एक योद्धा बभ्रुवाहन का प्रतीक माना जाता है। बभ्रुवाहन का कटा हुआ सिर एक शमी (छोंकर) के वृक्ष पर रख दिया गया था और उसे यह वरदान दिया था कि वह मरने के उपरांत भी कटे हुये सिर से महाभारत का युद्ध भी देखता रहेगा। टेसू का पुरुष चेहरा जहाँ बभ्रुवाहन के सिर का प्रतीक है, वहाँ बांस की तीलियां शमी के वृक्ष को प्रकट करती हैं। दशहरा के अवसर पर शमी (छोंकर) के पूजने की कथा भी प्रचलित है।

ब्रज के बालक गण सायंकाल को टेसू लेकर और उस पर दिया जला कर मुहल्लों में प्रत्येक घर के दरवाजे पर जाते हैं और वहाँ टेसू के गीत गा कर कुछ पैसे प्राप्त करते हैं। टेसू के बाल-गीतों में अद्भुत, ऊटपटांग और बे सिर-पैर की बातें होती हैं। उनका एक लोकगीत इस प्रकार है –

टेसूराय घन्टार बजइयो। नौ नगरी, दस गाँव बसइयो॥
बसिगे तीतर, बसिगे मोर। हरी नैनियाँए लैगे चोर॥
चोरन के घर खेती भई। खाय नैनियां मोटी भई॥
टेसूराय की सात बोहरियाँ। नाँचें कूदें चढ़ै अटरियाँ।

झाँझी – यह मिट्टी की एक छेददार हाँड़ी होती है, जिसमें जलता हुआ दीपक रखा जाता है। हाँड़ी के छेदों में से दीपक का मन्द प्रकाश निकला रहता है। ग्रामीण बालिकाएँ उस हाँड़ी को लेकर मोहल्ले के दरवाजे जाकर गीत गाती हैं। उन बालिकाओं को इसके उपलक्ष में कुछ पैसे मिल जाते हैं। साँझी के गीत भी बड़े मनोरंजक और बे सिर-पैर के होते हैं। ऐसे ही एक गीत का कुछ अंश इस प्रकार है –

मा! भैया कहाँ-कहाँ व्याहे, पारेवरिया?
मा! भाभी कौ मुहड़ौ कैसौ, पारेवरिया?
नाक चना सी, मुँह बटुआ सौ, घूंघट में मन लाई, पारेवरिया।
थोरौ खानी, बहौत कमानी, जे जुग बीती आई, पारेवरिया।
मा! भाभी का-का लाई, पारेवरिया? आठ बिलैया,
नौ चकचूदर, सोलह मूसे लाई, पारेवरिया॥

(सौजन्य : साहित्य संस्थान, मथुरा. 'ब्रज के उत्सव, त्यौहार और मेले', लेखक : प्रभुदयाल मीतल) ❀

साँझी की तिथिक्रमानुसार आकृतियाँ (राजस्थान – श्रेत्र)


मंगल कलश (भाद्रपद्र शुक्ला पूर्णिमा)


नंगाड़ा (अश्विन कृष्ण प्रतिप्रदा)


पंखी (अश्विन कृष्ण द्वितीया)


तबारी (अश्विन कृष्ण तृतीया)


चौपर (अश्विन कृष्ण चतुर्थी)


पातल–दोना (अश्विन कृष्ण पंचमी)


फूल छाबड़ी (अश्विन कृष्ण षष्ठीः)


सातिया (अश्विन कृष्ण सप्तमी)


बांदरवाल (अश्विन कृष्ण अष्टमी)


खजुर निस्सनी (अश्विन कृष्ण नवमी)


गिरराज पर्वत (अश्विन कृष्ण दशमी)


जनेऊ जोड़ा (अश्विन कृष्ण एकादशी)

कोट (अश्विन कृष्ण द्वादशी से अमावस्या तक)



साँझी (संझया) के बारे में सामान्य जानकारी

सांझी भाद्रपद की पूर्णिमा से प्रारम्भ होती है। इसको कुँवारी कन्याएँ विशेष रुप से घर के बाहर दीवार पर बनाती हैं। इसको बनाने का मुख्य उद्देश्य कुंवारी कन्याओं द्वारा श्रेष्ठ वर की मनोकामना है।

संझया की आकृतियाँ घर के मुख्य द्वार के नजदीक दीवार पुताई कर गेरु या लाल मिट्टी से चौका (निश्चित आकृति) बनायी जाती है। इन आकृतियाँ में चाँद, सूरज, संध्यामाता, कौआ आदि की आकृतियाँ सुनिश्चित हैं। यह सभी आकृतियाँ गाय के गोबर से उकेरी जाती हैं एवं फूल पत्तियों से सजाई जाती है।

यह आकृतियाँ तिथि अनुसार संध्या के समय उकेरी जाती है। ध्यान रहे अगली आकृति उकेरते समय पहले की आकृति को कुरच कर एक जगह एकत्रित कर दें एवं नई आकृति बनाने से पहले गेरू का चौका दुबारा अवश्य लगावें। यह क्रम पूर्णिमा से एकादशी तक चलता है। द्वादशी के दिन बनाया जाने वाला कोट अमावस्या तक बना रहता है तथा नवरात्री की प्रतिपदा के दिन इस कोट को प्रातःकाल हटाया जाता है व सभी कन्याएँ एकत्रित संझया को तालाब में विसर्जीत करती हैं। इस दिन गुड–धाणी (भीगे हुए गेहूँ सेककर उसमें गुड़ मिलाकर बनाया जाता है) बनाई जाती है। इस गुड़धाणी को 15 कुलकियों (मिट्टी का बना हुआ छोटा सा पात्र) में भरकर अपनी सहेलियों तथा एक बडे कुलके में किसी लुम्ब्यो (लड़के) को दिया जाता है। इस प्रकार संझया का उद्यापन किया जाता है।

रोज प्रातः ब्रह्ममुहूर्त में उठकर कन्या को उस संझया पर बनी कौवे की आकृति को हटाना होता है। पौराणिक मान्यता है कि प्रातः उठने में यदि देरी हो जाये और कौवे की आवाज सुनाई पड जाये तो साँझी का

"साँखला एज्यूकेशन सोसायटी उदयपुर एवं पश्चिम क्षेत्र सांस्कृतिक केन्द्र, उदयपुर (राजस्थान) के संयुक्त तत्त्वावधान में" १८४

સાંજી (સાંઝી)

સાભાર : 'ગુજરાતી વિશ્વકોશ'

ઉત્તર ભારતનાં વૈષ્ણવ મંદિરોમાં પૂંઠાં, કાગળ, કાપડ કે કેળનાં પાન કાતરી-કોતરીને તેમાંથી સાંચા (બીબાં) બનાવી તે સાંચા પર કોરા કે ભીના રંગો પાથરીને નીચેની સપાટી પર નિર્ધારિત આકૃતિઓ મેળવવાની રંગોળીના જેવી કલા. વળી તેમાં કાદવ, છાણ, ઘાસ, પર્ણો, પુષ્પો, અરીસા ઇત્યાદિ ચીજો ચોંટાડવાની પ્રથા પણ રહી છે.

ઉત્તર ભારતના વિવિધ પ્રદેશોમાં જુદા જુદા સમયે કરાતી સાંજી, ભીંત તથા ભોંય(કે ફર્શ) – એમ ઊભાં તથા આડાં બંને ફલકો પર થાય છે.

ભારતમાં હિન્દુ તથા તેવી સમાંતર ધાર્મિક પરંપરા પ્રમાણે સ્ત્રીઓ તથા કન્યાઓ માટે વ્રત-વરતોલાં કરવાનું આવશ્યક મનાયું છે. વ્રતોત્સ્વોની ઉજવણી તથા કેટલીક ધાર્મિક વિધિઓના ભાગ તરીકે ભોંય પર રંગોળી કે ભીંત પર આલેખન કરવાની પ્રથા આજે પણ જળવાઈ રહી છે. લગ્ન, વાસ્તુ કે ચંડીપાઠ જેવા પ્રસંગે કરાતી ધાર્મિક વિધિઓ મોટાભાગે તો બ્રાહ્મણ, પુરોહિત કે ઓઝા-બડવા-ભૂવા દ્વારા કરાવવામાં આવે છે; જ્યારે વ્રતો અને તેની ઉજવણી સમયે પંડિત-પુરોહિતની હાજરી ભાગ્યે જ જરૂરી હોય છે. એમ પણ કહી શકાય કે વ્રતો સાથે સંકળાયેલ વિધિઓ કુમારિકાઓ તથા સ્ત્રીઓએ જાતે જ કરવાની હોય છે. એમાં પુરુષોએ મોટાભાગે તો દૂર જ રહેવાનું હોય છે.

મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ તથા રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં કુમારિકાઓ સાંજી-સાંઝી, સંજા કે સંઝા એમ ઉચ્ચારભેદે બોલાતું વ્રત કરે છે. આ વ્રતની એક વિધિ તરીકે ઘરની ભીંત પર તેમણે કરવાનાં આકૃતિ-સ્વરૂપો પણ સાંજી કે એવા નામે ઓળખાય છે. પ્રાદેશિક સ્તરે આમાં ઘણું સ્વરૂપવૈવિધ્ય પણ જોવા મળે છે. આ વ્રત રાજાદેવીનું વ્રત પણ કહેવાય છે.

પુપુલ જયકર એમના અંગ્રેજી પુસ્તક 'અર્થન ડ્રમ'માં જણાવ્યું છે :'ભારતમાં બે હજારથી પણ વધુ જે વ્રતો સ્ત્રીઓ કરે છે તેમનાં મૂળ અથર્વવેદના સ્તોત્રો તથા કૌશિકસૂત્રમાં જણાવેલ 'સ્ત્રી-કર્મણી' સુધી ગયેલાં છે. વ્રતોની કેટલીક વિધિઓ કરવા પાછળ એવી માન્યતા રહેલી જોવા મળે છે કે કામનાઓને મંડલાકૃતિ જેવાં દૃશ્ય કે મૂર્તિમંત સ્વરૂપો આપી તેમને મંત્રોચ્ચાર તથા શારીરિક અંગભંગિઓ ને મુદ્રાઓ દ્વારા જાગ્રત કરાય છે ત્યારે તેમાંથી ઉત્પન્ન થતી ઉર્જા, ઇચ્છાતૃપ્તિ કરવા સક્ષમ બની સક્રિય થાય છે. શ્રાદ્ધમંડળ સ્વરૂપે બનાવવામાં આવતી સાંજીમાં ઉપર્યુક્ત માન્યતા પ્રતિબિંબિત થાય છે.

મધ્યપ્રદેશ, રાજસ્થાન તથા ઉત્તરપ્રદેશના કેટલાક વિસ્તારોમાં સૌભાગ્યપ્રાપ્તિની આશાથી શ્રાદ્ધપક્ષ દરમિયાન કુમારિકાઓ સાંજીવ્રત કરે છે. પોતાનો વિવાહ થાય ત્યાં સુધી દરેક કિશોરી દર વરસે શ્રાદ્ધપક્ષના મહિનામાં પૂર્ણિમાથી અમાસ સુધી, બપોર ઢળ્યા પછી પોતાના ઘરના પ્રવેશદ્વારની બાજુની ભીંત પર સાંજી બનાવે છે. બનાવતાં-બનાવતાં સાંજ-સંધ્યા થઈ જાય છે એથી જ આ રચના સ્વરૂપને 'સાંજી' અથવા 'સંજા' નામ અપાયું છે એવી પણ એક માન્યતા છે.

ભોંય કે ફર્શથી જરા ઊંચે, ભીંત પર ગાર-માટીનું લીંપણ કરી સાંજી માટેનું ફલક – 'કેન્વાસ' – તૈયાર કરાય છે. તેની ઉપર છાણ વડે ઊપસેલી, જાડી રેખાઓનું ચોકઠું બનાવાય છે. ઘર કે ઘરના વાડાના પ્રતીક જેવા આ ચોકઠાની અંદર, તે દિવસે જે તિથિ હોય તેની સાથે સાંકળેલાં પૂર્વનિર્ણીત પારંપારિક સ્વરૂપો બનાવાય છે. એમાં ઉપરના ભાગે ચાંદો તથા સૂરજ તો બને જ. છાણથી બનાવેલ જાડી રેખાઓ તથા સ્વરૂપો પર વિવિધ રંગો તથા આકારો ધરાવતી ફૂલોની પાંખડીઓ તથા પાંદડાં લગાડાય છે. વળી, ચૂનો, હળદર અને કુમકુમનાં ટીલાંટપકાં વડે તે સુશોભિત કરાય છે. કેટલીક વાર તો જુદાં જુદાં અનાજ અને કઠોળદાણા તેમજ લાલ-લીલાં મરચાં અને ચણોઠી વગેરે લગાડીને રંગો અને પોતમાં ચમત્કૃતિ લવાયેલી પણ જોવા મળે છે.

બાલિકાઓ બીજા દિવસે, નવી સાંજી બનાવતાં પહેલાં, આગલા દિવસની બનાવેલી સાંજીને તવેથા કે એવા સાધન વડે ઉખાડી નાખે છે. નવી સાંજીની નીચે, ભોંય પર એ પોપડાઓ તથા અવશેષોનો ઢગલો રહેવા દેવાય છે. જે દિવસે દિવસે મોટો થતો જાય.

એક માન્યતા પ્રમાણે મૃત્યુ પામેલાં કુટુંબીઓના તથા પ્રેતયોનિમાં ભટકતા અતૃપ્ત આત્માઓને રાતવાસો કરવા સ્થાન મળી રહે તે હેતુથી સાંજી બનાવવામાં આવે છે. વાડા કે ઘરના પ્રતીક સમું, ચાર બાજુઓ ધરાવતું ચોકઠું નીચેની બાજુએ ખુલ્લું રખાય છે, પ્રવેશદ્વાર તરીકે આ 'ઘર'ની અંદર મૃતજનના આત્મા માટે તેને ગમતી, પરિચિત ઉપયોગી ચીજવસ્તુઓ જેવાં સ્વરૂપો બનાવવામાં આવે છે; જેમ કે, સીડી, વૃક્ષ, થેલી, જનોઈ, હાથી, પાલખી, પંખો, સાથિયો ઇત્યાદિ.

એક કાળે ભારત સહિત ઘણા પ્રદેશોની જાતિઓમાં તેમનાં મૃત્યુ પામેલા સ્વજનના દેહને દફનાવતી વેળાએ તેના શબ સાથે તે વ્યક્તિને ગમતી કે ઉપયોગી ચીજવસ્તુઓ મૂકવાની પ્રથા હતી. ઓરીસાના સાવરા જાતિના આદિવાસીઓમાં ભૂવા-ઓઝાના માર્ગદર્શન પ્રમાણે પોતાના ઘરની ભીંત પર, મૃતાત્માઓને રહેવા યોગ્ય સ્થાન પૂરું પાડવા માટે મોટાં ચોકઠાં દોરી તેમાં ચિત્રાંકનો દોરવાની પ્રથા હતી. તેમાં મૃતાત્માને સુખ, શાંતિ, સગવડ મળી રહેશે તેવી શ્રદ્ધાથી તેને અનુરૂપ, તેમની પ્રિય ચીજવસ્તુઓ પણ દોરવામાં આવતી હતી. હવે લગભગ વિલુપ્ત થયેલી આ પ્રથા પાછળ એવો તર્ક રહ્યો હોવાનો સંભવ છે કે પોતાને જરૂરી, ગમતી તથા મનોરંજિત કરતી બધી ચીજવસ્તુઓ એકસાથે, એક સ્થળે મળી રહે તો, એથી સંતોષાયેલ મૃતાત્મા તેના અન્ય જીવિત સગાંસંબંધીઓને હેરાન ન કરે.

આમ છતાં વિવિધ પ્રાદેશિક સાંજી-સ્વરૂપોમાં એક પ્રકારનું સામ્ય

જળવાયું છે. નીચે આપેલી યાદી જોતાં એક બાબત ધ્યાન ખેંચે છે કે પડવો, બીજ જેવાં - ગુજરાતી લોકબોલીનાં નામો સાથે સામ્ય ધરાવતાં - તિથિઓનાં નામોના પ્રથમાક્ષરો તથા તે તિથિઓએ સાંજીમાં બનાવાતાં મુખ્ય સ્વરૂપોનાં નામોના પ્રથમાક્ષરો (બારમાંથી નવ દૃષ્ટાંતોમાં) એક જ સરખાં છે :

તિથિ	*સ્વરૂપ*	*તિથિ*	*સ્વરૂપ*
પૂર્ણિમા	: પાંચ તારા	સાતમ	: સાથિયો
પડવો	: પંખો	આઠમ	: અષ્ટદલ પદ્મ
બીજ	: બાજોઠ, બુઝારું	નોમ	: ડોકરો-ડોકરી
ત્રીજ	: ઘેવર	દશમ	: દીવડો
ચોથ	: ચોપાટ, ચોપડ	અગિયારસ	: કેળ
પાંચમ	: પાંચ કુંવારા	બારશ	: ખજૂરી
	છોરા-છોરી	તેરશથી	
છઠ	: છાબડી	અમાસ	: કિલ્લા-કોટ

ગુજરાતનાં લોકગીતોમાં શબ્દો – બોલ – યાદ રાખવા માટે વર્ણસગાઈનો કીમિયો ખૂબ વપરાયો છે. એથી જ, ચાકરી કાજે પરદેશ વેઠતા સ્વજનને 'ઘોઘાથી ઘોડલા, મુંબઈનાં મોતીડાં, હાલારી હાથીડા અને લંકાની લાડી' લાવવાનું ગીતોમાં કહેવાતું હશે. સાંજીનાં સ્વરૂપોની બાબતમાં પણ આવી યુક્તિ વપરાતી હોવાનું અનુમાન કરી શકાય.

મધ્યપ્રદેશમાં શ્રાદ્ધપક્ષની પાંચમને 'કુંવારા પાંચમ' કહે છે. જે કુટુંબીઓ તેમની અવિવાહિત અવસ્થામાં મૃત્યુ પામ્યાં હોય તે બધાંને યાદ કરી, પાંચમે કરાતી સાંજીમાં એમને 'પાંચ કુંવારા' કે રથમાં બેઠેલાં પાંચ 'છોરા-છોરી' સ્વરૂપે સ્થાન અપાય છે. નોમને 'ડોકરા નોમ' કહે છે. તે દિવસે સદ્‌ગત વૃદ્ધ પિતૃઓને શ્રદ્ધાંજલિ રૂપે સાંજીમાં સ્થાન મળે છે.

વ્રતના છેલ્લા ત્રણ દિવસો દરમિયાન 'કિલ્લા-કોટ' બનાવાય છે. અગાઉના દિવસો દરમિયાન બનતી સાંજીની તુલનામાં 'કિલ્લા-કોટ'નું ચોકઠું માપમાં બમણું અને વિસ્તારમાં ચોગણું કે તેથીય વધુ મોટું હોય છે. એની અંદર, અગાઉના દિવસો દરમિયાન બનાવવામાં આવેલાં સ્વરૂપો ઉપરાંત જનોઈજોટો, શુભપંખી, પાલખી, મોરઢેલ તથા તોરણ જેવા બાંધરવાલ વગેરેનાં સ્વરૂપો પણ બનાવાય છે.

છાણ-માટી વડે, ઊપસેલી રેખાઓથી વિવિધ સ્વરૂપાંકનો તથા ગોખલા-કાંગરા બનાવવાની પ્રથા કચ્છ, સૌરાષ્ટ્ર, રાજસ્થાન ઉપરાંત ભારતના અન્ય કેટલાક પ્રદેશોમાં પણ જળવાઈ છે. કેટલાંક સ્થળે તે રૂપાંકનોને રંગો વડે તથા આભલાં જડીને સુશોભિત કરાય છે; પરંતુ સાંજી જેવો ફૂલ, પાંદડાં તથા અનાજ વગેરેનો ઉપયોગ બીજે કોઈપણ સ્થળે જોવા મળતો નથી. જોકે 'મનોરથ' તરીકે કરાતાં કેટલાંક રંગોળી સ્વરૂપો-મંડળો સપ્ત કે નવધાન્ય વડે બનાવાય છે.

છેલ્લા ત્રણ દિવસો દરમિયાન, કિલ્લા-કોટ ભીંત પર જ રહેવા દેવાય છે. આથી તેમાં કરમાઈ કે સુકાઈ જાય, જીવાત ખાઈ જાય તેવી ચીજોનો ઉપયોગ ભાગ્યે જ થાય છે. તેને સ્થાને પીત્તળ પાનાંની કે આજકાલ પ્લાસ્ટિકની બનતી પન્નીમાંથી કાપેલી પટ્ટીઓને ઉપયોગમાં લેવાય છે. લાલ, ગુલાબી, લીલા જેવા ચપ્પક, પ્રાથમિક રંગો ઉપરાંત ઝગારા મારતી સોનેરી, રૂપેરી પન્નીઓના ઉપયોગથી કિલ્લા-કોટની શોભા ન્યારી બની રહે છે.

કિલ્લા-કોટમાં ઢોલી, ઝાડુવાળી, લંગડો સિપાઈ જેવાં લગભગ દરેક ગામ, નગરમાં જોવા મળતાં પાત્રોનાં સ્વરૂપો પણ બનાવવામાં આવે છે; પરંતુ તેને સ્થાન અપાય છે કોટની દીવાલની બહાર દરવાજા પાસે. જમાનાજૂની, સામાજિક કલંકસમી જ્ઞાતિ-જાતિપ્રથા સાથે સંકળાયેલ હજુપણ જોવા મળતા ઊંચ-નીચના ભેદભાવનું વરવું પ્રતિબિંબ સાંજીનાં સ્વરૂપોમાં પણ અભિવ્યક્ત થાય છે એમ માની શકાય.

લોકબોલીમાં 'કિલ્લા-કોટ'ને 'કલાકોટ' કહે છે. એક દૃષ્ટિએ જોતાં સાંજીની આ સરજત જાણે કે કલાસ્વરૂપોથી ભરેલો કોટ –કલાનો ભંડાર બની રહે છે.

સાંજીનાં સ્વરૂપોમાં કોઈ કોઈ સ્થળે સ્થાનિક, તળપદી અભિવ્યક્તિ પણ જોવા મળે છે. માળવામાં ગુડ્ડો-ગુડ્ડી તરીકે બનતાં પૂતળી-સ્વરૂપોને મેવાડી બાળાઓ મીરાંબાઈ બનાવી દે છે. શ્રીનાથદ્વારા વિસ્તારમાં તે જાડી યશોદા અને પતલી પ્રેમા નામે ઓળખાય છે તો વ્રજભૂમિમાં તે હિંચકે ઝૂલતાં રાધાકૃષ્ણનું રૂપ ધારણ કરી લે છે.

સાંજી અંગેની એક લોકવાર્તા પ્રમાણે એક બ્રાહ્મણ કિશોરીના રૂપથી મોહિત થઈ રાક્ષસે તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા વ્યક્ત કરી; પરંતુ ત્યારે શ્રાદ્ધપક્ષ હતો તેથી કોઈ શુભ કાર્ય કરી શકાય નહીં તેવી પ્રથા હોઈ ખમી જવાની એ કિશોરીના પિતાની વિનંતી રાક્ષસે માન્ય રાખી. એ સમયગાળામાં તે કિશોરી છાણ-માટી વડે રમતી હતી. તેની વિવિધ આકૃતિઓ બનાવી તેને ભીંત પર લગાડતી રહી હતી. ત્યારબાદ એને અનુસરીને અન્ય કન્યાઓએ પણ એવાં સ્વરૂપો બનાવવાની રમત અપનાવી. આજે પણ સાંજી-વ્રત 'કરવું' તથા સાંજી-સ્વરૂપો 'બનાવવાં' જેવાં ક્રિયાપદનાં રૂપોને બદલે સાંજી 'ખેલના' (રમવી) શબ્દપ્રયોગ વારંવાર સાંભળવા મળે છે.

પોતાનાં લગ્ન થઈ જાય ત્યાં સુધી કુમારિકાઓ દર વરસે સાંજીવ્રત કરે છે. સાસરે જતાં પહેલાં તેઓ પુરોહિતની હાજરીમાં 'સમાપન' વિધિ કરે છે. ત્યારે ઘરની અંદર, ઓસરીની ભીંત પર બનાવેલી મોટી સાંજીની પૂજા કરી સગાંસંબંધીઓને જમાડે છે. લગ્ન થયા પછી પણ તે સર્જનાનંદ માણવા નાની બહેન, દીકરી કે નણંદને મદદ કરવાના બહાને સાંજી બનાવવાની તક ઝડપી લેતી હોય છે.

વ્રતો કરવાની પરંપરા મોટાં શહેરોમાં અને તેમાંય 'ભણેલા' વર્ગમાં ઓછી થતી જાય છે. ક્યારેક તો એને પછાતપણા તથા અંધશ્રદ્ધામાં ખપાવવામાં આવે છે. દરેકમાં રહેલી જન્મજાત સર્જનાત્મકતાને અભિવ્યક્તિ આપવાની તક આપતી બલકે જરૂરી બનાવતી સાંજીવ્રત જેવી પ્રથાઓનું સ્થાન લુપ્ત થઈ રહ્યું છે.

પરંપરા અનુસાર પખવાડિયા દરમિયાન બનાવેલી બધી સાંજીના એકઠા કરી રાખેલ અવશેષોને ટોપલામાં ભરી, માથે મૂકીને બાલિકાઓ સમૂહમાં સાંજીનાં ગીતો ગાતી ગાતી નદી, તળાવે જઈ

પાણીમાં પધરાવી દે છે.

સાંજી-સ્વરૂપોમાં પન્નીનો વપરાશ; મક્કાઈના ડોડાનો ઢોલ તરીકે, પાતળી સળીઓનો ઝાડુ તરીકે અને આંખ માટે ઘઉં કે ચોખાના દાણાનો ઉપયોગ જોવા મળે છે. આવા પદાર્થોનાં સ્વરૂપો તથા છાણમાટીની, ધાર્યો ઘાટ જોઈ કે ઘડી શકાય તેવી રૂપપ્રદ લાક્ષણિકતા ઉપરાંત ફૂલ-પાનના આકારોની અનિશ્ચિત વિવિધતા સાંજી બનાવતી વેળા બાલિકાઓને મોકળા અને કલ્પનાના ઘોડે સવારી કરી આભમાં ઊડવાની અને સ્વહસ્તે અવનવું સર્જન કરવાનો આનંદ તથા ગર્વ અનુભવવાની તક પૂરી પાડે છે.

સમયની સાથોસાથ પરંપરાઓનાં બાહ્ય સ્વરૂપોમાં ફેરફાર થતા રહે છે; પરંતુ પરંપરા પ્રમાણે બનતાં રહેલાં ઘણાં લોકકલા-સ્વરૂપોની લાક્ષણિકતા સાંજીમાં પણ જળવાઈ રહી છે : (૧) સામાન્ય ગણાતી અને પોતાના રહેઠાણની આજુબાજુમાંથી સહેલાઈથી, મોટાભાગે તો વિના મૂલ્યે મળી શકતી છાણ, માટી, ફૂલ, પાંદડાં જેવી વસ્તુઓનો થતો ઉપયોગ; (૨) સર્જન તથા વિસર્જન એ બંને પ્રક્રિયાઓને અપાતું મહત્ત્વ.

પથ્થર કે ધાતુ જેવા માધ્યમમાં બનાવેલ સ્વરૂપોથી ઊલટું; લોટ, માટી, છાણ વડે બનાવેલ કલાસ્વરૂપો લાંબો સમય ટકી શકતાં નથી; પરંતુ આવું કલાસ્વરૂપો સર્જવાની પરંપરાને દીર્ઘાયુ બનાવવામાં એમાં વપરાતી ચીજવસ્તુઓની ક્ષણભંગુરતાનો મોટો તથા અગત્યનો ફાળો રહ્યો છે. જન્મ-મરણની ઘટમાળ ને દેહસ્વરૂપના નાશ સાથે અવિનાશી આત્માનું વિવિધ દેહ-સ્વરૂપોમાં અવતરણ થતું રહેતું હોવાની સૃષ્ટિસર્જનની પ્રક્રિયાનો સંકેત આ કલામાંથી પામી શકાય.

'સંજા' સંધ્યા પરથી બનેલું નામ છે એવી એક લોકમાન્યતા છે. હિન્દુ કુમારિકાઓ દ્વારા કરાતા સાંજીવ્રતને અને સંજા-સ્વરૂપોને શ્રાદ્ધવિધિ અને મૃતાત્માને વિસામો પૂરો પાડવાની ભાવના સાથે સંબંધ છે. હિન્દુ કુટુંબોમાં બ્રાહ્મણ, પુરોહિત દ્વારા કરાવાતી, શ્રાદ્ધ સાથે સંકળાયેલી પૌરાણિક ધાર્મિક વિધિમાં પણ મરણ પામેલ સ્વજન પાછળ તેરમા દિવસે શય્યાદાન કરાય છે. આને 'સજ્જાદાન' પણ કહે છે.

પથારી કે બિછાનું માટેનો સંસ્કૃત શબ્દ 'શય્યા' અને પ્રાકૃત શબ્દ 'સજ્જા' છે. બોલચાલની ભાષામાં 'ય' અને 'જ' બદલાયાં કરે છે તેમ અનુસ્વાર ઉમેરવાનું વલણ પણ જોવા મળે છે – જેમ કે, પૂજા-પૂંજા, વીનતી-વિનંતી. આ પરથી લાગે છે કે સજ્જા અને સંજા કદાચ પરસ્પર સંબંધ તથા લગભગ સમાન અર્થ ધરાવતા શબ્દો છે. આ સંભાવનાને જો તદ્દન અવગણીએ નહીં તો આગળ એમ પણ તર્ક થઈ શકે કે બ્રાહ્મણ, પુરોહિતો દ્વારા જે વિધિ કરાય છે તેનું જ્ઞાતિ-જાતિના છોછ વિનાનું રમત જેવું જનમાન્ય સ્વરૂપ સંજામાં ઊતરેલું છે.

સાંજીદેવી : સાંજીને દેવી તરીકે શા માટે પૂજવામાં આવે છે તે અંગે પ્રશ્નોત્તરી સ્વરૂપે નીચે રજૂ કરાયેલ વિગતો રાજસ્થાની બોલીમાં, રસિક શૈલીમાં લખાયેલ એક પુસ્તકમાંથી મળી છે, જે આ પરંપરા અંગેની પ્રચલિત માન્યતાઓ તથા લોકવાયકાઓનો થોડો ખ્યાલ આપે છે.

બ્રહ્માજીને તેમની માનસપુત્રીએ પ્રશ્ન પૂછ્યો : 'સંજા સાંજીને દેવી નામ શા માટે અપાયું ?' આના ઉત્તરમાં બ્રહ્માએ કહ્યું : 'તપ, તપ, તપ.' એ પ્રમાણે તપસ્યા કરી તે ચંદ્રભાગ પર્વત પાસે બૃહલોહિત સરોવરના નિર્જન વનમાં ઘૂમતી હતી ત્યારે, ત્યાં તેને વશિષ્ઠજી મળ્યા અને તેમણે 'ૐ નમો ભગવતે વાસુદેવાય' – એમ મંત્રદીક્ષા આપી. લાંબો સમય તેણે આ મંત્ર જપી તપ કર્યું તેથી પ્રસન્ન થઈ વિષ્ણુ પધાર્યા અને વરદાનો આપ્યાં. તેના પરિણામે તે અગ્નિપુત્રી કહેવાઈ અને ત્રિકાળ સંધ્યાનું રૂપ પામી. ત્યારથી કુમારિકાઓ તથા દ્વિજજનો સંધ્યાની આરાધના કરે છે. વ્રજલલનાઓએ પણ પૂરા ચૌદ દિવસ એની આરાધના કરીને મહારાસમાં પ્રભુને પ્રાપ્ત કર્યા. એને, સંધ્યાને જ સાંજી કહે છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુપ્રાપ્તિના હેતુસર ભક્તો ભાવથી ચૌદ દિવસ સાંજીલીલા કરે છે, જેની પૂર્ણતા કોટમાં થાય છે.

પ્રશ્ન : ચૌદ દિવસ શા માટે ?

ઉત્તર : ચૌદ લોકનો નાયક પ્રભુ મળે એ માટે. ગવાયું છે : 'દશ અરુ ચાર લોક કો નાયક યહૈ સુતા વર પાવૈ.'

પ્રશ્ન : સાંજી કઈ કઈ વસ્તુની મંડાય છે ?

ઉત્તર : પુષ્ટિમાર્ગમાં તે ચાર પ્રકારની થાય છે :

(૧) પુષ્પોની : 'જામેં કમલબેલ ફૂલનકી રંગબીરંગી ભરી, સદા મંદિર મેં મણિકોઠાદિ મેં માંડે પ્રભુ સ્વયં બિરાજે હૈ.' આ સ્વામિનીજીના ભાવની માનવામાં આવે છે. ક્યારેક મનોરથ માટે પણ આવી સાંજી મંડાય છે. (આકૃતિ ૧ તથા ૨)



આકૃતિ ૧ તથા ૨ : ગ્વાલિયર (મ.પ્ર.) વિસ્તારમાં બાલિકાઓએ ઘરની ભીંત પર વિવિધ પુષ્પો તથા તેની પાંખડીઓ વડે બનાવેલા બે સાંજી સ્વરૂપો

(૨) કેળનાં પાનની : 'જામેં ચૌરાસી કોસ વ્રજયાત્રાકી લીલા સુન્દર કલાત્મક ઢંગ સૌ કરાવન હેતુ માંડે હૈ. યામેં કેલાકે પત્તાનકી કારીગરી હોય હૈ. યહ ચંદ્રાવલીજી કે ભાવસોં માંડે હૈ.'

(૩) રંગોની સાંજી : આ અમુક સ્થળોમાં સાંચા અથવા ખાકા-(સ્ટેન્સિલ)થી મંડાય છે. આમાં વ્રજલીલા દર્શાવાય છે. વ્રજનાં બધાં જ સ્થળો આમાં, નંદકુમારિકાઓના ભાવથી મંડાય છે.



આકૃતિ ૩ : કાગળ કાપીને બનાવેલ સાંચા

(૪) જળકુંડની સાંજી : કુંડને તળિયે રંગીન પથ્થરો, કાચ કે અકીકની રમણીય ભાતમાં ગોઠવી ઉપર પાણી ભરવામાં આવે છે. સુરતનાં કેટલાંક મંદિરોમાં આવી સાંજી થતી હતી.

૧૯૬૬માં પ્રકાશિત 'વ્રજ કે સાંસ્કૃતિક ઇતિહાસ'માં શ્રી પ્રભુદયાલજીએ લખ્યું છે : 'સાંજીનું આયોજન પિતૃપક્ષનો સૌથી પ્રસિદ્ધ સમારોહ છે. વ્રજમાં એને ધાર્મિક ઉત્સવ, લોકોત્સવ તથા કલાત્મક પ્રદર્શન ઇત્યાદિ વિવિધ સ્વરૂપે સંપન્ન કરવામાં આવે છે. સાંજે પૂજાતી હોઈ એને આવું નામ આપવામાં અપાયું હશે; પરંતુ સંભવતઃ સાંજી એ ગૌરી-પાર્વતીનું જ એક લોકપ્રસિદ્ધ રૂપ છે. જોકે વ્રજના ધર્માચાર્યો તથા ભક્ત-કવિઓએ સાંજીની લોકપૂજાને રાધા-કૃષ્ણની ઉપાસના સાથે પણ જોડી દીધા છે.'

ઘરની ભીંત પર છાણ-માટીથી ઉપસાવેલ આકૃતિઓ પર વિવિધ રંગ પર્ણ-પુષ્પો લગાડાય છે.

સાંજી બનાવવાની ક્રિયા, પ્રથાને મૃતાત્માઓને સ્થાન પૂરું પાડવાના હેતુ સાથે સંબંધ હોઈ શકે છે; પરંતુ શ્રાદ્ધપક્ષ દરમિયાન જ વ્રજબાલાઓ સાંજીનું સર્જન તથા પૂજન કદાચ માત્ર એવી મનોકામના સાથે કરે છે કે તેમને સાંજીમાતાની કૃપા તથા આશીર્વાદથી સુયોગ્ય પતિ તથા ચિરસૌભાગ્ય પ્રાપ્ત થાય. ગુજરાતમાં આષાઢમાં ઊજવાતા ગૌરીવ્રત(ગોર્યો) પાછળ પણ આવી મનોકામના રહી છે; પરંતુ ગુજરાતમાં જવારા ઉગાડવા, બાગ - બગીચામાં જઈને (બાલિકાઓ જેને 'ખઉં' કહે છે તેવો) અલૂણો નાસ્તો આરોગી ઉજાણી કરવી તથા રાત્રે જાગરણના હેતુસર રમતો રમવા સિવાય અન્ય કશીય સર્જનાત્મક ક્રીડા - પ્રવૃત્તિ પણ કરાતી હોય તેવું જોવા મળે છે.



આકૃતિ ૪ : કાગળ-કટાઈથી બનેલી સાંજી

મંદિરોમાં શ્રાદ્ધપક્ષ દરમિયાન થતી સાંજીમાં મુખ્યત્વે બે પ્રકારો જોવા મળે છે : (૧) કેળના પાનમાંથી વિવિધ આકૃતિઓ કાપી તેની નિયત વિષયાનુસાર આયોજના તથા (૨) કાગળમાં ગાળા સ્વરૂપે આકૃતિ કાપી તે રીતે બનાવેલા સાંચા-બીબાંનો ઉપયોગ કરી તેમાંથી ચૂર્ણ રંગોને કોઈ સમથળ સપાટી પર પાથરી કરાતી રંગોળી જેવી આયોજના. અગાઉ જેની વાત થઈ ગઈ છે તે દરેક પ્રકારની સાંજી ભીંત પર બનાવવામાં આવે છે. જ્યારે ઉપર્યુક્ત બંને પ્રકારો સમથળ ભોંય કે એવી સપાટી પર બને છે. સૂરદાસ, નંદદાસ વગેરે. 'અષ્ટછાપ' કવિઓની કાવ્યરચનામાં કૃષ્ણની રાહ જોતી રાધા તથા ગોપીઓ તેના પાછા ફરવાના માર્ગમાં પુષ્પો અને પર્ણોથી રૂપ-રચના બનાવતી હતી અને એ રીતે સમય પસાર કરતી હતી, તેવા પ્રકારનું વર્ણન મળે છે. હવેલી-મંદિરોમાં તથા પોતાના ઘરમાં પણ કૃષ્ણભક્તો-વૈષ્ણવો જે સાંજી કરે છે તે પ્રથાનાં મૂળ ઉપર્યુક્ત કાવ્યોમાં કહેવાયેલ પ્રસંગો સાથે જોડાયાં હોવાનો સંભવ છે. કાવ્યોમાં એની વાત થઈ છે એટલે એ પ્રથા કાવ્યોના સમય જેટલી, બલકે એથીયે વધુ પુરાણી તો હોવી જ જોઈએ એમ ધારી શકાય.

કેળનાં પાનની સાંજી : આ સાંજીમાં કેળનાં પાનમાંથી વિવિધ આકૃતિઓ કાપીને તેમને કોઈ સમથળ સપાટી પર ભીનું કપડું પાથરી તેમની ઉપર વિષયને અનુરૂપ અને સ્પષ્ટ કરતી આયોજના કરવામાં આવે છે. મંદિરમાં કોઈ મોટા ચોક જેવા સ્થળે આવી સાંજી કરાય છે – જે ૪.૬થી ૬ મીટર (પંદરથી વીસ ફૂટ)ના ચતુષ્કોણાકાર જેટલી મોટી પણ હોઈ શકે. કેળના પાનના રંગને ઉઠાવ મળે તેવું સફેદ ઘેરા લાલ રંગનું કપડું સામાન્ય રીતે પાશ્વભૂમિ તરીકે વપરાય છે. નાનાં મંદિરોમાં ષટ્કોણ કે અષ્ટકોણ કે તદ્દન ચતુષ્કોણ બાજોઠ પર કપડું પાથરી તેની પર સાંજી બનાવાય છે. કપડું ભીનું કરેલું હોઈ તેની પર કેળના પાનમાંથી કાપેલી આકૃતિઓ ચોંટી રહે છે તથા સુકાઈ કે કરમાઈ જતી નથી. કપડાં પર વખતોવખત પાણીનો છંટકાવ કરાતો રહે છે.

શ્રાદ્ધપક્ષ દરમિયાન શ્રદ્ધાળુ ભાવિકો ઘણી મોટી સંખ્યામાં વ્રજનાં વિવિધ સ્થાનોની પરકમ્મા કરે છે. એ પરકમ્માનો પથ તેમજ આરંભથી અંત સુધીનાં સ્થળોનો ક્રમ પણ તેઓ નિયત પ્રથાને અનુસરીને જાળવે છે. એ ચોરાશી કોસ (ચોરાશી કોસ એટલે લગભગ ૨૦૦ કિલોમીટર) વ્રજયાત્રાનાં સ્થળોનું ચિત્રણ બંને પ્રકારની સાંજીમાં કરવામાં આવે છે. આથી જે ભક્ત વૈષ્ણવો પરિક્રમા માટે જઈ શક્યા ન હોય તેઓ મંદિરમાં સાંજીમાં રજૂ કરાયેલ સ્થળની – સાંજીની – પરિક્રમા કરી સંતોષ અનુભવે છે.

ઉપર્યુક્ત યાદીમાં સૂચવ્યા પ્રમાણે તિથિ અનુસાર સાંજીમાં સ્થળ કે લીલા મંડાય છે. જે તે સ્થળનો ખ્યાલ આપવા ભાવ જગાવવા તેને અનુરૂપ સ્થાપત્ય – છત્રી, ઓટલા, ચબૂતરા, મંડપો, કુંડ, જળાશય, પ્રાકૃતિક ભૌગોલિક સંબંધ જણાવવા

પર્વત, ટેકરી, ઘાટી વગેરે દેખાડાય છે. જમુનાકાંઠાનાં સ્થળો કે લીલાપ્રસંગો માટે મકર, મત્સ્ય, કચ્છપ તથા ઘાટ દેખાડાય. વળી, ગાય, હાથી, ઘોડા, પોપટ તેમજ કેળ, કદમ્બ વગેરે વૃક્ષો બનાવાય. કાલિયમર્દન તથા ગોવર્ધન ધારણ કર્યા જેવા પ્રસંગો દર્શાવતા સમયે શ્રીકૃષ્ણ સાથે ગોપ-ગોવાળાં, ધેનુ, વાનર, નાગ વગેરે આકૃતિઓ મૂળ પ્રસંગોને તેના વાતાવરણ સાથે આપણી આંખો સામે રમતા કરી દે છે.

સામાન્ય રીતે સાંજી સાથે સંકળાયેલ પૂર્વનિર્ધારિત વિષયો લગભગ દરેક સ્થળે બનાવવાની પ્રથા છે અને તેથી તેમાં સામ્ય પણ જળવાતું જોવા મળે છે. શ્રીનાથદ્વારામાં એકાદશીએ થતી સાંજીમાં એક સ્થાનિક સ્થળ-ઉદ્યાન રજૂ કરાય છે. જોકે તે જાણે કે વ્રજભૂમિનું જ કોઈ ઉદ્યાન હોય તેમ લાલબાગની સાંજીમાં પણ કૃષ્ણલીલા અને વ્રજ સાથે સંબંધિત વિગતો તો સમાવાય જ છે. છેલ્લે દિવસે, અમાવાસ્યાએ કોટની સાંજી થાય છે. આમાં દ્વારિકાપુરીની રજૂઆત મંડાય છે. લાલબાગની સાંજી જેમ આમાં પણ શ્રીકૃષ્ણની લીલાના પ્રસંગો રજૂ કરાય જ છે.

સાંજીવ્રત કરતી બાલિકાઓ પણ અમાસ પહેલાં કિલ્લા-કોટ બનાવે છે. અમાસ નિમિત્તે, રોજે-રોજ બનતી સાંજીથી જુદું સ્વરૂપ – કોટ બનાવવાની તેમની કે તેમણે અપનાવેલી પ્રથાનું મૂળ મંદિરોમાં બનાવાતી, એક દૃષ્ટિએ કદાચ શાસ્ત્રીય કે ઉપશાસ્ત્રીય કહેવાય એવી સાંજી સાથે સંકળાતું હોવાનો સંભવ છે. જો એમ જ હોય તો વ્રતની સાંજીને મંદિરની સાંજીનું જ જનસ્વરૂપ માની શકાય.

કમભાગ્યે આ પ્રકારનાં લોકકલા-સ્વરૂપોની કે પરંપરા અંગે કોઈ વ્યવસ્થિત નોંધ કે ઇતિહાસ મળતાં નથી. મૌલિક પરંપરા રૂપે જીવતી રહેલ વાર્તાઓ તથા ગવાતાં ગીતો બદલાતાં તેમજ ભુલાતાં રહે છે. અલ્પ સમયમાં તૂટી-ફૂટી-ભૂંસાઈ જતી નાશવંત વસ્તુઓ(લોટ, માટી, છાણ, ફૂલ, પાન વગેરે જેવી)નો ઉપયોગ થતો હોઈ એ દ્વારા બનેલ સ્વરૂપો જળવાયાં નથી. વળી, પરંપરા પ્રમાણે સ્વરૂપોના સર્જન તેમજ વિસર્જનને પણ એટલું જ મહત્ત્વ અપાયું છે તે પણ એક કારણ છે.

કેળના પાનમાં તેની પરિપક્વતા પ્રમાણે લીલા રંગોની લીલા જોવા મળે છે. વળી, તેની બંને બાજુના રંગો તથા સળદાર પોતમાં પણ દેખીતો ફરક હોય છે. આ કારણે એક જ, લીલા રંગના પ્રભાવ, બાહુલ્ય છતાં આવી સાંજીમાં રંગછાયાનું વૈવિધ્ય તેને સૌંદર્ય પ્રદાન કરતું લક્ષ્ય બની રહે છે. પાનમાંથી આકૃતિ કાપતાં પહેલાં તેના પર રેખાંકન જેવા કોઈ કીમિયાનો આધાર લેવાતો નથી. બાહ્ય રેખા એવી હોય કે જેથી આકૃતિને ઓળખી શકાય તે બાબતને ખ્યાલમાં રાખી કાતર વડે પાનમાંથી સીધી જ કાપી લેવાય છે. આકૃતિ પર વિગતો દર્શાવવા રેખાઓ દોરવાનું મુશ્કેલ હોઈ પાત્રના સ્વરૂપની તથા તેની ક્રિયાની– તે પાત્ર ચાલે છે, દોડે છે, કૂદે છે – તેની પણ ઓળખ મળી રહેવી જોઈએ.

કેળના પાનનું માપ તો ઘણું મોટું હોય છે; પરંતુ વચ્ચેની દાંડી એકથી બીજા છેડા સુધી લંબાતી હોય છે. તેમજ ઘણી જાડી તથા ઊપસેલી પણ હોય છે. આથી તેની ડાબી-જમણી બાજુઓ જ ઉપયોગમાં લેવાય છે. આકૃતિઓને આ બાજુઓના માપની મર્યાદામાં રહીને જ બનાવવી પડતી હોવાથી તેમાં એક પ્રકારનું માપ સાથે સંબંધિત એકધારાપણું પણ જોવા મળે છે. નાનાં મંદિરોમાં નાના માપે બનાવવામાં આવતી સાંજીમાં અભિવ્યક્તિ સાદી હોવા છતાં એમાં આયોજનવૈવિધ્ય ધ્યાન ખેંચે છે. શ્રીનાથજીના મંદિરના ચોકમાં ૪.૬ મીટર અને ૬ મીટર (પંદર અને વીસ ફૂટ) જેવડી બાજુઓ ધરાવતા ચતુષ્કોણમાં નાના નાના આકારો જાણે સાડી પર બીબાં વડે કરેલી છપાઈ જેવા પથરાઈ જાય છે. પૂરા પખવાડિયા દરમિયાન બનતી સાંજીઓમાં વિષયો તથા વિગતોમાં વૈવિધ્ય હોવા છતાં પેલી દૃષ્ટિએ તે બધી સાંજીનાં સ્વરૂપો એકસરખાં જ લાગે. મંદિરો તથા હવેલીમાં કરવામાં આવતી સાંજીનો અન્ય એક પ્રકાર પણ છે. આમ તો તે પણ માત્ર ‘ સાંજી ’ નામે જ ઓળખાય છે; પરંતુ તેમાં કાગળમાંથી કાપેલા ગાળા દ્વારા રંગો ભરવામાં આવતા હોઈ, કાગળના એ સાંચા(સ્ટેન્સિલ)ના નામ સાથે જોડી આ લખાણમાં સાંચાની સાંજી એ નામે ઉલ્લેખ કર્યો છે. આ પ્રકારની સાંજી પણ વ્રજ, શ્રીનાથદ્વારા તેમજ જ્યાં જ્યાં વૈષ્ણવ સંપ્રદાયના પુષ્ટિમાર્ગી અનુયાયીઓનાં મંદિરો-હવેલીઓ છે ત્યાં ત્યાં બનાવવામાં આવે છે. પહેલાં અહીં કાગળમાં બનતા સાંચાની વાત કરી છે.

કપડાં પર ભરતકામ કરવા વેલ, બુટ્ટા જેવી આકૃતિ દોરવા માટે બે પદ્ધતિઓ વપરાતી હતી. કોઈ છીપા પાસે જઈ લાકડાંના બીબાં વડે જોઈતી ડિઝાઇનમાં બુટ્ટાઓ કાચા રંગથી છપાવી લેવા તે એક; પરંતુ આવી સગવડ બધે સ્થળે પ્રાપ્ત હતી નહીં, તેથી ગામડાંઓમાં કોઈ, આલેખન પર હાથ જામેલ, અનુભવી સ્ત્રી પાસે જઈને ‘ આળેખાવી ’ લાવવાની પણ પ્રથા હતી. ઘણી સ્ત્રીઓ પોતે પણ આ કરી લેતી. અન્ય કોઈ પાસે આલેખન કરાવવા બદલ વિનિમય પ્રથાનુસાર પાલી - બે પાલી બાજરો કે જુવાર પણ અપાતી.

બટરપેપર નામે ઓળખાતા, લગભગ પારદર્શક અને બંને તરફ મીણનું કે તેવા પદાર્થનું પાતળું સ્તર લગાડેલ કાગળ મળવા લાગ્યા. ત્યારબાદ ભરતકામ માટેનાં આલેખનો કરવાનું કામ સરળ તેમજ ઘરગથ્થુ બની ગયું. જે સ્વરૂપો ભરત માટેના જોઈતાં હોય તેમના પર અથવા તેમની ગોઠવણી પર બટરપેપર મૂકી, નીચે દેખાતી આકૃતિઓને ઘૂંટીને ઉતારી લેવાતી (‘ટ્રેસિંગ’ કરી લેવાતી). પછી તે રેખાંકન પર સોય વડે બાજુબાજુમાં છિદ્રો કરી દેવાતાં. આ રીતે તૈયાર થયેલ છિદ્રાળુ આકૃતિસ્વરૂપ ધરાવતો કાગળ તે જ આપણો સાંચો અથવા સ્ટેન્સિલ. આમાં જે લાક્ષણિકતાઓ છે તે જ અન્ય સ્ટેન્સિલમાં - વ્રજમાં વપરાતા સાંચામાં - પણ જોવા મળે છે. છિદ્ર એ કાગળ જેવી સપાટ અને બંધ સપાટીમાં એક ખુલ્લો ગાળો છે. નાના માપને કારણે તેને માટે છિદ્ર જેવી સંજ્ઞા વાપરીએ છીએ; પરંતુ ૨૫ કે ૫૦ પૈસાના સિક્કાના માપનો ગોળાકાર ભાગ જો તે સપાટીમાંથી કાપી કાઢીએ તો તેને ગાળો કહીએ છીએ; પરંતુ

મૂળભૂત રીતે આ બંને સમાન બાબત છે. નજીક નજીક છિદ્રોને કારણે તેમાં રેખાનો આભાસ થાય છે અને રેખાઓ દ્વારા આકૃતિનું સ્વરૂપ પણ આભાસિત થાય છે. છિદ્રોને બદલે રેખાંકન સીધું જ ગાળા સ્વરૂપે કાપવાનું મુશ્કેલ લગભગ અશક્ય છે. છિદ્રો વચ્ચેની કાગળની અક્ષત સપાટી કાગળને તૂટી કે ફાટી જતો અટકાવે છે, તેના ટુકડા થઈ જવા દેતી નથી. બે છિદ્રોની વચ્ચે રહેલ જગ્યાનું પણ મહત્ત્વ ઘણું છે. છિદ્ર અથવા ગાળા સ્વરૂપે કાઢી નખાયેલ ભાગોના માપની તુલનામાં એની વચ્ચે છૂટેલી / છોડેલી જગ્યા જો નાની હોય તો છિદ્રો અથવા ગાળાઓને પરસ્પર જોડતો રેખાનો આભાસ સ્પષ્ટ થાય છે; પરંતુ જો વચ્ચેની જગ્યા મોટી કે પહોળી હોય તો તે ગાળાઓના સમૂહ દ્વારા દેખાડવા ધારેલી આકૃતિ પ્રમાણમાં અસ્પષ્ટ રહે છે. આ સાથે દોરેલી આકૃતિ ૪ અને ૫ખ, ૫ગ, ૫દ જોવાથી ગાળા તથા વચ્ચેની ખુલ્લી જગ્યાના પરસ્પર સંબંધની વાત સમજવી કદાચ સરળ થશે.

સાંચાની લાક્ષણિકતા લિપિ દ્વારા લેખાતી ભાષાઓમાં પણ એક રીતે જોવા મળે છે. અક્ષરોને ગાળા ગણીએ તો તેની વચ્ચેની જગ્યાને સાંચામાં છોડાતી - ખાલી - ખુલ્લી જગ્યા સાથે સરખાવી શકાય. અક્ષરો વચ્ચેની જગ્યા ઓછી હોવાથી તેવા અક્ષરોના સમૂહને શબ્દસ્વરૂપે વાંચી શકાય છે; પરંતુ અક્ષરો વચ્ચેની જગ્યાના પ્રમાણમાં શબ્દો વચ્ચે વધુ જગ્યા છોડવી પડે છે. જો તેમ ન થાય તો શબ્દો છૂટા પાડવાનું અઘરું થાય. આનું એક જાણીતું દૃષ્ટાંત છે.

સોય વડે ગ્રોફીને ભરતકામ માટે બનાવેલ સાંચામાં વીંટી કે ઇંઢોણી જેવી આકૃતિ બનાવી શકાય; પરંતુ કાગળના સાંચામાં સળંગ કિનાર રૂપે કાપેલી આકૃતિમાં બહારની હદરેખા કાપવાથી અંદરનો પૂરેપૂરો ગાળો છૂટો પડી જતો હોઈ તે વર્તુળાકાર બની જાય. આના ઉપાય તરીકે અંદરની જગ્યા છૂટી ન પડી જાય તે માટે 'સેતુ' જેવી પટ્ટીઓ રૂપે કાપ્યા વિનાની મૂળ સપાટી રહેવા દેવામાં આવે છે. આના લીધે અંદરનો ભાગ અને બહારનો ભાગ પરસ્પર, ખરેખર(આભાસરૂપે નહીં) જોડાયેલ રહે છે અને કાપેલા ગાળાઓ જોવાના સમયે જોનાર(અક્ષરના સમૂહને શબ્દરૂપે, સાથે સાથે જોઈએ છીએ તેમ) તેને સમૂહ તરીકે જોઈ ઇંઢોણી-આકારે સ્વીકારે છે.(જુઓઆકૃતિ૫A, ૫B, ૫C)



આકૃતિ : ૫A : કાગળ-કટાઈમાં બહારની વર્તુળાકાર રેખાએથી ગાળો કાપવાથી અંદરનું વર્તુળ પણ કપાઈ જાય છે. ૫B : અંદરના નાના વર્તુળને તેના સ્થાને રાખવા, બહારની તરફના કાગળ સાથે જોડી રાખવા બે 'સેતુ' જેવી પટ્ટીઓ રાખવી પડે છે.

૫C : 'સેતુ'ને રૂપરચના(ડિઝાઇન)નો ભાગ બનાવી દેવાયો છે.

રેલવેમાં યાત્રાળુઓએ પાળવાના નિયમો સમજાવતું લખાણ પહેલાં આવા સાંચા દ્વારા છાપવામાં આવતું હતું. તેમાં ગાળાઓ સેતુઓ તથા બે પંક્તિઓ કે શબ્દો વચ્ચેના માપનું જરૂરી પ્રમાણ જળવાતું ન હોઈ તે વાંચી અર્થ ઉકલેવાનું લગભગ અશક્ય બની જતું હતું. સાંચા વડે બનાવાતી સાંજીમાં વ્રજયાત્રા સાથેનાં સ્થળો તથા લીલાપ્રસંગો દર્શાવાય છે. તે માટે શાળામાં જતાં બાળકોની નોંધપોથીના માપના કાગળ પર સાંચા કોરવામાં આવે છે; જેમાં ઘાટ, વૃક્ષ, કપિ, ગાય, મોર, ગોપી, કૃષ્ણના વેણુધર, માખણચોર વગેરે સ્વરૂપો જેવી અનેક બાબતોના સાંચા બનાવી રખાય છે. આવા સાંચાનો ઘટકો સ્વરૂપે ઉપયોગ કરી વિવિધ સ્થળો તથા પ્રસંગો દર્શાવી શકાય છે; પરંતુ કેળની સાંજી જેમ સાંચાની સાંજી વિસ્તૃત હોતી નથી. એક મોટા બાજોઠ જેવા ફલકની વચ્ચે ૦.૩૦૪૮થી ૦.૪૬ મીટર (એકથી દોઢ ફૂટ)ની ચતુષ્કોણીય ભૂમિ પર સાંચાની ગોઠવણી દ્વારા લીલાપ્રસંગ કે વ્રજનું સ્થળ દર્શાવાય છે. તેની ચારે તરફ વેલ, બુટ્ટા તથા ભૌમિતિક આકારોની આંટીઘૂંટીભરી, ખૂબ જ ચતુરાઈ તેમજ હસ્તકૌશલ્યના પ્રદર્શન સમી રૂપ-રચના કરી બાજોઠની બાકીની બધી જગ્યા ભરી દેવાય છે.

આ માટે બાજોઠની વચ્ચોવચ રંગચૂર્ણ(ચિરોડી) ભભરાવી તે વડે જરૂરી માપમાં, જોઈતા રંગની ભોંય તૈયાર કરાય છે. ત્યારબાદ ભોંયની સપાટી બગડે નહિ તેનું ધ્યાન રાખી તેની પર જોઈતા સ્વરૂપનો સાંચો મૂકી બીજો રંગ ભભરાવી કાળજીપૂર્વક સાંચો ઉઠાવી લેવાય છે, જેથી સાંચાના ગાળામાંથી ભોંય પર બીજા રંગની આકૃતિ 'છપાઈ' જાય છે. એક પછી એક સાંચા યોગ્ય સ્થાને મૂકી આકૃતિઓ ઉમેરતા જઈ આખરી સ્વરૂપ અપાય છે.(ચિરોડીને કરોઠી પણ કહે છે.)

આજે કાપડ અને કાગળ ઉપરાંત કાચ, પ્લાસ્ટિક, ધાતુ જેવી અનેક સપાટીઓ પર છાપકામ માટે ખૂબ પ્રચલિત થયેલ 'સ્ક્રીન-પ્રિન્ટિંગ' પદ્ધતિ એ સાંચાનું જ વિકસિત સ્વરૂપ છે. છાપકામની અન્ય પદ્ધતિઓમાં સવળી છાપ લેવા માટે બીબું અવળા સ્વરૂપે તૈયાર કરવું પડે છે; પરંતુ સાંચામાં બીબું તથા છાપ અવળા-સવળા સ્વરૂપે બદલાતાં નથી. વળી કાગળ જેવી સપાટી પર કોરેલ સાંચાનો બંને બાજુએથી ઉપયોગ કરી શકાતો હોઈ અવળી તથા સવળી – એમ બે પ્રકારની છાપ મેળવી શકાય છે. છાપની અન્ય કોઈપણ પદ્ધતિમાં આ શક્ય નથી.



આકૃતિ ૬ : રેલવેના ડબ્બાઓમાં જોવા મળતી - સાંચા વડે છાપેલી અને 'સેતુ'ઓને કારણે અસ્પષ્ટ જણાતી સૂચના

સાંચા બનાવનારા કારીગરો વ્યાવહારિક કારણોસર નાના, હલકા પ્રકારના કાગળમાં ક્યારેક તો વપરાયેલી, જૂની નોંધપોથીના કાગળોમાં સાંચા બનાવે છે; પરંતુ પોતાની મોજ ખાતર તથા સર્જનાત્મકની મોકળી અભિવ્યક્તિ માટે મોટા તેમજ ખૂબ ઝીણવટ તથા કૌશલ્ય ધરાવતી સાંચાની કલાકૃતિઓ પણ બનાવે છે. એ પ્રકારની કૃતિને સાંચો કહેવો તે યોગ્ય નથી (કેટલાક લોકો તો કાગળમાં કટાઈ કરીને બનાવેલી કૃતિને જ 'સાંજી' કહે છે); કેમ કે એ કૃતિ સાંજી-પ્રકારે છાપ લેવા માટે બનાવાઈ હોતી નથી. સાંચો એ એક વચલો તબક્કો કે માધ્યમ છે. કલાકૃતિ તરીકે બનાવેલ કટાવકામને માટે ઝીણવટસભર વિગતો તથા એક છેડે છુટ્ટી તેમજ ખૂબ નાજુક પાતળી રેખાઓ જેવી પટ્ટીઓ પણ કાપી શકાય; પરંતુ સાંચા તો રેતી જેવી ચિરોડી વડે છાપ લેવા અને તે પણ વારંવાર ઉપયોગમાં લેવાના હોઈ આ પ્રક્રિયાઓના માર તથા ઘસારા સામે ટકી રહે તેવા સ્વરૂપે જ બનાવવા પડે છે. ચીન, જાપાન તથા પૂર્વ યુરોપના દેશોમાં તો કાગળ-કટાઈ લોકકલા-સ્વરૂપે પણ પ્રચલિત છે. વ્રજયાત્રા તથા લીલા આલેખતાં સ્વરૂપોની આસપાસ બનતી ભાતમાં રંગવૈવિધ્ય માટે ઘણા સાંચાઓ ઉપયોગમાં લેવાય છે. કાપડ પર બુટ્ટો છાપવા માટે બે-ત્રણ બીબાં તો જોઈએ જ. ક્યારેક તો વળી ચાર કે પાંચ બીબાંઓ દ્વારા તે બુટ્ટો છપાય છે. એક બીબાં વડે એક જ ભલે પણ કોઈ એક જ રંગ છાપી શકાય છે. આ પરિસ્થિતિ સાંચા માટે પણ એટલી જ સાચી છે. એક સાંચા વડે એક સમયે એકથી વધુ રંગોની છાપ લેવી તે અશક્ય ન હોવા છતાં અવ્યવહારુ હોઈ તેવું કરાતું નથી. દરેક રંગદીઠ જુદા જુદા સાંચા બનાવવા પડે છે. દરેક રંગ યોગ્ય સ્થાને જ છપાય તે માટે એક પ્રકારની માત્રામેળ જેવી વ્યવસ્થા પણ સાંચા બનાવનારે કરવી પડતી હોય છે. છાપકામની પરિભાષામાં એને 'રજિસ્ટ્રેશન' કહે છે.



આકૃતિ ૭ : મંદિરોમાં સાંજી માટે વપરાતા વિવિધ કાગળ-કટાઈના સાંચાઓ

ઘણાં મંદિરોમાં પણ હવે પૂરા પંદર કે સોળ દિવસને બદલે શ્રાદ્ધ પક્ષના છેલ્લા ચાર-પાંચ દિવસો દરમિયાન જ સાંચા વડે સાંજી બનાવવાનું વલણ વધતું ચાલ્યું જાય છે. ત્રણ-ચાર પુરુષો, ચાર-પાંચ કે વધુ કલાકો કામ કરીને સુંદર રૂપ-રચના બનાવે છે. ચિરોડી ભભરાવીને રંગીન આકાર બનાવતાં તેની કિનાર અસ્પષ્ટ રહેવા સંભવ છે, જ્યારે સાંચા દ્વારા છાપ-સ્વરૂપે બનેલ આકારની કિનાર ખૂબ ધારદાર સ્પષ્ટ હોય છે.

વિચિનોનકી

પ્રાચીન અને મધ્યકાલીન સમય દરમિયાન વિશ્વના વિવિધ પ્રદેશના લોકો ભારતમાં આવતા-જતા રહ્યા છે, કેટલાક તો વસી પણ ગયા છે. કદાચ આવાં કારણોસર એકબીજા વચ્ચે વિશાળ અંતર ધરાવતા પ્રદેશોમાં પણ ક્યારેક પરસ્પર સામ્ય ધરાવતાં કલાસ્વરૂપો મળી આવે છે.

વ્રજ-વિસ્તારમાં થતી સાંજીમાં વેલ-બુટ્ટા ધરાવતી, આંટીઘૂંટીવાળી જે રૂપરચના થાય છે તેમાં અને આંધ્રપ્રદેશના 'તેલંગી-ભૂલ' નામે ઓળખાતા રંગોળી-પ્રકારમાં જોવા મળતી રચનાઓમાં સામ્ય જોવા મળે છે. વૈષ્ણવ સંપ્રદાયના પુષ્ટિમાર્ગના સંસ્થાપક શ્રી વલ્લભાચાર્યજી આંધ્રના હતા. તેથી તેમની સાથે ઘણા આંધ્રનિવાસીઓ પણ વ્રજવિસ્તારમાં જઈને વસ્યા એ બાબત પણ કદાચ ઉપર્યુક્ત સામ્યમાં કારણભૂત બની હશે.

આપણે ત્યાં થાય છે તેમ પોલેન્ડ તથા ચીન, કોરિયા અને જાપાનમાં પણ કાગળ-કટાઈ પર આધારિત કલાકૃતિઓ લોકકલાસ્વરૂપે વિકસી છે. જાપાનમાં તો કટાઈ દ્વારા બનાવેલ સાંચાનો છાપ લેવા માટે ઉપયોગ થાય છે; પરંતુ ચીનની જેમ પોલેન્ડમાં પણ કાગળ પર કટાઈકામ વડે કલાકૃતિઓ બનાવવાની પ્રથા છે. આ પ્રણાલીમાં મુખ્ય બે પ્રકારો જોવા મળે છે. કોઈપણ એક જ રંગના કાગળ પર કટાઈ દ્વારા બનાવેલી, છાયાચિત્ર જેવી પણ ઝીણવટ ભરેલી જાળીદાર વિગતવાળી આકૃતિ તૈયાર કરાય છે. તેવા પ્રકારને વા-વિત્ય કહે છે. જ્યારે બીજો પ્રકાર વિચિનોનકી નામે ઓળખાય છે. તેમાં વિવિધરંગી કાગળ પર કાપેલી આકૃતિઓની એક ઉપર એક – એ પ્રમાણે ગોઠવણી કરાય છે. આ કારણે સૌથી નીચલા સ્તરની આકૃતિ સૌથી મોટી હોય છે તથા એ જ મુખ્ય હોઈ તેનો બાહ્યાકાર જોતાં જ એની પહેચાન મળી રહે તેવી વિગતોનો પણ સમાવેશ કરી લેવાય છે. એ આકૃતિની ઉપર ક્રમવાર ત્રણ-ચાર સ્તર લગાડવામાં આવે છે. સામાન્ય રીતે આ ઉપરના સ્તરો મૂળ, મુખ્ય આકૃતિ પર સુશોભનરૂપે કરાય છે.

કેળની સાંજીમાં ઉપયોગમાં લેવાતી આકૃતિઓ અને વિચિનોનકી સ્વરૂપો વચ્ચે પણ સામ્ય જોવા મળે છે. આ પ્રકારની વિચિનોનકી આકૃતિઓ પણ જોવા મળે છે. આ બંને પ્રકારોમાં એવી આકૃતિઓ પણ જોવા મળે છે કે જે 'સિમેટ્રિકલ' હોય, એટલે કે એવી આકૃતિ કે જેનો ડાબો અર્ધો ભાગ જમણી બાજુના જેવો – દર્પણ પ્રતિબિંબ જેવો હોય કે કોઈ એક ભાગ બીજાના પ્રતિબિંબ જેવો હોય. ક્યારેક આખી આકૃતિના પ્રતિબિંબ જેવી

બીજી આકૃતિ પણ હોય. આવી આકૃતિ બનાવવા માટે કાગળ(કેળના પાન)ને વચ્ચેથી બેવડી કે ચોવડી ગડ પ્રમાણે વાળીને અથવા બે કે ચાર કાગળને સાથે જોડેલા રાખીને કાપવામાં આવે છે. વિચિનોનકીમાં ઝીણવટ ઘણી જળવાય છે; કેમ કે, કેળના પાનની સાંજીની આકૃતિઓ જેમ એને માત્ર થોડા કલાકો જોવા જ નહિ; પરંતુ દિવસો, બલકે મહિનાઓ કે વરસો સુધી જોવા, માણવા માટે બનાવવામાં આવે છે.



આકૃતિ ૮ : વિચિનોનકી નામની, પોલેન્ડની કાગળ-કટાઈનું સ્વરૂપ

આ સાથે આપેલી આકૃતિ ૮માં પોલેન્ડની વિચિનોનકી પ્રકારની લોકકલાનાં સ્વરૂપો જોવા મળે છે. જ્યારે આકૃતિ ૩ અને ૪ વ્રજપ્રદેશમાં થતી સાંજીમાં વપરાતા સાંચા દર્શાવે છે. આ દરેકમાં રૂપ-રચના એવી કૌશલ્યપૂર્વક કરવામાં આવી છે કે તેની વિગતો જ સેતુઓ બની રહી કાગળને તૂટી જવા દેતી નથી અને છતાંય રેલવે વિભાગની કટાઈ કરેલ સાંચાથી છાપેલ સૂચના પ્રમાણે અસ્પષ્ટતા પેદા થતી નથી.

વ્રજનાં મંદિરોમાં સાંચાની તથા કેળનાં પાનની – એમ બંને પ્રકારની સાંજી જોવા મળે છે; પરંતુ તે માટે કયો પ્રકાર ક્યારે કરવો અને કેટલા દિવસ – એ અંગેના નિર્ણયો મંદિરોનાં મુખિયાજીઓ પોતાની અનુકૂળતા પ્રમાણે કરતા હોય એવું લાગ્યું છે. રાજસ્થાનમાં આવેલ શ્રીનાથદ્વારા મંદિરમાં પૂરા શ્રાદ્ધપક્ષ દરમિયાન કેળના પાનની સાંજી કરવામાં આવે છે. તિથિ પ્રમાણે સાંજીમાં કયા વિષયની રજૂઆત કરવી તેની વિગત આ સાથે અહીં આપી છે :

તિથિ	*સાંજીમાં ચિત્રિત સ્થળ*
પૂનમ	વિશ્રામઘાટ
આઠમ	ભોજનથાલી, ગુલાબકુંડ
પડવો	મધુવન તથા તાલવન
નોમ	નંદગામ, બરસાના
બીજ	બહુલાવન તથા શાંતનુ કુંડ
દશમ	કરેલાવન, કોકિલાવન
ત્રીજ	કુમુદવન
એકાદશી	લાલબાગ (નાથદ્વારા)
ચોથ	કૃષ્ણકુંડ તથા રાધાકુંડ
બારસ	ચીરઘાટ
પાંચમ	દાનઘાટી
તેરશ	વૃંદાવન, શેષશાયી
છઠ	કુસુમસરોવર, ચંદ્રસરોવર
ચૌદશ	શ્રી દાઉજી, શ્રી ગોકુલ
સાતમ	ગિરિરાજજી, ગુલાલકુંડ
અમાસ	કોટ (દ્વારકા)

પૂર્ણિમાથી શરૂ કરાતી વ્રજની સાંજીમાં પ્રથમ દિવસે વીરનબેટી બનાવાય છે. આ સાંજીનું પિયરનું નામ છે. વીરનબેટી તરીકે, તેના પ્રતીક રૂપે પાંચ થાપિયા બનાવાય છે. પડવે ડોળી દર્શાવાય છે જે પિયરમાં સાંજીના પદાર્પણનું પ્રતીક છે. બીજ તથા ત્રીજના દિવસે તિબારી(ઓશરી) બનાવી સાંજીને તેમાં બેસાડાય છે. તેના સત્કાર તથા મનોરંજન માટે ચોથે ચોપાટ, પાંચમે પાન-સોપારી અને છઠ્ઠે છાબડી-મીઠાઈની જ તો વળી - મંડાય છે. સાતમે સાથિયો, આઠમે અષ્ટદલ પદ્મનું લોકસ્વરૂપ અઠકલિયા ફૂલ, નોમે નાવડી અથવા નાળિયેરી માંડી સાંજીને પ્રકૃતિદર્શનની તથા દશમે પાન અને એકાદશીએ શિંગોડાં બનાવી સાંજીને વ્રતની સામગ્રી પૂરી પડાય છે. બારશને દહાડે ઓઢવા-પહેરવા એને ઓઢણી મળે છે; પરંતુ સાંજી તો પતિની યાદમાં ભાન ભૂલી બાવરી થઈ ગઈ હોઈ તેરશે તેને નિસરણી અપાય છે, જેથી પતિના દેશથી એના વાવડ દેવા કોઈ આવે છે કે નહીં તે જોવા તેની ઉપર ચડી મારગ નિહાળી શકે. નિસરણીને સ્થાને ક્યારેક ખજૂરી પણ બનાવાય છે. ચૌદશે સાંજીના પતિના આગમનની જાણ આપતો કાગડો તથા લંગડો-ખોડિયો બ્રાહ્મણ બનાવવામાં આવે છે. અંતિમ દિવસે - અમાવાસ્યાએ નરવર કોટ બનાવાય છે, જે પતિ સાથેના સાંજીના મિલનનું પ્રતીક મનાય છે.

સંજાવ્રત કરતી બાળાઓ પૂજા કરતી વખતે તેમજ વિસર્જન વખતે ગીતો ગાતી હોય છે.

કેટલાંક લોકગીતોમાં કુટુંબીજનોનાં ખાટા-મીઠા સંબંધોની ઝાંખી પણ વ્યક્ત થઈ છે. નારીને પિયરિયાં પોતાનાં અને વધુ અદકાં લાગે, વહાલાં લાગે; જ્યારે સાસરિયાંઓ તો જાણે કે પરાયાં, દવલાં હોય એવું પણ વારંવાર ગવાતું હોય છે. સાંજીગીતોમાં પણ આ પ્રકારની ભાવના પ્રગટ થયેલી જોવા મળે છે.

પોતે પ્રેમભાવે બનાવેલ લાડુના સ્વાદની જરાય પરખ ખાખરની ખિસકોલી જેવા – ‘ નિગોડા ’ સાસરિયાંઓને નથી તેવી અંતરવ્યથા તેમાં ક્યારેક સંભળાય છે તો અન્ય સખીઓએ બનાવેલી સાંજીની તુલનામાં પોતાની સાંજીને વધુ મહત્ત્વ આપતું ગીત પણ બાલિકા ગાતી હોય છે.

- જ્યોતિ ભટ્ટ

[સાભાર : ‘ગુજરાતી વિશ્વકોશ’ : પ્રધાન - સંકલન :
ડો. ધીરુભાઈ ઠાકર, અમદાવાદ (વો : ૨૩, પૃ. ૨૬૬થી ૨૭૩)]































સૌજન્ય : શ્રી લલ્લુજી મહારાજનું મંદિર, સુરત.

સાંઝી - પદ

લેખક : જયંતભાઈ દેસાઈ. દાહોદ

જીવન વ્યવહારમાં ઘરકામ કે ઉદ્યમથી પરવારી જીવ સાંજ પડ્યે સામાન્યતઃ નિરાંત અનુભવતો હોય છે. તેના નિરાંતના સમયે પોતાના પ્યારા જીવો અને તેમની સાથે ઘટેલ અનેકવિધ ઘટનાઓ યા ઘટવા યોગ્ય પ્રસંગો તેમને સ્ફૂરે છે. લૌકિક સંબંધે થતી સ્ફૂરણાને આપણે ઘટના કે પ્રસંગો કહીએ જ્યારે પ્રભુ સાથેના તેવા પ્રસંગો લીલા દેખાય છે. લીલાને નિત્યત્વ સાથે સંબંધ છે જ્યારે લોકો યા સ્વજનો સાથે બનેલા અગર બનવા અપેક્ષીત સંબંધો સમયાંતરે ભૂલતા-વિલાતા રહે છે. પ્રભુ સાથેની લીલાનુભુતિ કે જે ભગવદીયો, ભક્તજનો કે વ્રજજનો દ્વારા અનુભૂત છે તે સદા સર્વદા ગવાતી આવી છે, તેનું સનાતનત્વ અચળ હોઈ નિત્યલીલા તરીકે ઓળખાય છે અને તેનું થતું ચિત્રાંકન સાંઝી કહેવાય છે. સાંઝીએ કાંઈ સિધ હસ્ત કળાકારો વિવિધ રંગોથી પ્રદર્શનાર્થે દોરાતી રંગોળી નથી.

વ્રજની ગોપિકાઓ ઘરકામમાં વ્યસ્ત રહે સાથે તેમનો પ્રભુસાથેનો સંબંધ અતૂટ રહેતો. જળ ભરવા જાય તો ત્યાં પણ પ્રભુ મિલનની અપેક્ષા અને સ્નાન કરવા જાય તો ત્યાં પણ, ઘરમાં વલોણું કરે તો ત્યાં પણ અને ઘરમાં દીપ સળગાવવા માટે નંદબાબાને ત્યાં દીપ લેવા (દીપદાન) જાય ત્યાં પણ અપેક્ષા પ્રભુ મિલનનીજ રહે. પ્રભુ પાછા (યોયથામામ્ પ્રપદ્યન્તે તામ્ તથૈવ ભજામ્યહમ્ ન્યાયે) તેવે તેવે પ્રસંગે, તેવા તેવા સ્થળે, તેવી તેવી રીતે તેમને દર્શન-સાનુભાવ-લીલાનુભુતિ કરાવતા. માત્ર સારસ્વત કાળમાંજ નહીં, આજે પણ કરાવે છે. ગોપિજનો - ભક્તજનો માટે જીવનવ્યવહાર એ તો માત્ર સાધન છે. ફળ તેમને માટે બ્રહ્મ સંબંધ - બ્રહ્મ સાથેનો સર્વાંગ સંબંધ છે. સમય તેને માટે આજીવન જેટલો જ નહીં, જન્મજન્માંતરનો છે. નિત્ય છે. આવા સંબંધના અંકનને જ આપણે સાંઝી કહીએ છીએ.

પ્રભુની લીલા પ્રસંગોનું અંકન - સાંઝી ઘરના મુખ્ય દરવાજા પાસે અગર ભીંતપર થતું હોઈ પ્રભુના વિહાર કે વિરહ પ્રસંગોના તે અંકનોના દર્શન કરવા પ્રભુ સ્વયં સાંજના સમયે ત્યાં પધારતા હોઈ પ્રભુના સ્વાગાતાર્થે લક્ષ્મીજી તે દરવાજા ઉપર સ્વયં તોરણ બાંધિ માળાની કામગીરી બજાવે છે. આપણા પૂજ્ય ..... ગો. બાળકો સ્વામિનિજી ભાવે પ્રભુસેવામાં પહોંચતા હોઈ. આપશ્રીના બેટીજી નિજમંદિરના દરવાજે ખૂબ જ ભાવપૂર્ણ સાંઝી તિથિ ક્રમાનુસાર અંકન કરે છે.

સાંઝી પ્રિયા-પ્રિતમને મળવાનું અગર પરસ્પર સ્મરણનું ઉત્તમ સાધન હોઈ વ્રજાંગનાઓ ઈચ્છા કરે છે કે વનમાં થતા વિવિધ રંગના ફૂલ વડે સાંઝી સજાય તો ફુલ મેળવવા ..... વન વિહાર પણ શક્ય બને. પ્રભુની માલણલીલામાં તેનો પાયો છે. વનનો માળી-રખેવાળ ફુલ વડે સુંદર સાંઝી સાજનાર સખી સ્વરૂપે કારીગર છેક સૈયામંદિરમાં પહોંચી જાય છે.

રાધે શ્યામના મિલના પ્રસંગોના પ્રત્યક્ષ દર્શન અને તેનું કિર્તનો - કાવ્યાંકન આપણા અષ્ટછાપ કિર્તનકારોથી વિશેષ સારી રીતે કોણ કરી શકે? કિર્તન સંગ્રહના વિવિધ પુસ્તકોમાં ઘણાબધા કિર્તનો દ્વારા તેનું સુંદર સંકલન જોવા મળે છે. સાંઝીલીલાના પદો શિર્ષકથી તે નિર્દેશાય છે. પદ અને તેનો શબ્દાર્થ વ્રજભાષાની સહજ સમજ હોય તો જાણી શકાય પણ તેનો ભાવાર્થ અને તેમાં રજૂ થતી પરસ્પર ઉર્મિનો આશય સમજવો તે અલૌકિક દેન છે. 'નામ સાંઝીનું, કામ મિલનનું'

પદો ભલે સાંઝીના પદ કહેવાયા પણ હકીકતમાં તેમાં સાંઝીના વર્ણન કરતાં પ્રિયા-પ્રિતમના મિલન પ્રસંગો તથા મિલનના પાત્રો અને મિલન સ્થળના સૌંદર્ય જ નવાજાયા છે. હવે એકાદ પદ એવું વિચારીયે કે જેમાં સિધ થયેલ સાંઝીનું જ સૌંદર્ય વર્ણવાયુ હોય.

રસિક શિરોમણી શ્રી કનૈયાલાલજી મહારાજ કે જેઓ 'પુરુષોત્તમ' છાપ ધારણ કરે છે (કાકા ગિરધરજીના વચનામૃત ક્રમ-



સૌજન્ય : શ્રી લલ્લુજી મહારાજનું મંદિર, સુરત.

૩૧) શ્રીમદ્ ગોકુલમાં શ્રી ગોકુલનાથજીના મંદિરમાં શ્રી ગોકુલેશપ્રભુ સન્મુખ અંકિત થયેલ સાંઝીના દર્શન કરતાં (રાગ-ખમાસમાં) લલકારે છે : ''સાંઝી ભલી બન આઈ રે...'' (કિર્તન સંગ્રહ પૃષ્ટ ૨૭૭) પૂ. પા. ગો. બાળક જ્યારે પ્રગટ વદે કે ''સાંઝી ભલી બન આઈ રે...'' તો તે સાંઝીમાં ફુલ વડે અંકન થયેલ પ્રિયા-પ્રિતમના મિલનનું ચિત્રનું નિર્માણ - ભાવ સભર રીતે અવલોકિયે.

નંદગામથી સખી ભેખે ઠાકોરજી (સાચુ પૂછો તો શ્રી ગોકુલેશ પ્રભુ) અને રાવલ ગામથી રાધાજી મિલનાર્થે પરસ્પર ગલબાંહ કરવા આવી ઠાડા છે. ઉભય સ્વરૂપની સજાવટ ચરણકમળથી અવલોકીએ તો કમળ પાંખડીથી ચરણ સજાવાયા છે અને તે ઉપર નખમણી ચંપાકળીના ઝીણા પર્ણોથી જંઘા પર્યંતનું અંગ કેળના ખંભમાંથી પડ છૂટા પાડી સિધ્ધ કરાયું છે અને તે ઉપર આવરણ (ચણીયો) કેતકીના પીળી છાંટ વાળા લાલ ફુલથી. તે ઉપર નાજુક - પાતળી કમર-કટી પ્રદેશ સિધ્ધ થયો નિલ અને શ્વેત કમળ પાંખડીથી. ઉપર ઉંદર અને વક્ષસ્થળ સિધ્ધ થયું આરક્ત કમળ પાંખડીથી તે દેહલાલિત્ય સજાવાયું નિલા વેલા અને રજનીગંધાની પુષ્પ માળાઓથી શ્રીકંઠ સિધ્ધ કરાયો આછા પીળા પારિજાત પુષ્પોથી અને મુખારવિંદ સૂર્યમુખિની પીળી આછી પીળી પાંખડીથી. રક્ત કમળ ખાંખડીથી નેત્ર સિધ્ધ થયા તો ભૃકુટિ કોમળ કોયલ પાંખડીથી. અંજન અંકિત થયું શ્યામ (કમળ) વ્રજથી તો કીકીનું અંકન થયું ભૂરા કોયલ પુષ્પ પાંખડીમાંથી કાપેલ ટીલકી લડે. મંદ મુસ્કાન કરતા મુખકમળની નમણી નાસિકા સિધ્ધ થઈ ચંપાકળીથી તો તે ઉપર વેસર, ગજમોતિ વિ. સિધ્ધ થયા કનેરની કળી અને પારિજાતકના મિલનથી ચિબૂક અંકિત થયું કોયલ કળીથી તો ખંજન ગુલાબી ગુલપાંખડીથી અલકાવલી ગુંથાઈ ટગરકળીથી તો વેણી મોગરાના ફુલથી. નીચે ફુમતું બાધ્યું પીળી તથા ગુલાબી કરેણથી અલકાવલીની નીચે સૌભાગ્ય બિંદી (ટીલકી) અંકીત થઈ રક્ત ગુલાબની ઝીણી ગોળ પાંખડીથી તો આડ અંકિત થઈ ગુલમહોરની વાળીને બનાવેલી અર્ધગોળ પટ્ટીથી નેત્ર નજીક કમળ પત્ર અંકિત થયા કેશર તથા પારિજાતક પુષ્પની રતુમડી દાંડીથી બાહુ ભુજા વિ. સિધ્ધ થયા કેળ ખંભમાંથી કોરી કઢાયેલા પાતળા પડમાંથી તો હસ્તકમળ કેતકીપર્ણમાંથી શ્રી હસ્તના શૃંગારમાં બાજુબંધ, કડા, કંકણ વિ. સિધ્ધ થયા ચંપાકળી અને ટગરકળીની ગુંથણીથી તો અંગુઠી બની મોગરકળીની નખમણીની શોભા પ્રગટ કરાઈ ચંપાકળીની ઝીણી પાંખડીથી.

સ્વરૂપોની પશ્ચાતભૂમિમાં અંકિત થયેલ આથમતો સૂર્ય અને વળાંક પામી બનતો યમુનાજીનો પુલિત શોભામાં અભિવૃદ્ધિ કરતા હોઇ ગો. શ્રી કન્હૈયાલાલજી મહારાજ શ્રી ફરીફરી લલકારી રહ્યા, ''સાંઝી ભલે બન આઈ રે... સાંઝી ભલે... બન...''

પ્રભુને અંગિકાર કરાવવા માટે સિધ્ધ થતિ આવી વિવિધ પ્રકારની સાંઝીની સંધ્યા સમયે પ્રભુ સાથે આરતિ ઉતારાય પછી તે પણ ભગવાન સ્વરૂપ હોઈ સુંદર પટ વસ્ત્રથી તેને આચ્છાદીત કરવામાં આવે અને બીજી સવારે મંદિર માર્જન કરવા પહેલાં છાબમાં સંકેલી લઈ વિસર્જનાર્થ જળાશયમાં પધરાવવામાં આવે.

સાંઝી લીલા શબ્દચિત્રો શું પ્રગટ કરી શકે? તે માટે તો કુશળ કારીગરની હસ્ત કળા ભીંત ઉપર યા જમીન ઉપર પથરાય તોજ આનંદ આવે. હા, કોઈ જન્મજાત કલાકાર (બોર્ન આર્ટિસ્ટ) રંગ વૈવિધ્યથી કાગળ ઉપર કાંઈક જરૂર ઉપસાવી શકે. શ્રી ગોપાળભાઈ આ પુસ્તકમાં તે અપેક્ષા સાર્થક કરે છે. તેમના નૈપુણ્યને વર્ણવવા શબ્દો ક્યાંથી લાવવા?

મોક્ષદા એકાદશી '૬૫
મંગળવાર



ચિત્રકાર : ગોપાલદાસ, ભરૂચ

સાંઝીના પદ

રાગ : પૂર્વી

આઈ હૂઁ અકેલી સાઁઝસાઁઝીકે કુસુમ લેંન ભલૌ મિલ ગયૌ તૂ જાત ઘર ગાય લૈ ।
આયો ઘનઘોર મેહ સૂઝત નહીં કછુ ગેહ ચુંદરી ચટક રંગ નીરતેં બચાય લૈ ॥ ૧ ॥
ચપલા ચમક ચકચોંધી તે ડરત હોં અરે નિરમોહી અંગ સંગ ક્યોં ન લગાય લૈ ।
કહાવત હૌ સુજાન કીજિયે પૈ ન માન યહી હૈ સયાન કારી કામરી ઉઠાય લૈ ॥ ૨ ॥

કોઈ ગોપી જેને અચાનક શ્રી ઠાકોરજી મળ્યા છે એ કહેવા લાગી, ''અરે ઓ કનૈયા! આજે હું અહીં સંધ્યા સમયે સાંઝીને માટે ફૂલ લેવા આવી છું. બહુ જ સારું થયું કે, આપ ગાયોને ઘરે લઈ જતા મળી ગયા. જુઓ આ સમયે ઘનઘોર મેઘ ચારે તરફથી ઘેરીને આવ્યો છે. ઘરનો રસ્તો દેખાતો નથી. મારી આ ચૂંદડી, જે ચટકીલા રંગમાં રંગાયેલી છે, વરસાદના કારણે ભીની થવાથી રંગ ધોવાઈને મારા શરીર ઉપર ઊતરી આવશે. એ રંગવાળા પાણીથી મને બચાવી લો. જુઓ ઉપર ઘનઘોર વાદળોમાં જે વારંવાર વીજળી ચમકી રહી છે તેના તેજ પ્રકાશથી મને બીક લાગે છે. હે કૃષ્ણ, તમને તો કોઈનાથી મોહ નથી. વીજળીની ચમકથી મારા જેવી ડરપોકને આપ આપના શ્રી અંગથી કેમ લગાવી નથી દેતા? તમે તો બધું જ જાણો છો. કૃપા કરીને આપના મનનું કોઈ પણ પ્રકારનું મોટાપણું ન વિચારો. હવે તો એટલી જ સમજદારી સારી છે. કૃપા કરીને મને આપની કાળી કામળી ઓઢાવી દો.''









સાંઝી લીલામાં રસ મંડન

રાસ પંચાધ્યાયીમાં વ્રજગોપીઓ પાંચ પ્રકારની છે. શ્રી ઠાકોરજી પ્રસંગોપાત્ત તેમની મધ્યમાં બિરાજી રહ્યા છે. પ્રભુએ સંકલ્પ કર્યો છે કે રાસના માધ્યમથી આ બધાને રસનું દાન કરવું છે. શુકદેવજીએ એવા વિચારવાળા શ્રી કૃષ્ણને ''ગોપી મંડળ મંડન''ના ભાવમાં જોયા. ત્યાં શ્રી ઠાકોરજીને પાંચ પ્રકારના રસ મંડનમાં જોયા.

(૧) ભાવરસ મંડન : પુષ્ટિ માર્ગમાં શ્રીઠાકરોજી કોઈ પણ અવસ્થામાં, કોઈ પણ અવસ્થાની લીલા કરે છે. (બાલ-કિશોર-પૌગંડ) બાલ્યાવસ્થામાં કિશોર અવસ્થાની લીલા બતાવે છે. તે ભાવ રસ મંડન છે.

(૨) લીલારસ મંડન : કોઈ પણ કલ્પ અથવા યુગની લીલા શ્રી યશોદાજીના ભુવનમાં બતાવે છે. સત્‌યુગમાં વામન અવતાર, દાનલીલા, ત્રેતાયુગમાં રામાવતાર, કરખાનાં પદ અને બીજી ઘણી લીલાઓનું દર્શન કરાવે છે. તે લીલારસ મંડન છે.

(3) શૃંગારરસ મંડન : સારસ્વત કલ્પથી લઈને આજ સુધી જેટલા પણ રાજસ, તામસ, સાત્ત્વિક, નિર્ગુણ ભક્ત થયા છે, તે બધાનો શૃંગાર નંદાલયમાં અંગીકાર કરવો તે શૃંગારરસ મંડન છે. (આ શૃંગારરસ મંડન શ્રી ગુસાંઈજીના શૃંગારરસ મંડનથી અલગ છે.)

(૪) વ્રજરસ મંડન : આ ભગવાન જ્યારે ઈચ્છે છે ત્યારે પ્રગટ થાય છે. તે સમયના ભક્તોની વ્યવસ્થા અલગ અલગ રીતે કરે છે. પરંતુ વ્રજ ભક્તોની પુષ્ટિ ભક્તોના અનુગ્રહ માર્ગથી જુદી વ્યવસ્થા કરતા નથી અને સ્વરૂપ સ્થિતિ પ્રદાન કરે છે. આ સ્વરૂપ સ્થિતિથી પોતાને આનંદ રૂપ બધી વ્રજરસ મંડનનું સામર્થ્ય છે.

(૫) કલારસ મંડન : ક્યારેક સર્વ સામર્થ્યવાન પ્રભુ બ્રહ્માદિ દેવ, મનુ આદિની પરંપરા, મરિચી આદિ ઋષિઓના ધર્મ, સનકાદિઓનું તપ, નારદનું પંચરાત્ર, રુદ્રનું નિર્ગુણવાદ, એમનો જીવન રસ, યુગે યુગે પ્રભુ અંગીકાર કરે છે. તે કલારસ મંડનનું સામર્થ્ય છે.



સૌજન્ય : શ્રી મદનમોહનજીની હવેલી, મુંબઈ

કીર્તન

રાગ : ગૌરી સાંઝીના પદ

ચલ વૃષભાન સુતા સાઁઝીકોં આઈ હોં દેખ ફૂલ રહે ફૂલ ॥
ઔર સખી સબ ગઈ ----- મોહિ મિલીં કાલિંદી ફૂલ ॥ ૧ ॥

હે વૃષભાન નંદિની! હું સાંઝીને માટે સુંદર ખીલેલાં ફૂલ લઈને આવી છું. મારી સાથે આપ ચાલો અને બીજી સખીઓ તો હે લાડલીજી, ચાલી ગઈ છે, તે મને યમુના કિનારે મળી હતી. (૧)

હોં પઠઈ ઉન બોલન તુમકોં આતુરગતિ આઈ હોં દૌર ॥
બેગિ ચલૌ છિન બિલઁબ કરૌ જિન વે સબ ચુનચુન લૈંગી તોર ॥ ૨ ॥

તેઓએ મને આપને બોલાવવા માટે મોકલી છે. એટલા માટે હું ઝડપથી આવી છું. હવે આપ જલદીથી ચાલો. એક ક્ષણની પણ વાર ન લગાડો, નહીં તો તે સખીઓ સારાં ફૂલ વીણી વીણીને તોડી લેશે. (૨)

બરન બરન વિવિધ ભાઁતકે ફૂલે કુસુમ શોભા દેત ॥
તજિ સ્વારથ હોં અપનો આઈ ભલૌ મનાવન તુહ્મરે હેત ॥ 3 ॥

તે વનમાં રંગબેરંગી બહુ જ પ્રકારનાં ફૂલ ખીલ્યાં છે અને પોતાની પ્રાકૃતિક શોભા વધારી રહ્યાં છે. હું તો મારો બધો જ સ્વાર્થ છોડીને આપનું ભલું થાય તેટલા માટે બધું છોડીને આવી છું. (3)

કહા તેરૌ નામ કૌન કી બેટી અબલોં હમ દેખી નહિ બાલ ॥
કીની ભલી ભલેં તુમ આઈ કાજ પરાયૌ કરત કૃપાલ ॥ ૪ ॥

હે સખી! આપ કોણ છો અને આપનું નામ શું છે ? જે આપ મને બોલાવવા માટે આવ્યાં છો ? આવી સુંદર બાળા અમે ક્યારેય જોઈ નથી. એમ તો આપે મારા માટે સારું વિચાર્યું છે અને બીજાનું પણ સારું વિચાર્યું છે. બીજાનું સારું વિચારવું એ આપના જેવા પરમ કૃપાળુનું જ કામ છે. (૪)

રુપરાસ દુતિ કાંતિ કૃપાનિધિ દેખિયત હૈં તુમ પરમ ઉદાર ॥
યા છબિકી પટતર કોઉ નાહીં કોટિક ચંદા ડારોં વાર ॥ ૫ ॥

આપ તો સુંદરતાની ખાણ છો, એમાં પણ ક્રાંતિયુક્ત અને કૃપાનિધાન. ગુણોની સાથે આપ પરમ ઉદાર દેખાવ છો. આ છબીની તુલનામાં બીજું કોઈ નથી. હું આપની ઉપર કરોડો ચંદ્રમા ન્યોછાવર કરી દઉં. (૫)

બાસ નંદગામ હૈ મેરૌ સ્યામા સ્યામા સબ કોઉ કહત ॥
તુવ પ્રતાપ વૃષભાન બાંહ બલ બહુત બરસ ભયે વ્રજમેં રહત ॥ ૬ ॥

મારું રહેવાનું તો નંદગામમાં છે. ગામવાળા મને શ્યામા શ્યામા કહે છે. આપના પિતા શ્રી વૃષભાનજીના કરકમળોની છાયામાં રહેતા રહેતા વ્રજમાં બહુ જ વર્ષો નીકળી ગયા છે. (૬)

મૈયાસોં મિસ કૌન બને હો તુમ પ્રવીન કુછ કરૌ ઉપાય ॥
લૈ ચલ મોહિ મિલવૌ રાનીસોં કરુઁ ઉન મન ભાયૌ દાવ ॥ ૭ ॥

આપની મૈયાની સોગન ખાઈને કહું છું. સાચું કહો આપ કોણ પ્રવીણ ચતુર છો અને તેમને મળવાનો કોઈ ઉપાય બતાવો. મને આપ મૈયારાણીનો ભેટો કરાવી આપો, તો હું તેમને મળીને, મેં વિચારેલું ખાસ કામ પૂરું કરું. (૭)

તબ બોલી રાધા કીરતિસોં તોહિ મૈયા કોઉ બોલત દ્વાર ॥
બોલ લેહુ ગૃહ કાજ કરત હોં તાહિ બોલિયે ભવન મઁઝાર ॥ ૮ ॥

ત્યારે શ્રી રાધારાણીએ કીર્તિરાણીને કહ્યું, અરી મૈયા, આપને કોઈ દરવાજા ઉપર બોલાવી રહ્યું છે. કીર્તિરાણીએ કહ્યું, હું તો ઘરના કામમાં છું. આપ તેમને ઘરમાં બોલાવી લાવો. (૮)

તબ સ્યામા કીરતિ પૈ આઈ દેખતહી મન રહ્યો લુભાય ॥
દૈ અસીસ નીકે આદર કર ઢિગ બૈઠારી મોદ બઢ઼ાય ॥ ૯ ॥

ત્યારે શ્રી શ્યામા કીર્તિરાણીની પાસે આવી. જેને જોતાં જ કીર્તિરાણીનું મન મોહિત થઈ ગયું. આશીર્વાદ આપીને, મનની

પ્રસન્નતાથી પોતાની ગોદી-વખાર પાસે બેસાડ્યા.(૯)

બૂઝ્યૌ નામ કાજ કહા આઈ કીરતિ બોલી હિત ઉપજાય ॥
સ્યામા નામ કહત હૈં મેરૌ તબહીં બોલી મૃદુ મુસિકાય ॥ ૧૦ ॥

કીર્તિરાણીએ ઉમટેલા પ્રેમની સાથે કહ્યું કે, ‘‘આપનું નામ શું છે ?’’ તે પણ હસીને બોલી, ‘‘મને બધા શ્યામા નામથી બોલાવે છે.’’(૧૦)

આઈ ડાર કુઁવરિ કર કંકણ પાયૌ હૈ રખવારે હાથ ॥
બીનત ફૂલ કાલ્હ હમ સબહી રાધા સહિત હતીં સબ સાથ ॥ ૧૧ ॥

શ્યામાએ કીર્તિરાણીને કહ્યું, ‘‘જુઓ આપની રાધાજીના હાથનું કંગન પડી ગયું હતું, તે કંગન પહેરેદારને મળ્યું હતું. તેણે મને બતાવ્યા છે. કાલે અમો બધાં ફૂલ વીણી રહ્યાં હતાં ત્યાં રાધાજી પણ અમારી સાથે હતાં.’’(૧૧)

ઇન ન રહી સુધ ગિરત ન જાન્યીં હૌં રહી ઇકટક નયનન તાન ॥
અનબોલી હૌં હ્વૈ રહી રાની યોં મનમેં નહીં જાન પહિચાન ॥ ૧૨ ॥

‘‘રાધાજીનું કંગન ક્યારે પડી ગયું તેની ખબર તેમને રહી નહીં, અને મારી નજર ધ્યાન રાખી રહી હતી. એ સમયે હું કાંઈ ન બોલી. હે રાણીજી, આ બધી વાત હું મનમાં સમજી ગઈ હતી.’’ (૧૨)

અબ હૌં આજ ગઈ ફૂલનકોં તબ માલી બોલ્યૌ યોં માય ॥
આઉરી કુઁવરિ સુતા તૂ કહાઁકી કહા ઢૂઁઢ઼ત હૌં દેહુ બતાય ॥ ૧૩ ॥

હવે, હું આજે ફૂલ વીણવા ગઈ હતી ત્યારે બગીચાના માળીએ મને પૂછ્યું કે, ‘‘અરી બેટી આવો, તું અહીં શું શોધી રહી છે ?’’(૧૩)

મૈં કહ્યૌ વીર ગયૌ એક કંકણ રાધા ગઈ હૈ કાલ્હકી ડાર ॥
તબ ઉન કહ્યૌ બોલિ ઉન લાવૌ તાકોં તાહિ નીકે દેહુઁ સંભાર ॥ ૧૪ ॥

મેં કહ્યું, ‘‘હું અહીં શ્રી રાધાજીનું કંગન પડી ગયું છે, તેને શોધી રહી છું.’’ તે પહેરેદારે કહ્યું, ‘‘આપ એને બોલાવી લાવો. તો હું તે કંગન તેને આપી દઈશ.’’(૧૪)

તતછિન અતિ આતુર ઉઠ ધાઈ કાજ કરન હિત તુમ્હરે પાસ ॥
રાજકાજ જ્યોં કછુબનિ આવૈ બોલ ભલાઈ ઔર ન આસ ॥ ૧૫ ॥

‘‘હું તો તે જ સમયે ત્યાંથી ઊઠીને આપની પાસે આવી ગઈ છું. મેં એ વિચાર્યું કે આપ મોટા છો, રાજા છો. કોઈ પણ આશા વગર રાજાનું કાંઈ પણ ભલું થઈ જાય અને મીઠા વચન બોલાઈ જાય, તે પણ કોઈ આશા વગર.’’(૧૫)

તબ કર જોરિ કહ્યૌ તુમ હૌ ધન્ય કીરતિ બોલ કુઁવરિ દઈ સંગ ॥
અતિ આનઁદ બઢ઼યૌ દુહુન મન ફૂલે સમાત નહીં અંગ અંગ ॥ ૧૬ ॥

આટલું સાંભળીને કીર્તિરાણી હાથ જોડીને બોલી, ‘‘હે શ્યામા, તમે ધન્ય છો.’’ ‘‘હે રાધા, તમો તેમની સાથે જાઓ’’, એવી આજ્ઞા પણ આપી. બન્નેના મનમાં એટલો બધો આનંદ ઉમટ્યો કે તે બન્ને ખુશીમાં ઊછળી રહ્યા હતા, અને અંગ અંગમાં આનંદ વ્યાપી રહ્યો.(૧૬)

લલિતા સંગ કુઁવરિકે દીની આવૌગી ઉલટ સબ બેગ ॥
સ્યામા સબ બિધ તુમ પ્રવીન હૌ તુમ વિશ્વાસ સબ તજ્યૌ ઉદ્વેગ ॥ ૧૭ ॥

કીર્તિરાણીએ લલિતા સખીને રાધાની સાથે જવાની આજ્ઞા આપી. જઈને જલદીથી પાછા આવજો. શ્યામાને કહ્યું કે તમારા વિશ્વાસ ઉપર રાધાને મોકલી રહી છું. તેથી મને કોઈ ચિંતા નથી. (૧૭)

લૈ સંગ જાઉ આઉ પૌંહચાવન તબ ઘર જાઉ આપને કાજ ॥
તુમ નિશ્ચિંત નિધરક રહૌ મનમેં આઊઁ લૈ અબ સુખકે સાજ ॥ ૧૮ ॥

હવે રાધાને તમારી સાથે લઈ જાઓ. તેમને મૂકવા માટે પાછા આવજો, પછી તમારા કામ માટે જજો. શ્યામાએ કહ્યું, ‘‘મૈયા આપ નિશ્ચિંત રહો. હું તેમને સહીસલામત (હેમખેમ) પાછી લઈ આવીશ.’’(૧૮)

પહુઁચે જહાઁ સઘન ગહેવરબન લલિત લતા દ્રુમ ગહબર માઁહિ ॥
જાન એકાંત ચાહ ચિત ક્રીડ઼ા તબ પ્યારી ઘર ગરેમેં બાઁહિ ॥ ૧૯ ॥

શ્યામા અને રાધાજી, ગહવરવનની મનહર, ગાઢ લતાઓની કુંજમાં પહોંચી ગયાં. જ્યાં કુંજમાં સંપૂર્ણ એકાંત હતું. ગલબૈયાં નાખીને, ચિત્તમાં જે લીલા હતી તે બધી પૂરી કરી.(૧૯)

દેખ્યૌ સ્થલ પ્યારી સુંદરવર ચાહેં હિયેમેં કરન બિનોદ ॥
પરસત અંગ મદન વ્યાપત તબ ચિતવત પ્યારી શ્યામાકોદ ॥ ૨૦ ॥

શ્યામા શ્યામને વિનોદલીલા કરવા માટે જે સ્થળ જોયું, તે સ્થળનો આધાર લઈ ચરણ ધર્યો, અથવા હાથથી કોઈ લતાવેલીને પકડી, કે તુરંત પ્રિયા પ્રીતમના અંગેઅંગમાં મિલનની ઉત્કૃષ્ટ ઈચ્છા પ્રગટ થઈ ગઈ. ત્યારે શ્યામા પ્યારી કટાક્ષ નયનોથી શ્રી

મૈં તો જાન રહી કબહીકી સમઝ રહી મનહી મનમાँહિ ॥ ૨૧ ॥

આ લીલાને જોઈને લલિતા મધુર વચનથી હસીને બોલ્યાં, ''અરી ઓ રાધા । તું આ છલિયાને ઓળખી ના શકી. હું તો એને મનથી ક્યારની ઓળખી ગઈ હતી.''(૨૧)

ક્યોં ન કહી પહિલેં સખી હમસોં તુમહી હમસોં કરત દુરાવ ॥
ઊપરતેં અનખત લલિતાસોં મનમેં આનંદ ઉપજત ચાવ ॥ ૨૨ ॥

રાધાજીએ લલિતાજીને કહ્યું, ''લલિતા તેં મને આ વાત પહેલાં કેમ ના કહી ? મારી થઈને મારાથી વાત સંતાડી છે. (કહી નહીં.)''. એવું કહેતાં કહેતાં શ્રી રાધાજી લલિતાજી પ્રતિ ઉપર ઉપરથી રોષ (અનિચ્છા) પ્રગટ કરી રહી છે અને અંદરથી તો આનંદિત થઈ રહી છે.(૨૨)

રસમેં બિરસ ક્યોં કરત લડ઼ૈતી યોં બોલી લલિતા કરજોર ॥
તબ સુધ બુધ કૈસેંકે રહિયે જબ વિધિના લૈહેં ચિતચોર ॥ ૨૩ ॥

લલિતાજી હાથ જોડીને બોલ્યાં, ''હે લાડીલીજી ! આપ રસને નિરસ કેમ કરી રહ્યાં છો ? ભલા કહો તો, જ્યારે કોઈએ કોઈનું ચિત્ત ચોરી લીધું હોય તો, હે વિધાતા સૂધબૂધ કેવી રીતે રહે?''(૨૩)

તિય પટ પલટ દેહુ હરિ મોકોં પિય પ્યારી કીજૈ કલ કેલિ ॥
કુસુમ શૈયા લલિતા રચિ કુંજન આપ ભઈ ઇત ઉત દોઉ મેલિ ॥ ૨૪ ॥

લલિતાજીએ કહ્યું, ''આ તમારી ઓઢણી મને આપી દો. તમે બન્ને પ્રિયાપ્રીતમ એકાંતમાં રસ ભરી વાતો કરો.'' ત્યાં કુંજમાં થઈને ખસી ગઈ.(૨૪)

કર ઓલી ચોલીકી બીનન ગઈ કુસુમ લલિતા બનમાँઝ ॥
રતિ રસ વિલસ નિકસ કુંજન તેં પિય પ્યારી આયે લખિ સાँઝ॥ ૨૫ ॥

લલિતા પોતાની ચોળીને ઝોળી બનાવીને વનમાં ફૂલ વીણવા જતી રહી. ત્યાં પ્રિયા પ્રીતમ રતિ રસ વિલાસથી તૃપ્ત થઈને, સંધ્યા થતી જોઈને નિકુંજમાંથી બહાર પધાર્યાં.(૨૫)

ઉત સબ સખિન લખી લલિતા જબ હઁસત હઁસત આઈ તા પાસ ॥
બૂઝત આજ અકેલી ક્યોં તૂँ રાધા છાँડ઼િકેં કરત બિલાસ ॥ ૨૬ ॥

ત્યાં બધી સખીઓએ લલિતાજીને એકલી જોઈને હસતી હસતી તેમની પાસે આવીને પૂછ્યું, ''અરે લલિતા ! આજે તું રાધાને છોડીને આ વનમાં એકલી કેમ ખેલ કરી રહી છે?''(૨૬)

યહ પટ પીત કૌનકૌ લહેંગા પ્રકટ જનાવત બદન વિકાસ ॥
હમ કહાँ કહત દુરાવત હૌ ક્યોં મેંટૌ ભલેં તુમ મન્મથ પ્યાસ ॥ ૨૭ ॥

એક વાત મને બતાઓ, આ ઓઢણી (પીહપટ) કોની છે ? અને આ લહેંગો કોનો છે ? અમોને કહો કે આ કોના અંગની શોભા તારી પાસે છે? અમે આપને છુપાવવાને માટે કાંઈ કહેતા નથી. અમારી તરફથી તો તમો પણ તમારી કામતૃષા ઠંડી કરો.(૨૭)

તબ લલિતા ટેરી મનમોહન આય ધિરીં સબ વ્રજકી બાલ ॥
આલિંગન ચુંબન દૈ હરિકોં ચોરી રાધાકી નંદલાલ ॥ ૨૮ ॥

ત્યારે શ્રી લલિતાજીએ ઊંચા હાથ કરીને મદનમોહન પ્યારેજીને બોલાવ્યા. બધી વ્રજબાળાઓ શ્રી ઠાકોરજીને ઘેરી વળી.

દરેક ગોપીએ શ્રી કૃષ્ણને પોતપોતાનું આલિંગન અને ચુંબન આપીને શ્યામ શ્યામા - શ્યામા શ્યામની ચોરી પકડી.(૨૮)

મિલ સબ ગઈ લાજકી મારી ઇત રાધા મન રહી લજાય ॥
ડલિયા ફૂલનકી આગેં ધરિ સબ બિધિ મિલ લીની બતરાય ॥ ૨૯ ॥

બધી ગોપીઓ શરમાઈને એકબીજાથી મળી. અહીં રાધા પણ મનોમન લજ્જીત થઈ રહી હતી. ફૂલોની ટોપલીઓ આગળ રાખીને એક બીજીને મળીને જે કાંઈ થયું હતું તેની બધી જ વાતો કરવા લાગી.(૨૯)

અબ ઘર ચલૌ બેર હ્વૈ જૈહૈ તૌ ખીજ બાબા વૃષભાન ॥
બહુરિ સખીકૌ ભેખ શ્યામ કર સખિયન લૈ પહુઁચે ઘર આન ॥ ૩૦ ॥

ગોપીઓએ નિશ્ચય કર્યો કે, હવે ઘરે જલદીથી જવું જોઈએ. મોડું થશે તો બાબા વૃષભાનજી ખીજાશે. ફરીથી શ્રી કૃષ્ણને સખીવેશ ધારણ કરાવીને ઘરે લઈ આવ્યા.(૩૦)

કીરતિ આઈ દ્વાર ગાન સુન અરઘ દિયૌ અરુ આરતિ બારિ ॥
ભવન માઁજ લૈ સ્યામા બોલી ઢિગ બૈઠારી કર બલહારિ ॥ ૩૧ ॥

ત્યાં કીર્તિરાણી, ઘરે આવતી સખીઓના ગીત સાંભળીને, દ્વાર પાસે આવી. જળનો અર્ઘ્ય કરી, (સ્વાગત માટે જળ જમીન ઉપર રેડવું) આરતી કરી, ઘરની અંદર શ્યામાને પધરાવ્યા અને કીર્તિરાણી બોલી, ''આપની બલિહારી હો.''(૩૧)

સાઁઝ ભઈ અબ જિન ઘર જૈયો રહિયો સોય આજ યહાઁ રાત ॥
સાઁઝી ખેલ કીજિયૈ બ્યારૂ કરજુકલેઉ જૈયો પ્રાત ॥ ૩૨ ॥

''જુઓ શ્યામા, હવે સંધ્યા થઈ ગઈ છે. આજે રાત્રે અહીં જ પોઢવાનું (સુવાનું) છે. પહેલાં તો સાંઝી ખેલો, પછી વાળુ કરો અને પછી પોઢો. કાલે પ્રાતઃકાળે કલેઉ કરીને ઘરે જજો.''(૩૨)

શંક ન કરૌ નિશંક ખેલૌ ઘર અપનૌ તુમ મનમેં જાન ॥
કહત સબૈ બશકીની કીરતિ નઈ સખી ભઈરી મનમાન ॥ ૩૩ ॥

''કોઈ પણ પ્રકારની શંકા ના કરો અને આ ઘર તમારું જાણીને, કોઈ પણ પ્રકારની શંકા વગર ખેલો.'' આવાં મીઠાં વચન બોલીને, કીર્તિરાણીએ બધાને પોતાના વશમાં કરી લીધા અને સ્વયં નવી સખી શ્યામાની તો મનગમતી થઈ ગઈ.(૩૩)

લીપભીત ચંદન ગોબર રચિ ચિત્રિત સાઁઝી ધરી બનાય ॥
જો દેખત સોઈ રહત ચક્રત હ્વૈ કહત ઔર નહિ ત્રિભુવન માઁય ॥ ૩૪ ॥

સખીઓએ ચંદનથી દીવાલ (ભીંત) ઉપર ગોબરથી કહ્યું કે, ''આવી સાંઝી ત્રિભુવનમાં નથી.''(૩૪)

ધૂપ દીપ નૈવેદ્ય ભોગ ધર કરત આરતી દોઉ કર જોર ॥
ચિરજીવૌ રાધા શ્રી શ્યામા હરેં હરેં યોં કહેં તૃણ તોર ॥ ૩૫ ॥

ધૂપ, દીપ, ભોગ ધરીને બધાંએ બે હાથ જોડીને આરતી કરી અને વિનંતી કરી, ''હે હરિ, પ્રાણપ્યારાની (શ્રી રાધા-કૃષ્ણની) જોડી જુગ જુગ જીવો.'' આવું કહેતાં કહેતાં ગોપીજનો વધુ ગદ્ગદ્(તૃણતોર) થઈ રહી હતી.(૩૫)

કીરતિ કહત કરૌ અબ બ્યારૂ ભૂખી હૌ જો સબૈ સુકુમાર ॥
સબ પ્રતાપ તિહારૌ ઘર રાની અબ જૈહૈ બહુ ભઈ અબાર ॥ ૩૬ ॥

કીર્તિરાણીએ કહ્યું, ''તમે બધી સુકુમારીઓ ભૂખી છો, માટે પહેલાં ભોજન કરો.'' સખીઓ બોલી, ''અમારા ઘરે જે ભોજન છે, તે તમારા પ્રતાપે છે. ત્યાં (ઘરે) ભોજન પણ આપનું જ છે. હવે, બહુ જ મોડું થઈ ગયું છે. ઘરે જવાની આજ્ઞા આપો.'' કીર્તિરાણીએ આજ્ઞા આપી .(૩૬)

ભલૌ ભદ્ર સિદૌસી અઈયો ભુવન તુમારે તેં ઉઠિ ભોર ॥
દૈ અસીસ સબ ચલીં સખી ઘર બિહરત દંપતિ સંગ બરજોર ॥ ૩૭ ॥

''બહુ જ સારું, હે કલ્યાણીઓ, તમારા ઘરેથી સવારે ઊઠીને જલદીથી આવજો.'' આ બધાં ગોપીજનો એકબીજાંને આશીર્વાદ આપીને પોતપોતાના ઘરે જવા માટે નીકળ્યાં. તે એ જ રસ્તાથી ગયા જ્યાં શ્યામા-શ્યામે દંપતીલીલા કરી હતી. (વ્રજભક્તોએ શ્યામા સખીને વિદાઈ આપી નથી.)(૩૭)

લરિયો જિન રાધા શ્રી શ્યામા તુમ સોય રહૌ મેરૌ પલક ડાર ॥
લલિતા પાનીકો ઢિંગ રહિયો કીરત સોઈ અપને દરબાર ॥ ૩૮ ॥

કીર્તિરાણીએ શ્યામાને સમજાવ્યું, કે તમો એકબીજાથી લડશો નહીં અને આંખો બંધ કરીને (પલક બંધ કરીને) પોઢી જાઓ. હે લલિતા તમે એમના હાથ સહારા માટે (પરચારગી માટે) પાસે રહેજો.'' એમ કહી કીર્તિરાણીજી પોતાના શયનકક્ષમાં જઈ પોઢી ગયાં.(૩૮)

સુરત કેલિ સબ વિધિ સુખ લૂટ્યૌ મિસહિ મિસ દોઊ પરમ વિચિત્ર ॥
કેતિક બુદ્ધિ શ્રુતિ પાર ન પાવત બરન સકૈ કો અગણિત ચરિત્ર ॥ ૩૯ ॥

અહીં પ્રિયતમે કેલિ કલામાં બધાં જ સુખ લૂટ્યાં. આ બહુ જ વિચિત્ર સુખ હતાં. તે એટલાં બધાં સુખ હતાં કે, તો શું પણ ઋષિઓ પણ સમજી ના શકે. અને આ લીલા ચરિત્ર, ગણત્રી કરવાથી

ભોર ભયૌ જાગે નરનારી સબ જાગ્યૌ બરસાનૌ ગામ ॥
કરન કલેઊ કીરતિ ટેરત રાધા શ્યામા લૈ લૈ નામ ॥૪૦॥

સવાર થતાં જ બધાં સ્ત્રી-પુરુષ જાગ્યાં અને આખું બરસાના ગામ જાગ્યું. કલેઉ કરવાને માટે કીર્તિરાણી, ‘હે રાધા ! હે શ્યામા !’’ એવું નામ લઈને બોલવા લાગ્યા. (૪૦)

આલસ ભરે ઉનીદે દોઊ લેત જૃંભાય અંગ અકરાય ॥
બદન પખાર ઉઠાય સેજતેં અતિ હિતસોં ભોજન કરવાય ॥૪૧॥

ત્યારે આળસથી ભરાયેલાં. અર્ધખૂલેલાં નેત્રોથી જંભાઈ (બગાસાં) લેતાં, અંગડાઈ લેતાં, શૈયાથી ઊઠીને, મોઢું ધોઈને, આચમન કરીને, બહુ જ પ્રેમથી કલેઊ કરાવડાવ્યું. (૪૧)

પેંડ઼ પાઁચ પહુઁચાય દ્વારતેં લલિતાસોં કહી યોં પહુઁચાય ॥
ચિબુક પરસ સિર પર કર ફેર્યૌ ઘર પઠઈ શ્યામા સમઝાય ॥૪૨॥

ત્યારે શ્રી કીર્તિરાણી પોતાના દરવાજા પાસે પાંચ પગલા વળાવવા આવ્યાં. લલિતાજીને કહ્યું કે, ‘‘આ શ્યામા સખીને તેના ઘરે પહોંચાડી આવો.’’ શ્યામાની ચિબુક ઉપર હાથ મૂકીને, માથા ઉપર હાથ મૂકીને, આશીર્વાદ આપી, શ્યામાને સમજાવીને વળાવ્યા. (મોકલ્યા). (૪૨)

પૂરન પુન્ય ફલે લલિતાકે પહુઁચાવન મિસ પાયૌ લાવ ॥
માનોં કસૌટી કસત કનકકોં દેખત કો પાયૌ હૈ દાવ ॥૪૩॥

જ્યારે લલિતા મૂકવા ગઈ ત્યારે લલિતાજીનાં પણ કોઈ પૂર્વનાં પુણ્ય ફળીભૂત થઈ ગયાં અને મૂકવા જવાના બહાને લાભ પ્રાપ્ત કર્યો. જેવી રીતે સોનાને કસોટી પર કસવાને બહાને કસોટીને સોનાનો લાભ મળે છે. (૪૩)

ત્રિય વાગૌ પાયૌ નૌછાવર આઈ ઉલટિ ઘર રિઝરિઝાય ॥
ઇત જસુમતિ સુતકોં બૂઝત જબ કહત બાત મોહન સમુઝાય ॥૪૪
॥

આ સમયે લલિતાજીને ન્યોછાવરમાં એક જડાવ લહેંગો મળ્યો, કે જ્યારે તે શ્યામા સખીને ઘરે મૂકીને ખુશીથી પોતાના ઘરે પાછી ફરી. ત્યાં યશોદા પુત્રને કાંઈક પૂછવા લાગી, ત્યારે શ્રી કૃષ્ણ યશોદાજીને સમજાવવા લાગ્યા. (૪૪)

નયન સજલ ભરભર કર મીંડ઼ત બિગરી યોં કહિ તોતરે બોલ ॥
મૈયા હમ ન બસેંગે વ્રજમેં વ્રજવાસિની મદ મત્ત અલોલ ॥૪૫॥

શ્રી ઠાકોરજી પોતાની આંખોમાં આંસુ લાવીને, હથેળી નથી રહેવાના, કારણ કે આ વ્રજવનિતાઓ મદમાતી થઈને હિલોર લે છે.’’ (સમુદ્રની લહેર, મોજા) (૪૫)

ગોપીજનકૌ કૃષ્ણ અતિ વલ્લભ ગહિ બાઁધ્યૌ કર માખનચૌર ॥
ઉપજ્યૌ હાસ સુનત સુત બતિયાઁ ઉર લાયૌ કર પ્રાન અકોર ॥૪૬
॥

‘‘આમ તો એ કહે છે, ‘કૃષ્ણ, તો અમને બહુ જ પ્યારા લાગે છે,’ અને માખણ ચોરીના બહાને આજે તો મને તેમના ઘરમાં બાંધી દીધો હતો.’’ પોતાના પુત્રની વાતો સાંભળીને યશોદાજી એક વાર તો હસી પડી. પછી તેને પોતાના હૃદયથી લગાવી દીધા. (૪૬)

મેરે લાલકોં જો કોઉ બાઁધૈ બાઁધૂઁ તાહે કોટિક બાર ॥
ચિરજીવૌ રસિકનકી જીવન પીવત નંદ યશોમતિ જલવાર ॥૪૭॥

અને કહ્યું કે, ‘‘મારા લાલને જે કોઈ એક વાર બાંધશે તેને હું કરોડ વખત બાંધીશ’’. શ્રી હરિરાયજી મહાપ્રભુજી કહે છે. ‘‘રસિકજનોને દાન કરવાવાળા ચિરંજીવો, શ્રી યશોદાજીના જીવન સ્વરૂપ શ્રી કૃષ્ણને, જળથી વારણા લઈને નંદબાબા સાથે આચમન લીધું.’’ (૪૭)

ભાવ વિશેષ :

ઉપર કે પદમેં દો બાત મુખ્ય રૂપ સે હૈ । ભાવરસ મંડન ઔર લીલારસ મંડન । ઈસ લીલા કે આખરી પદમેં કાકુક્તી હૈ । બાત કુછ ઔર હૈ ઔર અર્થ કુછ ઔર હૈ । યહાં યશોદાજી કો શ્રી ઠાકોરજીને માખનચોરી કે બહાને અપને બંધને કી બાત બતાઈ હૈ, ઔર રો કર ભી બતાયા હૈ । યહાં પર હૃદયરસકો નવનીત કહતે હૈ । ગોપીઓને ગહવરવન મેં, યા કિસી ઔર વનમેં પ્રેમ પાશ મેં બાંધ કે રખ્ખા થા । જબ તક ગોપીઓને અપને મનકે બદલેમેં ઠાકરોજીકા મન યા હૃદય નહીં લે લિયા તબ તક ઉન્હેં નહીં છોડા । ઈસલિયે ઠાકરોજીને યહ બાત યશોદાજીકો રો કર કહી । ઈસકા અર્થ હોતા હૈ, ઐસી ગોપીજનોંકા મુજસે ત્યાગ નહીં હો સકતા । પરિસ્થિતિ વશ ત્યાગ કરને પર મુઝે દુઃખ હોતા હૈ । યશોદાજીને ઈસી આશયકો જાનતે હુએ કહા, ‘‘જો કોઈ મેરે લાલન કો એક બાર બાંધેગા, મેં ઉસે કરોડ બાર બાંધૂગી ।’’ કરોડ બાર બાંધનેકા અર્થ, અપને પુત્રકી સેવામેં સેવક હોને કા આશીર્વાદ દે રહી હૈ । સેવક કા ધર્મ, સેવામેં બંધના હૈ ।

(આ કીર્તન ‘‘ભાવરસ મંડન’’ અને ‘‘લીલારસ મંડન’’ ભાવનુ)

કીર્તન

સાંઝીના પદ

રાગ : ગૌરી

શ્રીવૃષભાન લડ઼ેતી ગાઇયેં કીરતિ કુલ મંડનવાલ હો ॥
સોનેકીસી બેલિ હો પ્યારી ચંપેકીસી માલ હો ॥૧ ॥

વ્રજમાં બિરાજમાન કીર્તિરાણી, તેના કુળની શોભા શ્રી વૃષભાન લાડલીના ગુણગાન કરીએ. આ રાધારાણી માનો સોનાની વેલ અને ચંપા જેવી માળા છે.(૧)

હંસગમની મૃગલોચની શોભિત સહજ સિંગાર ॥
ચમકત ચંચલ ચીકને સિર સટકારે બાર ॥૨ ॥

હંસના જેવી તેની ચાલ છે. મૃગનાં જેવાં તેનાં નેત્ર છે. સહજ શૃંગાર શોભા આપી રહ્યા છે. કાળા, ઘેરા, ચમકતા વાયુથી હાલતા લાંબા-લાંબા તેના કેશ છે.(૨)

ઘૂઁઘરવારે બારન ઊપર શોભિત સુંદર સાલ ॥
ચંદકે ફંદ પરે અહિનંદન ઉરઝે કંચન જાલ ॥૩ ॥

ઘુંઘરાયેલા કેશની ઉપર સુંદર વસ્ત્ર બાંધેલું છે. રાધાજીનું મુખારવિંદ ચંદ્રમા જેવું સુંદર છે. ઘુંઘરાયેલા કેશની લંબાઈ જોઈને એવું લાગે છે કે, રાધાજીના ગૌર વર્ણ રૂપી ચંદ્રમાને સોનાની જાળીથી બાંધી દીધો છે.(૩)

અતલસકૌ લહેંગા કટિ ગાઢ઼ૌ દરિયાઈ કી અંગિયા પીત ॥
ઉરજ સુભટ કંચનકવચ સજિ આયે રતિ રણજીત ॥૪ ॥

રાધાજીએ અતલસ (આધા સૂતી + આધા રેશમી વસ્ત્ર)ના કપડાનો લહેંગો ધારણ કર્યો છે. તેમાં દરિયાઈ લાંબી લહેરની છાપ છે અને પીળા રંગની અંગિયા (ચોળી) પહેરી છે. અંગિયા પહેરીને વક્ષસ્થળની શોભા એવી લાગે છે કે બે યોદ્ધા કવચ પહેરીને કામદેવના યુદ્ધને જીતવા માટે આવ્યા હોય.(૪)

કૃશ કટિ કેહરિ દેખિદુરૈ હરિ જેહર તેહર પાય ॥
ગજગમની કમની અવની રવની રતિ લેત બલાય ॥૫ ॥

પાતાળી કમરને જોઈને સિંહ (કેસરી) પણ સંતાઈ ગયા. પગના બે શૃંગાર (જેહર-તેહર) જોઈને સામાન્ય સિંહ ભાગી ગયા. જંઘાઓનાં સ્વરૂપ દર્શન જોઈને અવનિ (લક્ષ્મી), રવનિ (સરસ્વતી), રતિ (કામ પત્ની) તો બલિહારી (ઓવારણા) લઈ રહી છે.(૫)

કર ચૂરૌ લલકૈ ઝલકૈ પલકૈ ન લગૈ છબિ દેખ ॥
અઁગુરિન મુઁદરી પોંહોંચી ગજરા બાજૂબંદ વિશેખ ॥૬ ॥

હાથના ચૂડાની આમ તેમ હાલવાની ઝલક - શોભા - જોઈને આંખો ખૂલ્લી રહી ગઈ છે. આંગળીઓમાં મુદ્રિકા (વીંટીઓ), હાથમાં પહોંચી, પહોંચી ઉપર ગજરા, ઉપર બાજુબંધ એ વિશેષ સુંદર છે.(૬)

ચંપકલી ચૌકી ચમકૈ દમકૈ દુલરી પિય પોતિ ॥
ચિતકોં લેત ચુરાય ચાહિકેં બદન ચંદકી જોતિ ॥૭ ॥

હૃદયની ઉપર, ચંપકલીની આકૃતિમાં, ચોકી ચમકી રહી છે અને દુલરી (બેલરવાળી)ની કંઠમાળમાં કબૂતરની આકૃતિ બનેલી છે. શ્રી રાધાજીના મુખચંદ્રની સુંદરતા મનનું હરણ કરે છે.(૭)

અરૂણ અધર દમકત દશનાવલિ શ્યામ ચપલતા સાર ॥
કમલકોશમેં બૈઠી પંગતિ માનો ભૃંગકુમાર ॥૮ ॥

શ્રી રાધાજીના લાલ રંગના નીચેના ઓષ્ઠ પર દંતાવલિ દેખાઈ રહી છે. ઓષ્ઠ પર લગાડેલી શ્યામ બિંદી (ટપકું) જાણે ચતુરાઈનો સાર છે. તે શ્યામ બિંદી એવી લાગે છે કે લાલ રંગના બંને ઓષ્ઠ રૂપી કમળપત્ર પર કોઈ ભંવરો બેઠો હોય.(૮)

બેસર કો મોતી લટકૈ મટકે ખટકે પ્રિય પ્રાન ॥
શ્રવન બની રુચિ મની કનકકી તનક તરકુલી કાન ॥૯ ॥

નાસિકાના શૃંગારમાં જે નકવેશરનું મોતી છે, તે જ્યારે આમતેમ હાલે છે ત્યારે તેનું હાલવું પ્રિય કૃષ્ણના પ્રાણોને હલાવી નાંખે છે. કાનમાં મનને સોહાતી, મણિથી જડાયેલી નાની નાની સોનાની તરકી (કાનનું આભૂષણ) શોભાયમાન છે.(૯)

પિયતૃખમોચન રતિરસ રોચન ચંચલ લોચન નાર ॥
કુઁબર કિશોર ચકોર ચેહેં ટુબા પઢ઼ત ચંદ ચટસાર ॥૧૦ ॥



પોતાના પ્રિય કૃષ્ણની કામતૃષા દૂર કરવાવાળી, પોતાના પતિની સાથે રતિરસમાં રંગ વધારવાવાળી, ચંચલ નેત્રોવાળી નાર કુંવર કિશોરીજીનાં નેત્ર ચકોરની ચાહનાવાળા છે. એને સમજવા માટે કૃષ્ણચંદ્ર જેવા કેટલાય મુખચંદ્ર ક્યાંક પાઠશાળામાં ભણે છે.(૧૦)

અલિકુલ ગંજન રતિરસરંજન નયનન અંજન દીન ॥
ક્રીડ઼ત સુધા સરોવર મહિયાઁ માનો મનસિજકે મીન ॥૧૧ ॥

રતિરસ લીલામાં આનંદ આપવા માટે ભ્રમરના જેવું શ્યામ અંજન લગાવ્યું છે. અંજન લગાડેલી આંખ એવી લાગે છે કે માનો આનંદસાગરમાં કામદેવની મન રૂપી માછલી હોય.(૧૧)

સમર સહાયક નવરસ નાયક સાયક ઘાયક નયન ॥
કુઁવર કુરંગ સુરંગ કમલ કાનનસોં ઠાનત ઠૈન ॥૧૨ ॥

કામયુદ્ધમાં વિજયના સહાયક નવ રસોના માલિક, નિશાન લગાવીને ઘાયલ કરવામાં કુશળ નેત્ર, કુંવર શ્રી રાધાનાં નેત્ર આદત મુજબ જે વાત પકડે છે, તેને છોડતા નથી.(૧૨)

કારી ઝપકારી ભારી બરુની બરનેં કવિ કૌન ॥
ભ્રોંહેં સુઠિ સોહેં મોહેં માનો હાવભાવ કે ભૌન ॥૧૩ ॥

કાજળ લગાવેલી, થોડી નીચે ઝૂકેલી, આળસના ભારવાળી (પ્રીતમ સંગ રાત બિતાને પર), આંખોની પલકોની અગ્ર ભાગની શોભા કોણ કવિ કહે...

(જ્યાં આ શોભા બની છે, ત્યાં કોઈ કવિ પહોંચ્યા નથી, જ્યાં પહોંચ્યા છે શ્રી કૃષ્ણ, તેમણે કવિતા લખી નથી.)

ભ્રકુટીના ભર્યા સુંદરતાની સાથે સ્થિર છે, શોભાયમાન છે, મોહિત કરવાવાળા છે. એવું લાગે છે જાણે હાવભાવનો વૈભવ છે. (૧૩)

શુભ વિરિયાઁ દુપેહેરિયાં કે ફૂલનકી બેંદી દીની ભાલ ॥
ઇંદ્રુબધૂ માનોં નવલચંદકોં આય મિલી તતકાલ ॥૧૪ ॥

સુખ સમયની ઘડીએ, બપોરના વખતે, ખીલેલા ફૂલની બિંદી માથા ઉપર લગાવી છે. (ગુલાબના ફૂલની નાની પાંખડી). તે એવી લાગે છે કે, કોઈ ઈન્દ્ર વધુ (વરસાદની શરૂઆતમાં થતા લાલ મખમલ જેવા કીડા) કોઈ પ્રગટ થતા ચંદ્રને મળવા આવી હોય.(૧૪)

શીશ ફૂલ સોહૈ મોહૈ બની તનક કનકકી આડ઼ ॥
ચિબુક ચારુ મુસિકાય હઁસત જબ પરત કપોલન ગાડ઼ ॥૧૫ ॥

માથાનું શિશફૂલ મનને મોહિત કરી રહ્યું છે. તેની નીચે નાની સોનાની આડ ધારણ કરી છે. જે સમયે આપ સુંદર ચિબુક ધારણ કરીને મૃદુ હાસ્ય કરો છો, ત્યારે કપોળ (ગાલ) ઉપર પ્રગાઢ ભાવ રૂપી નાના ખાડા ઊપસી આવે છે.(ખંજન)(૧૫)

યહ વિધિ છબિ અગાધા સાધા રાધાજૂ સખિયન માઁઝ॥
બિટિયાઁ બહુત જો ગોપનકી સંગ ખેલત સાંઝી સાંઝ॥૧૬ ॥

આવી રીતે જેની અગાધ શોભા છે તે શ્રી રાધાજી પોતાની સખીઓની સાથે, જે બહુગોપોની બેટીઓ છે તેની સાથે, સાંજના સમયે સાંઝી ખેલ ખેલી રહી છે.(૧૬)

ગોધૂલકી બિરિયાઁ ડલિયાઁ ફૂલનકી લૈ ચલીં હાથ ॥
બીનત ફૂલન યમુના કૂલન શ્યામાજૂકે સાથ ॥૧૭ ॥

ગોધૂલિના સમયે ફૂલોની છાબ લઈને સખીઓ ફૂલ વીણતી વીણતી એકસાથે જમુના કિનારે ગઈ.(૧૭)



સૌજન્ય : શ્રી વિધુભૂષણજી શર્માજી, અમદાવાદ

એક લિયે ઓલી ચોલી પર ચાઁપ ચિબુકતર ચીર ॥
ફૂલન તોરત તનહિ મરોરત જહાઁ ભ્રમરનકી ભીર ॥૧૮॥

એક સખીએ તો પોતાની ચોળીને ઝોળી બનાવીને તેની દોરીને ગળામાં બાંધીને ફૂલ એકત્રિત કર્યાં. તે સખીઓ ફૂલ વીણતી વખતે ભમરાની ભીડ જોઈને તનને મસ્તીથી આમ તેમ ડોલાવી રહી હતી.(૧૮)

અકન લૈ લાવન્ય લલિત પટકી અટકી કટિ છીન ॥
રમક ઝમક પલ્લવ નવાય ચઢ઼ બીનત ફૂલ પ્રવીન ॥૧૯॥

કોઈ એક સખી એવી શોભાયમાન હતી, જેણે પોતાના એક સુંદર વસ્ત્રને પોતાની પાતળી કમરમાં બાંધી રાખ્યું હતું, અને બહુ જ રોનકની સાથે, છબીલી છબી સાથે, વૃક્ષની ડાળને નમાવીને ફૂલ વીણી રહી હતી. તેના વીણવામાં ખાસ ચતુરાઈ છે.(૧૯)

કુંદી કુંદ કરન કોમલ નિરવારત બાલા બેલિ ॥
લલિત લવંગ લતા બનિતા પર રહે ઝૂમકા ઝેલિ ॥૨૦॥

કુંદનાં ફૂલોની સુંદરતાને ઝીલવા માટે કોઈ ગોપી પોતાના સુકુમાર હાથો વડે, વેલોને આમતેમ ઝુલાવી રહી હતી. બહુ જ શોભાવાળી અલબેલી લવંગ લતા પોતાની નીચે ઊભી રહેલી કોઈ ગોપીના માથા પર ફૂલના ઝૂમખા ઝૂમી રહ્યા હતા.(૨૦)

ઝાઈ જુહી કેતકી નિવારી ચમેલી રાયબેલ ॥
ફૂલન કી કર ગેંદુક બાલા બનમેં ખેલત ખેલ ॥૨૧॥

જાઈ, જુહી, કેતકી, નિવારી, ચમેલી, રાયવેલી આદિ અનેક ફૂલોની ગેંદ બનાવીને કોઈ ગોપકન્યા વનમાં રમી રહી હતી.(૨૧)



બૌરસરીકે ફૂલનકી નકફુલી બનાવત એક ॥
શ્યામા અભિરામા સુખ ધામા ખેલત ખેલ અનેક ॥૨૨॥

કોઈ ગોપકન્યા બોરસલીનાં ફૂલથી નાકનું ઘરેણું બનાવી રહી હતી. આવી શ્યામા સખી, મનને સુખ આપવાવાળી, અનેક ખેલ ખેલી રહી છે.(૨૨)

તિહિ છિન કુંજબિહારીજૂ દુરિ દેખત કુંજનઓટ ॥
રહે હૈં ચિત્ર કૈસેજુચિતેરે લગી દૃગનકી ચોટ ॥૨૩॥

આ સમયે શ્રી ઠાકોરજી કુંજબિહારીજી સંતાઈને, કોઈ કુંજ વનની આડથી, આ ખેલ જોઈ રહ્યા હતા. આ શોભાને જોઈને, કે કેવી કેવી શોભા છે, આંખોમાં ચોટ લાગી ગઈ.(૨૩)

કિયૌ સખીકો રૂપ લાલને ભર ગુલાબદલ ગોદ ॥
ત્રિયારૂપ ધર દરશન દીનોં મનમેં માનત મોદ ॥૨૪॥

આ સમયે શ્રી ઠાકોરજી સખીનું રૂપ ધારણ કરીને, ગોદમાં ગુલાબનાં ફૂલ ભરીને મનભાવન થયા.(૨૪)

નિરખિ નિરખિ વૃષભાન નંદિની બોલી બચનરસાલ ॥
સબ સિંગાર સોહૈ મોહૈ તૂ કો હૈરી નવબાલ ॥૨૫॥

આ જોઈને વૃષભાન નંદિની મધુર વચનોથી બોલ્યાં, ''મને મોહિત કરવાવાળી સુંદર સખી આપ કોણ છો? મારી સાથે તો ઘણી બધી સખીઓ છે.''(૨૫)

તૂ ક્યોં ફિરત અકેલી હેલી યહ બન યમુના કૂલ ॥
નંદગામ ઘર સાઁઝી કૌ હમ બીનન આઈ ફૂલ ॥૨૬॥

રાધારાણીએ કહ્યું કે, ''શ્રી યમુનાજીના કિનારે આપ એકલા કેમ છો?'' સખીએ કહ્યું કે, ''મારું ઘર તો નંદગામમાં છે. અહીં સાંઝીનાં ફૂલ વીણવા આવી છું.''(૨૬)



ઉત્કંઠિત વૃષભાન નંદિની કંઠ ભુજા ઉમરેલ ॥
આજ અબાર ભઈ સાઁજીકોં તૂ સંગ હમારે ખેલ ॥ ૨૭ ॥

ઉત્કંઠિત ભાવથી રાધારાણીએ કૃષ્ણ રૂપ સખીના ગળામાં પોતાની ભુજા પધરાવી દીધી અને કહ્યું કે, ''તમને મોડું થયું છે, માટે અમારી સાથે સાંઝી ખેલ ખેલો.'' (૨૭)

સખી લઇ સબ બોલ બોલ ગૌરંભન ધુનિ સુનિ કાન ॥
બડ઼ી વાર ઘર જૈહૈં તો ખીજૈં બાબા વૃષભાન ॥ ૨૮ ॥

રાધારાણીએ બધી સખીઓને બોલાવી લીધી. સંધ્યાના સમયે ગાયોના ભાંભરવાનો અવાજ કાનમાં આવ્યો. બધી સખીઓએ કહ્યું કે, ''મોડું થશે તો વૃષભાનજી ખીજાશે. (૨૮)

ચંદા ચંદ્રભગા ચંદ્રાવલિ ચંચલનયની ચલી ધામ ॥
બહુત ફૂલ બીનૈ હૈં ભટૂ રી પૂજૈ મનકે કામ ॥ ૨૯ ॥

આ સાંભળીને ચંદા - ચંદ્રભાગા - ચંદ્રાવલી - ચંચલનૈની પોતપોતાના ઘરે ચાલતી થઈ અને કહ્યું, ''અરે ભટુ, (વિવાહિત પરંતુ પતિને નવવધુ, એક જ વખત મળી છે.) આપણે તો બહુ જ ફૂલ વીણ્યા છે, જેનાથી મનોકામના પૂરી થઈ જશે. (૨૯)

કમલ ફિરાવત ગીત જો ગાવત આવત ઘર વ્રજબાલ ॥
ફૂલનકી કર ગેંદ લકુટિયા ફૂલનકી ઉરમાલ ॥ ૩૦ ॥

કમળ ફેરવતી, ગીતો ગાતી, આ વ્રજની બાળાઓ ફૂલોની ગેંદ અને ફૂલોની છડી લઈને, ગળામાં ફૂલોની માળા પહેરીને આવી રહી છે. (૩૦)

માય ધાય ઉર લાય લઈ કીરતિજૂ પરમપ્રવીન ॥
અરગ બઢ઼ાય લઈ ઘર ભીતર આપ આરતી કૌન ॥ ૩૧ ॥

કીર્તિરાણીએ, જે પરમ પ્રવીણ છે, ઘરની બહાર દોડીને રાધારાણીને હૃદયથી લગાવી દીધા. જળનો અર્ઘ્ય આપીને આરતી કરી. (૩૧)

મૃગમદ ચંદન કેસરસોં શ્યામાજૂ લીપી ભીંત ॥
કામધેનુ કે ગોબરસોં રચિ સાઁજી ફૂલન ચીતિ ॥ ૩૨ ॥

ત્યારે શ્રી શ્યામજીએ કસ્તુરી, ચંદન અને કેસરથી દીવાલ લીપીને, કામધેનુના ગોબરથી અને ફૂલોથી સાંઝી ચીતરી. (૩૨)

ધૂપ દીપ ધરિ ભોગ અમૃતરસ આપ આરતૌ ઉતારિ ॥
ગાવત ગીત પુનીત કિશોરી શ્રીવૃષભાનકુમારિ ॥ ૩૩ ॥

ધૂપ, દીપ કરીને અમૃતરસ (અમૃત કુંડલી - કાંગરાવાળી ફૂલેલી પૂરીની વચમાં ચાસણી) ભોગ ધરીને આરતી ઉતારી. ત્યારે શ્રી રાધાજી પાવન ગીતો ગાવા લાગ્યાં. (૩૩)

કર બ્યારૂ સબ સંગ ખેલિ ચલી અપને અપને ધામ ॥
શ્યામાજૂ ઔર નવલ સખી સુખ લૂટ્યૌ ચારયૌ જામ ॥ ૩૪ ॥

એકસાથે મળીને, વાળુ કરીને, બધી સખીઓ પોતાને ઘરે ગઈ. શ્રી કૃષ્ણ શ્યામા વેશ ધરીને ચાર પ્રહર સુખ પામ્યા. (૩૪)

ત્રિય બાગૌ લલિતાહિ દીયૌ શ્યામાપતિ સુઘર સુજાન ॥
રસિક રૂપ ધર કેલિ કરી સુખસાગર પ્રાનન પ્રાન ॥ ૩૫ ॥

નિકુંજ લીલાઓમાં ઘેરદાર વાઘા શ્રી રાધાજીને સુઘડ સુજાન સમજીને લલિતાજીએ આપી દીધા. શ્રી હરિરાયજી મહાપ્રભુજી કહે છે: પ્રાણોના પ્રાણ, સુખના સાગર, પ્રભુએ રસિક રૂપ ધારણ કરીને લીલા કરી. (૩૫)

શરદ નિશા સુખ યહ વિધિ રાધા માધૌજૂનિત્યબિહાર ॥
શોભાપર બલ જાય શ્યામઘન અવલોકત સુખસાર ॥ ૩૬ ॥

શરદ્ ઋતુની રાતમાં આ પ્રકારે શ્રી રાધામાધવનું આ નિત્ય વિહાર છે. આ શોભા ઉપર શ્યામા સખી રૂપ શ્યામ-ઘન વારંવાર બલિહારી જાય છે અને સુખની સાર શ્રી રાધાજીનાં દર્શન કરે છે. (૩૬)

(આ કીર્તન ''શૃંગારરસ મંડન' ભાવનું છે.)



સાંઝીના પદ

રાગ : ગૌરી

સબ મિલ આઈ લાડ઼િલી વૃષભાન નૃપતિ કે દ્વાર હો ॥ ધૃ. ॥
સબ મિલ આય કહ્યૌ કીરતિસોં દેહુ લડ઼ૈંતી સંગ ॥
બનમેં ફૂલ બિરાજ રહે હૈં ખેલન સાઁઝી રંગ ॥ ૧ ॥

વ્રજમાં નિવાસ કરવાવાળા ગોપકુમારોની બધી લાડલી બેટીઓ, રાજા વૃષભાનજીના દરવાજા ઉપર આવી. બધી સખીઓએ આવીને કીર્તિરાણીને કહ્યું, ''આપ આપની લાડલીને અમારી સાથે મોકલો. વનમાં અનેક પ્રકારનાં ફૂલ શોભાયમાન થઈ રહ્યાં છે. સાંઝીનો આનંદ લેવા માટે અમારી સાથે મોકલો. (૧)

યહ સુન કીરતિ બોલ કુંવરિકોં ઉબટિન્હવાઈ પ્રીતિ ॥
અઁગ અઁગોછ કુલેલ કેશ બિચ પાટી પારી ચીતિ ॥ ૨ ॥

આ સાંભળીને કીર્તિરાણીએ રાધાજીને બોલાવ્યાં અને ઉબટન કરીને સ્નાન કરાવ્યું. શ્રી અંગ પોંછીને (લૂછીને), ફૂલેલ લગાવીને, શ્રી મસ્તકમાં પાટી પાડી. (કેશવિન્યાસની વિશેષ કલાઓમાં એક કલા પાટી પાડવી છે.) (૨)

બેની સુરંગ ગૂઁથિ માઁગમેં સેંદુરભરી બનાય ॥
બાઁયેં સીસફૂલ ઇત ચંદા બિચ લટકન લટકાય ॥ ૩ ॥

સુંદર વેણી ગૂંથીને શ્રી રાધાજીની માંગમાં સિંદૂર ભર્યું. સિંદૂરની થોડી ડાબી બાજુએ શીશ ફૂલ ધરાવ્યું. મુખચંદ્રની વચ્ચોવચ લટકન ધરાવી. (૩)

ટીકી કમલપત્ર કાજર દૈ બેસર ચિબુક બિરાજ ॥
ખુટિલા ખુભી ઔર ટેઢ઼ી બેંદી ઝૂમક સાજ ॥ ૪ ॥

શ્રી મસ્તક પર શ્યામ મસી બિંદ (શ્યામ કાજળનું ટપકું) અને કપાળ ઉપર કમળપત્ર ધરાવ્યું. નેત્રોમાં અંજન, નાસિકામાં બેસર, થોડી (હડપચી) ઉપર ચિબુક ધરાવ્યું. બાજુબંધ અનન ખુટલા અને ખુભી ધરાવ્યા. નજર ના લાગે માટે બિંદીની આકૃતિ થોડી વાંકી કરી. કાનોમાં ઝુમકા ધરાવ્યા. (૪)

કંઠસરી તિમની દુલરી ચંપકલી હાર હમેલ ॥
મુલકટ અઁગિયા બાઁહ બિજોંઠે બાજૂબંદન પેલ ॥ ૫ ॥

કંઠેસરી, દુલરી, તીલરી શ્રી કંઠમાં ધરાવી. ચંપાકલીના આકારવાળો હાર અને ચંપાના ફૂલના આકારવાળી હમેર (હાંસળી) ધરાવી. મુલકટ પ્રકારની અંગીયા (ચોલી) ધારણ કરાવી. હાથમાં બાજુબંધની ઉપર બીજોઠાની આકૃતિવાળાં ઘરેણાં ધરાવ્યા. (૫)

ચૂરી ગજરા કંકન પોંહોંચી હાથ સાઁકરા મુઁદરી ॥
કટિ લહેંગા સારી કુકુંદી બાજત કિંકિણી સગરી ॥ ૬ ॥

ચૂડીઓ ઉપર ગજરા, ગજરાની ઉપર કંગન, કંગન ઉપર પહોંચી, પહોંચીની ઉપર સાંકળા, સાંકળાની નીચે આંગળીઓમાં વીંટીઓ (અંગૂઠીઓ) ધરાવી. કમરમાં લહેંગા-સાડી, કુદનાવાલી કમરની કોઢની ધરાવી. (ઘુઘરીવાળો ઝૂમખો) (૬)

પગ નૂપૂર પાયલ જેહર અનબટ બિછિયા પગપાન ॥
યહ સિંગાર કર ચલી લડ઼ૈતી સબ મિલિ ગાવત ગાન ॥ ૭ ॥

ચરણોમાં નૂપુર (નાના અને બહુ નાના), પાયલ ઉપર જેહર ધરાવ્યા. ચરણારવિંદની આંગળીઓમાં અનવટ, વિંછીયા અને પગમાન ધરાવ્યા. આ સિંગાર કરીને શ્રી રાધાજી બધી સખીઓની સાથે ગીતો ગાતાં ચાલ્યાં. (૭)

બનમેં બીનત ફૂલ હરખસોં ડલિયાઁ સોહે હાથ ॥
ફૂલગેંદકોં આયે લાલન સખા ન કોઉ સાથ ॥૮॥

વનમાં મનથી પ્રસન્ન થઈને ફૂલ વીણી રહ્યાં છે અને છાબડીઓ તેમના હાથમાં શોભી રહી છે. બરાબર તે સમયે પોતાના હાથમાં ફૂલની ગેંદ લઈને ત્યાં લાલન પધાર્યા. ત્યારે એમની સાથે કોઈ પણ સખા નહોતા.(૮)

ખેલત ગેંદ પરી ઇન બીચન પ્યારી લઈ ઉઠાય ॥
લાલન આય ગેંદ માઁગત હૈં લલિતા કહ્યૌ સમુઝાય ॥૯॥

શ્રી ઠાકોરજીની ગેંદ કેમ કરીને ગોપીઓની વચમાં આવી ગઈ. તે પ્યારી રાધાજીએ લઈ લીધી. લાલન આવીને પોતાની ગેંદ માંગી રહ્યા છે. ત્યારે લલિતાજીએ એમને સમજાવ્યું.(૯)

અબ તો ગેંદ ન પૈહૌ લાલન ચતુરાઈ કે મૂલ ॥
પૂછત લાલ સબૈ ક્યોં આઈ બનમેં બીનન ફૂલ ॥૧૦॥

''હવે તો લાલન આપને ગેંદ નહીં મળે, કારણ કે આ તો આપની બહુ ચતુરાઈ છે.'' લાલને પૂછ્યું, ''આપ વનમાં ફૂલ વીણવા કેમ આવ્યાં છો?''(૧૦)

કહ્યૌ લડ઼ૈતી સાઁઝી ધરિ હૈં ફૂલ સબૈ લૈ ચીતિ ॥
લાલ કહ્યૌ મોહિ આછી આવૈ દેખૌ મેરી રીતિ ॥૧૧॥

રાધાજીએ કહ્યું, ''મનગમતાં ફૂલ લઈને અમે ઘરમાં સાંઝી પૂરીશું.'' લાલને કહ્યું, ''મને પણ સુંદર સાંઝી પૂરતા આવડે છે. તમે મારી રીત પણ જુઓ.''(૧૧)

સબન કહ્યૌ કૈસેં લૈ ચલિયેં એકન કહ્યૌ ઉપાય ॥
પેહેરાવૌ આભૂષન સારી કરીયેં સખી સજાય ॥૧૨॥

બધી ગોપીઓએ કહ્યું, ''આમને ઘરે કેવી રીતે લઈ જઈશું.'' તો કોઈ એક સખીએ ઉપાય બતાવ્યો. ''એમને આભૂષણ અને સાડી પહેરાવી સખીવેશથી સજાવો.(૧૨)

સબૈ હરખ સિંગાર કિયે મિલ ચલીં આપને ગેહ ॥
નામધસ્યૌ શ્યામાજૂ ઇનકો તબ બાઁહ પરસ્પર દેહ ॥૧૩॥

બધી ગોપીઓએ પ્રસન્ન થઈને લાલનને સિંગાર ધરાવ્યા, અને શ્યામાજુ નામ રાખ્યું અને હાથ પકડીને ઘરે લઈ ગયા.(૧૩)

લલિતા ચંદ્રભાગા વ્રજમંગલ મૈના નયના રુપ ॥
કરૂણા મોહા કુમુદા રત્ના લોભા લલના અનૂપ ॥૧૪॥
રંભા કૃષ્ણા દુર્ગા ધ્યાના રુપા હરખા નામ ॥
રંગા હંસા દામા પ્રેમા જ્ઞાના જુહિલા ભામ ॥૧૫॥
ચંપા બહોલા સુમના નીલા હીરા મુક્તા પ્યારી ॥
કુંજા અમલા સમલા બિમલા ચંદ્રાવલી સુકુમારી ॥૧૬॥
તારા કમલા અમલા યમુના વૃંદા નંદા નારી ॥
અબલા શીલા સુખિયા પ્રમુદા નવલા સુમતિ બિહારી ॥૧૭॥
ચતુરા કામા રસિકા શ્યામા રાધા લૈ ઘર આઁઈ ॥
એક બેશ એક રુપ સબનકૌ દેખત રહી લુભાઈ ॥૧૮॥

લલિતા, ચંદ્રભાગા, વ્રજમંગલા, મેના, નયના, રૂપ, કરૂણા, મોહા, કુમુદા, રત્ના, લોભા, લલના, અનૂપા, રંભા, કૃષ્ણા, દુર્ગા, ધ્યાના, રૂપા, હરખા, રંગા, હંસા, દામા, પ્રેમા, જ્ઞાના, જુહિલા, ભામા, ચંપા, બહોલા, સુમના, નીલા, હીરા, મુક્તા, પ્યારી, કુંજા, અમલા,

સમલા, વિમલા, ચંદ્રાવલી, સુકુમારી, તારા, કમલા, અમલા(૨), યમુના, વૃંદા, નંદા, નારી, અબલા, શીલા, સુખિયા, પ્રમુદા, નવલા, સુમતિ, બિહારીન, ચતુરા, કામા, રસિકા, શ્યામા, રાધા આ બધી સખીઓના એકસરખાં જ વસ્ત્રો અને શૃંગાર છે અને ઉંમર પણ સરખી છે.(૧૪ થી ૧૮)

ગાવત આવત સબ મન ભાવત આરતી કીરતિ સાજ ॥
પૂછત કહ્યૌ લડૈતી યહ કો જોરી ભલી વિરાજ ॥૧૯॥

જ્યારે આ બધી સખીઓ સંગે મળીને ગીત ગાતી આવી રહી છે, ત્યારે તેમના મનભાવન ગીત સાંભળીને કીર્તિરાણીએ આરતી તૈયાર કરી અને પૂછ્યું, ''હે લાડલી, આ સુંદર જોડી આપની સાથે કોણ છે?''(૧૯)

બીનત ફૂલ યહ મૈં દેખી પૂછી ઇનકી બાત ॥
નંદગામમેં બાસ બસત હૈ શ્યામા નામ કહાત ॥૨૦॥

એને વનમાં ફૂલ વીણતાં જોઈને મેં પુછ્યું ત્યારે તેણે શ્યામા નામ બતાવીને નંદગામ રહું છું એમ કહ્યું.(૨૦)

ઇનમેં એક બડ઼ો ગુણ મૈયા જાનત સાઁઝી ચીતિ ॥
મન હરખિત કીરતિ તબ બોલી ખેલો સબ મિલિ પ્રીતિ ॥૨૧॥

''અરી મૈયા! આમાં સાંઝી ચીતરવાનો બહુ જ મોટો ગુણ છે.'' ત્યારે કીર્તિરાણી પ્રસન્ન થઈને બોલી, ''બધા પ્રેમથી મળીને રમો(ખેલો).''(૨૧)

મુઠિયા વાર આરતી બારી ભીતર ગઈ લિવાય ॥
ભીતિ લીપ ચંદનસોં છિરકી સાઁઝી ધરત બનાય ॥૨૨॥

કીર્તિરાણીએ મુઠીયાવારીને આરતી કરી અને ઘરની અંદર લઈ ગઈ. ચંદનથી ભીંત લીપીને સાંઝી બનાવડાવી.(૨૨)

ધૂપદીપ નૈવેદ્ય ધર્યૌ પુનિ આરતી કરત સઁવારિ ॥
કીરતિ કહ્યૌ બિયારૂ કીજૈ ભૂખી હો સુકુમારી ॥૨૩॥

ધૂપ, દીપ કરીને ભોગ ધરીને આરતી કરી. ત્યારે કીર્તિરાણીએ કહ્યું કે, ''બધી સખીઓ ભૂખી છે. તો વાળુ કરો. (૨૩)

ભોજનકર સબ હાથ પખારે બીરા રત્ના દેત ॥
બીરા લે કહ્યૌ હમ ઘર જૈહૈં કીરતિ કહ્યૌ સુહેત ॥૨૪॥

બધી સખીઓએ ભોજન કરીને હાથ ખાસા કર્યા. કીર્તિરાણીને ત્યાં ટહેલ કરવાવાળી રત્ના સખીએ બધાને બીડાં આપ્યાં. બીડાં લઈને બધી સખીઓએ કહ્યું કે હવે અમે ઘરે જઈશું. કીર્તિરાણીએ બધાને સુખપૂર્વક વિદાય કર્યા.(૨૪)

શ્યામા તુમ જિન જાહુ દૂર ઘર યહાઁઈ સોવો રાત ॥
ઔરનસોં યોં કહ્યૌ બેગિહી આવોગી ઉઠ પ્રાત ॥૨૫॥

કીરતિરાણી બોલ્યા, ''અરે શ્યામા, તમારું ઘર દૂર છે. માટે તમો જશો નહીં અને અહીં જ પોઢી જાઓ.'' બીજી સખીઓને આજ્ઞા આપી, ''આપ સવારે જલદી ઊઠીને આવજો.''(૨૫)

વે તબ ગઈ રહી હૈ શ્યામા ખેલત ચોપર રંગ ॥
જીત પરસ્પર હોત દુહુનકી રાધા શ્યામા સંગ ॥૨૬॥

સખીઓના ગયા પછી શ્યામા રાધાની સાથે ચોપાટ રમવા લાગ્યા. બંને એકબીજાથી જીતી જતા હતા. (વિજયી થતા હતા.) (૨૬)

એક સેજ પૌઢ઼ે તબ દોઊ ઉઠે પ્રાત અરસાય ॥
બેઊ સબ આઁઈ તિહિ અવસર નિરખ સબૈ મુસિકાય ॥૨૭॥

પછી બંને એક જ શૈયા ઉપર પોઢી ગયા. પ્રાતઃકાલે આળસ ભરી આંખોએ જાગ્યા. આ બાજુ બધી સખીઓ આવી ગઈ અને તે બંનેને જોઈને હસવા લાગી.(૨૭)

સાઁઝી ડલિયા મેં ઘર લીની ગાવત ચલી સુભાય ॥
ડલિયા યમુનાજલ પધરાઈ સબૈ ન્હાત સુખ પાય ॥૨૮॥

કાલની સાંઝી બધાંને ડલીઆમાં (ટોપલીમાં) પધરાવી લીધી અને ગીતો ગાતાં ગાતાં ચાલ્યાં. અને તે ડલીઆ શ્રી યમુનાજલમાં પધરાવીને બધી સખીઓએ યુમાનાજીમાં સ્નાન કર્યું.(૨૮)

લાલ કહ્યૌ અબ હમ ઘર જૈહેં મૈયા જાનતનાય ॥
યોં કહિ આવત જસુમતિ દેખી રુખે ભયે લજાય ॥૨૯॥

લાલને કહ્યું, ''માહી મૈયાને કાંઈ ખબર નથી, માટે હું ઘરે જાઉં છું.'' એવું કહીને લાલન ઘરે ગયા અને યશોદાજીને જોઈને લજ્જા પામ્યા.(૨૯)

જસુમતિ પૂછત રાત કહાઁ રહે લાલન કહી બનાય ॥
દૌરી ગાય ગયૌ તા પાછેં ગોવર્દ્ધન લિયૌ બુલાય ॥૩૦॥

યશોદાજીએ પુછ્યું, ''લાલન આજે રાત્રે આપ ક્યાં રહ્યા હતા?'' ત્યારે કનૈયાએ વાત બનાવીને કહ્યું, ''અરે મૈયા, મારી એક ગાય ભાગી ગઈ. હું તેની પાછળ ગયો, ત્યારે ગોવર્ધને મને બોલાવી લીધો.(૩૦)

આછે ફલ લૈ મોહિ ખવાયે સોય રહ્યૌ તા પાસ ॥
દ્વારકેશ પ્રભુકી બતિયાઁ સુન જસુમતિ આયૌ હાસ ॥૩૧॥

અને એમણે મને બહુ જ સુંદર ફળો આરોગાવ્યા. રાતે હું તેમની પાસે જ પોઢી ગયો હતો. શ્રીદ્વારકેશજી કહે છે કે, ''લાલનની વાત સાંભળીને યશોદાજીને હસવું આવી ગયું.''(૩૧)

(આ કીર્તન ''વ્રજ રસ મંડન'' ભાવનું છે.)



સાંઝીના પદ

રાગ : ગૌરી

કીરતિ કુલ મંડન ગાઇયેં વૃષભાન નૃપતિકી બાલ હો ॥
કંચન તન સોહૈ મોહૈ ઉર પહેરેં મુક્તામાલ હો ॥ ૧ ॥

કીર્તિરાણીનું જે કુળ છે, તેની જે શોભા છે, તેનું ગુણગાન કરીએ. જે વૃષભાનરાયની બેટી છે, જેનું શ્રી અંગ કંચન સમાન સુંદર છે અને મોતીઓની માળા હૃદય ઉપર ધારણ કરી છે.(૧)

સખી વૃંદ સબ આય જુરીં વૃષભાન નૃપતિ કે દ્વાર ॥
બીનન ફૂલ ચલૌ બન રાધે નવસત સાજસિંગાર ॥ ૨ ॥

બધી સખીઓ વૃષભાનરાયના દ્વાર ઉપર એકત્રિત થઈ અને બોલી, ''હે રાધે, સોળે શૃંગાર કરીને, વનમાં ફૂલ વીણવા ચાલો.''(૨)

યહ સુન કીરતિજુહઁસિકેં પ્યારીકૌ કિયૌ હૈ સિંગાર ॥
કબરી કુસુમ ગુહી હૈ માનૌ ઉડુગણકી અનુહાર ॥ ૩ ॥

આ સાંભળીને કીર્તિરાણીએ પ્યારી રાધાને હસીને શૃંગાર ધરાવ્યો. ફૂલોથી ચોટી એવી ગૂંથી છે કે એમાં ફૂલ નહીં, પણ તારા સજાવ્યા હોય.(૩)

શીશફૂલ જિમ ચંદ બિરાજત શોભા કહી ન જાય ॥
કોટિ ચંદ બારોં મુસિકન પર કામ રહ્યૌ મુરઝાય ॥ ૪ ॥

શીશ ફૂલ એવું ધારણ કરાવ્યું કે, ચંદ્રમા બિરાજી રહ્યા છે. તેની શોભા ક્યાં સુધી કહીએ. એક મૃદુ હાસ્યથી કરોડો ચંદ્રમા ન્યોછાવર કરે તો પણ કામદેવ શરમાય.(૪)

બંક બિરાજ રહે ભૃકુટી તટ ખુટિલા શ્રવનન પાસ ॥
યોં લપટાય રહે દોઉ જનુ નયન દરશકી આસ ॥ ૫ ॥

વાંકી ભૃકુટીની પાસે, કાનની નજદીક ખોટલા (ખુટિલા) શોભાયમાન છે. એ ખોટલા એવા લાગી રહ્યા છે, કે તેને શ્રી રાધાજીનાં નેત્રોનાં દર્શનની અભિલાષા છે.(૫)

કરનફૂલ ઝૂમક અરુ બંદી લટકન બેંદિ લિલાર ॥
નકબેસર મોતી અતિ સોહૈ લટકન પરમ સુઢાર ॥ ૬ ॥

કાનના કર્ણ ફૂલ, ઝૂમક, બંદી, લટકન અને માથાની બિંદી. નકવેસરનું મોતી અને તેની લટકન અલગ જ છે.(૬)

મુખહી તમોલ અધર અરુનાઈ દશન લસન અતિ સાર ॥
ચિબુક બિંદુ મધુકર સુત માનૌ બૈઠ્યૌ આસન માર ॥ ૭ ॥

મુખારવિંદમાં પાનની બીડી, હોઠની લાલી, દંતાવલીની ઉજ્જવળતા એકબીજાને જોડતી શોભા નિરાળી લાગે છે. ચિબુક અને થોડી ઉપર શ્યામ બિંદી એવી લાગે છે, કે કોઈ ભમરો રસ લેવા માટે આસન લગાવીને બેઠો છે.(૭)

અંજન ઊપર ખંજન વારોં નયન ચપલતા મીન ॥
કીરતિજૂ છબિ નિરખિ નિરખિકેં દીઠદિઠૌના હીન ॥ ૮ ॥

નેત્રોમાં જ અંજન છે, તેની સુંદરતા ઉપર તો ખંજન પક્ષી (કબૂતર જેવું, તેનાથી કદમાં નાનું, જેની આંખ સુંદર હોય છે) પણ ન્યોછાવર કરે છે. નેત્રોની ચંચલતા ઉપર નાની માછલીઓને ન્યોછાવર કરીએ. શ્રી રાધાજીની શોભાને જોઈ જોઈને માથાની ઉપર દિઠૌના (નજર ના લાગે, માટે કરેલું કાળું ટપકું) લગાવ્યું છે (માતા કીર્તિજીએ).(૮)

ચૌકી ચમક તિમનિયાઁ દુલરી ચંપકલી ઉપહાર ॥
બાજૂબંદ પછેલી ચૂરી કંકન ગજરા ચાર ॥૯॥

શ્રી કંઠમાં ચમકદાર ચૌકી, દુલરી, તિમનિયા, ચંપાની કલીની આકૃતિવાળો નાનો હાર, બાજુબંધ, પછેલી, (પછેલી સાથે છન નામનું વિશેષ આભૂષણ હોય છે), ચૂડી, કંગન, ચાર ગજરા ધરાવ્યા છે.(૯)

પોંહોંચી રત્ન ચૌક ઔર મુંદરી નખભૂષણ છબિ દેત ॥
શ્રીકર કમલ બિરાજત માનો ઉડુગણ ચંદસમેત ॥૧૦॥

પહોંચી, રત્નચૌક, અંગૂઠી, નખભૂષણ શોભા આપી રહ્યા છે. કરકમળોમાં કમલપત્ર બિરાજી રહ્યાં છે. માનો કે ચંદ્રમા નક્ષત્રો સહિત અહીં જ છે.(૧૦)

ક્ષુદ્રઘંટિકા કટિ તટ રાજત જેહરિ નૂપુર પાય ॥
અઁગુરિન બિછિયા અનવટ સોહૈં શોભા કહી ન જાય ॥૧૧॥

ક્ષુદ્રઘંટિકા કમરમાં બિરાજમાન છે. ચરણોમાં નૂપુર અને જેહરિ શોભાયમાન છે. ચરણોની આંગળીમાં વિછિયા, અનવટની શોભા વર્ણવી ન શકાય તેવી છે.(૧૧)

હરે કસબકો લેહેંગા સોહૈ કંચુકી કેસરિ અંગ ॥
સારી સુહી રઁગી હૈ માનોં ગુલાબાઁસકે રંગ ॥૧૨॥

લીલા રંગના કસબના સુતરાઉ વસ્ત્ર પહેરીને, કેસરી ચોળી પહેરી છે. તેના ઉપર મેળ ખાતી સુહારંગની સાડી છે. તેમાં ક્યાંક ગુલેવાસી રંગની શોભા છે.(૧૨)

કર સિંગાર કહ્યૌ કીરતજૂ જાઉ લડૈતી સાથ ॥
અલી યૂથમેં ચલી પરસ્પર ફૂલન ડલિયા હાથ ॥૧૩॥

શૃંગાર કરીને કીર્તિરાણીએ આજ્ઞા આપી, ''અરે રાધિકા, આમની સાથે જાઓ.'' સખીઓના યૂથમાં ડલિયાં લઈને એકબીજા સાથે જવા લાગ્યાં.(૧૩)

ચલત ચાલ મરાલ બાલ શ્રીરાધાજૂ સખિયન માઁઝ॥
બીનત ફૂલન યમુના ફૂલન ખેલત સાઁઝીસાઁઝ॥૧૪॥

ચાલતી વખતે શ્રી રાધાજી હંસના નાના બાળકના જેવી ચાલે સખીઓની વચ્ચે ચાલી રહી છે, યમુના કિનારે સાંઝી ખેલવાનાં ફૂલ વીણી રહી છે.(૧૪)

જાલરંધ્ર દેખત હૈ મોહન દૃષ્ટિપરી વ્રજબાલ ॥
ત્રિયારૂપ કિયો હૈ તબહી આય મિલે તતકાલ ॥૧૫॥

વૃક્ષોનાં લતા-પતાઓની સૂક્ષ્મ જાળીઓમાંથી શ્રી કૃષ્ણની નજર આ બાળા-સખીઓ ઉપર પડી કે તત્કાલ શ્રી ઠાકોરજી સખી રૂપ ધરીને આવી ગયા.(૧૫)

છબિ નિરખત વૃષભાન દુલારી બહુત કરી મનુહારિ ॥
બીનત ફૂલ અકેલી હેલી તૂ કો હૈ સુકુમારિ ॥૧૬॥

આપની છબી જોઈને શ્રી રાધાજીએ તેમની ખુશામત માટે કહ્યું, ''અરી સુકુમારી, અકેલી ફૂલ બીનનેવાલી આપ કૌન હૈ?(૧૬)

કૌન ગામ બસતિ હો સુંદરિ કહા તિહારૌ નામ ॥
આજ અબાર ભઈ હૈ પ્યારી ચલો હમારે ધામ ॥૧૭॥

'આપ ક્યા ગામમાં રહો છો ? હે સુંદરી, આપનું નામ શું છે ? આજે અહીં બહુ જ મોડું થઈ ગયું છે, તો આપ અમારે ઘરે ચાલો.''(૧૭)

નંદગામમેં બાસ બસતિ હૂઁ સાઁવરી મેરૌ નામ ॥
સાઁઝી મિસ આઈ હોં યા બન પૂજે મનકે કામ ॥૧૮॥

''મારે રહેવાનું નંદગામ, સાંવરી મારું નામ છે. સાંઝીને માટે ફૂલ વીણવા આવી છું. મેં સાંભળ્યું છે કે, આ વનનાં ફૂલોની સાંઝી પૂજવાથી મનોકામના પૂરી થાય છે.''(૧૮)

સૌનજુહી ચમેલી ચંપા રાયબેલિ અરુબેલિ ॥
ગુલાબાઁસકી ગેંદ લિયે કર કરત પરસ્પર કેલિ ॥૧૯॥

સોનજુહી, ચમેલી, ચંપા, રાયવેલી, અરવેલી, ગુલેવાસની ગેંદ બનાવી એકબીજા સાથે રમવા લાગ્યાં.(૧૯)

કમલ કનેર કેતકી નિવારૌ સેવતી સદા ગુલાબ ॥
ગુલતુર્રા સદા સુહાગિન ફૂલનકી ભરિ છાબ ॥૨૦॥

કમળ, કનેર, કેતકી, નિવારૌ, સેવંતી, સદાગુણાવ,



સૌજન્ય : શ્રી વિધુભૂષણજી શર્માજી, અમદાવાદ.

ગુલતુર્શ, સદા સુહાગન વગેરે બીજા ફૂલોથી છાબડીઓને ભરી લીધી.(૨૦)

લલિતા ચંપકલતા વિશાખા સ્યામા ભામા જેહ ॥
ચંદ્રભગા તુંગા ચંદ્રાવલિ રાધા માધવ નેહ ॥ ૨૧ ॥

અહીં લલિતા, ચંપકલતા, વિશાખા, શ્યામા, ભામા જે હતી, તેના સિવાય ચંદ્રભાગા, તુંગા, ચંદ્રાવલી, રાધા, માધવ, નેહા.(૨૧)

ઠૌર ઠૌર સબ કહત સખિનસોં ચલૌ ભટૂ ઘર જાઁહ ॥
સ્યામાજૂ અરૂ નવલ સખી દોઉ ગેહ પરસ્પર બાઁહ ॥ ૨૨ ॥

એકબીજાથી વારંવાર કહેવા લાગી કે ઘરે ચાલો. શ્યામાજી (રાધાજી) અને નવસખી (શ્યામસખી) એ બંનેએ એકબીજાના હાથ પકડી લીધાં.(૨૨)

સૌંધે સાનિ મધ્ય ચંદન મિલ કરત કેલિ મનભાયે ॥
નિરખ દેવ દુંદુભી બજાવત પુષ્પન વૃષ્ટિ કરાયે ॥ ૨૩ ॥

સોંધાનું અત્તર લગાવ્યું છે. અહીં ક્યાંક ચંદનનો પર્વત છે ત્યાં મન ભાવતી લીલાઓ કરી. દેવતાઓએ આ લીલા જોઈને પુષ્પવૃષ્ટિની સાથે દુંદુભિ વગાડી.(૨૩)

ફૂલ ગેંદ સબહિન લિયૈં કર ગાવત સાઁઝી ગીત ॥
ગજગતિ ચાલ ચલત વ્રજસુંદરિ બઢ઼ી પરમ રસ પ્રીત ॥ ૨૪ ॥

અહીં બધી સખીઓ ફૂલોની ગેંદ લઈને સાંઝી ગીત ગાતાં ગાતાં ગજગતિ ચાલથી ચાલી રહી છે. તેઓની એકબીજાથી રસમય પ્રીતિ એકદમ વધી ગઈ.(૨૪)

ચહુઁદિશિ તૈં સબ આય જુરીં વૃષભાન નૃપતિકે દ્વાર ॥
કીરતિજૂ તબ કરત આરતી રાઈ લૌન ઉતાર ॥ ૨૫ ॥

ચારે દિશાએથી બધી સખીઓ ભેગી થઈને વૃષભાનજીના દ્વાર ઉપર આવી. કીર્તિરાણીએ આરતી કરીને રાય લોણ ઉતાર્યાં.(૨૫)

કીરતિ બિહઁસિ કહી મૃદુબાની લલી ચલી યહ કૌન ॥
પ્યારી કહ્યૌ નંદગામ બસતિ હૈં ખેલન આઈ ભૌન ॥ ૨૬ ॥

કીર્તિરાણીએ હસીને મધુર વાણીથી પૂછ્યું, ''અરી સખીઓ, આ કોની બેટી છે.'' રાધાએ કહ્યું, ''આ નંદગામ રહે છે અને અમારી સાથે ખેલવા આવી છે.''(૨૬)

કેસર ચંદન અગર અરગજા મૃગમદ કુંકુમગાર ॥
કામધેનુકૌ ગોબર લૈકેં સાઁઝી ધરત સઁવાર ॥ ૨૭ ॥

કેસર, ચંદન, અગર, અરગજા, કસ્તુરી, કુમકુમ મેળવીને કામધેનુના ગોબરથી સાંઝી લીપી.(૨૭)

ધૂપ દીપ કર ભોગ ધર્યૌ આરતી કરી હૈ બનાય ॥
માઁગત સીખ સબૈ વ્રજબાલા હાથ જોર શિર નાય ॥ ૨૮ ॥

ધૂપ, દીપ કરીને, ભોગ ધરાવીને, આરતી કરી, બધી વ્રજબાળાઓએ મસ્તક નમાવીને, હાથ જોડીને કંઈક માંગ્યું.(૨૮)

બ્યારૂ આજ કરૌ મિલ હ્યાઁહી રાધા જૂકે સાથ ॥
કીરતિજુયોં કહત સબનસોં પરસૂઁ અપને હાથ ॥ ૨૯ ॥

બધી સખીઓને કીર્તિરાણીએ કહ્યું, ''હું મારા હાથથી બધાંને પીરસી આપું છું. તમે બધાં અહીં જ બ્યારૂ કરો.''(૨૯)

કર બ્યારૂ ગૃહ ગઈ સહેલી રહ્યૌ ખેલનકૌ રગ ॥
કમલ સેજ પર પૌઢ઼ે દોઉ મિલ સાઁવરી રાધા સંગ ॥ ૩૦ ॥

બ્યારૂ કરીને બધી સખીઓ પોતાને ઘરે ગઈ, ત્યારે શ્યામ-શ્યામાને ખેલવાનું મન થયું. કમલ શૈયા ઉપર બંને પોઢી ગયાં. એકનું નામ રાધા અને એકનું નામ સાંવરી છે.(૩૦)

કહા કહૂઁ કછુ કહત ન આવૈ પ્રભુકૌ યહી સ્વરૂપ ॥
ત્રિયાબસન લલિતાહીં દીયે કીયે હૈં નિજરૂપ ॥ ૩૧ ॥

હું શું કહું ? કંઈ કહી નથી શકતી. સાંવરી સખીનું સ્વરૂપ જ એવું છે. જે લલિતાજીએ વસ્ત્ર આપ્યાં હતાં, તે જ આજે સાંવરી સખીએ પહેર્યાં છે.(૩૧)

વરનૌં કહા યથામતિ મેરી રસના એક બનાય ॥
હરિદાસપ્રભુકી યહ શોભા નિરખત મન ન અઘાય ॥ ૩૨ ॥

ક્યાં સુધી વર્ણન કરું, એવી શ્રી હરિરાય મહાપ્રભુજી આજ્ઞા કરે છે. ''પ્રભુના આ રૂપને જોઈને મારું મન તૃપ્ત થતું નથી.''(૩૨)

(આ કીતર્ન ''કલારસ મંડન'' ભાવનું છે.)



સાંઝીના પદ

રાગ : જંગલો

ગઈ રી હોં તો કુલવા બીનનકો ।
નંદ ગામકી ગેલ બિસરી ગઈ, પાઇરી અચાનક પાઈ રી ॥૧॥
ચલ રી સખિ વૃંદાવન જઈયે, કુલનકી સરસાંઈ રી ।
‘શ્રીહરિદાસકી’ સ્વામિની રાધે, સાંઝી ભલી બનાઈ રી ॥૨॥

અરી સખી! હું તો ફૂલ વીણવા ગઈ હતી. એવું થયું કે હું તો નંદગામનો રસ્તો જ ભૂલી ગઈ. સખી હું તને શું કહું! અચાનક મને રસ્તો મળી પણ ગયો. હવે ઓ સખી! વૃન્દાવન જઈએ, ત્યાં ફૂલો બહુ જ સુંદર મળશે. સ્વામિ શ્રી હરિદાસજી કહે છે : એ સુંદર ફૂલોથી ગોપીઓએ ઘણી જ સુંદર સાંઝી બનાવી. ✿



રાગ : ગૌરી

સાંઝીના પદ

શ્યામ સનેહી ગાઇયૈ શ્રીવૃંદાવન રજ પાઇયૈ હો ॥ ધ્રુ. ॥
રાધા જિનકી ભામતી કુંજન કુંજન કેલિ ।
તરુ તમાલ ઢિગ અરુઝી માનોં લસત કનકકી બેલિ ॥ ૧ ॥
મહામોહની મન હર્યૌ રસબસ કીને લાલ ।
કુચકલશન પર મન મર્યૌ લટ બાઁધ્યૌ મૈન મરાલ ॥ ૨ ॥
નયન સૈન દૈ તન બેધ્યૌ મન બેધ્યૌ કલ ગાન ।
અંજન ફંદન કુઁવર કુરંગન ચલેં દોઉ ભ્રૌંહ કમાન ॥ ૩ ॥
નકવેસર બડ઼સી લગી ચિત્ત ચંચલ મનમીન ।
અધર સુધા દૈ બેધિયૌ ચકૃત કિયે આધીન ॥ ૪ ॥
અંગ અંગ રસરંગ મેં મગન ભયે હરિ નાહ ।
વ્યાસ સ્વામિની સુખ દિયૌ પિય સંગમેં સિંધુ પ્રવાહ ॥ ૫ ॥

(ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજીએ અન્ય સમ્પ્રદાયના ભક્તો દ્વારા શુદ્ધ લીલાવાળી વાણી અંગીકાર કરી છે. તે આશયથી અહીં વ્યાસ સ્વામિનીજીનું પદ છે.)

શ્રી યશોદાજીના પુત્ર ઉજ્વલનીલમણી જેમનું નામ શ્યામ છે એમને સ્નેહ કરવાવાળી, જે સ્ત્રી રાધા છે એનું જ ગાન કરો, (રાધા ગુણગાન કીજીએ). ત્યારે જ શ્રી વૃન્દાવન રજ પ્રાપ્ત થઈ શકે. શ્રી કિશોરીજી રાધારાણી જેમની મન ભાવન પ્યાત છે, અને પ્રત્યેક કુંજમાં કામ કળાઓની પ્રત્યક્ષ લીલાઓ છે, તે શ્રી રાધા તમાલ વૃક્ષની પાસે અટકીને ઊભી છે. તેમનું દર્શન કરીને એવું લાગી રહ્યું છે કે માનો, ''શ્યામ રંગનું જે તમાલ વૃક્ષ છે, તેની પાસે શ્રી રાધિકાજી ગૌર વર્ણથી એવી સુંદર લાગી રહી છે કે જાણે સ્વર્ણની લતા-પત્તા હોય, એવી શોભાયમાન.''

મહામોહિની શ્રી રાધાજીએ શ્રી કૃષ્ણનું મન હરી લીધું છે. મોહનલાલ શ્રી કૃષ્ણને પોતાના રસમાં વશ કરી લીધા છે. (જે સમયે શ્રી કૃષ્ણને રસ વશ કર્યા છે, તે સમયે) શ્રી રાધારાણીનું શોભાયમાન કુચ રૂપી કલશ છે, એના ઉપર શ્રી ઠાકોરજીએ પોતાના મનને મોહિત કરી લીધું છે.

''યહાં શ્રી કૃષ્ણ કે મન કા રંગ સફેદ હૈ ઔર શ્રી રાધિકાજીને શ્વેત ચોલી ધારણ કી હૈ. ઉસ ચોલી ઔર કુચ કલશ પર ગૂંથી હુઈ વેણીકે દર્શન હો રહે હૈ. યહ વેણી કામદેવકી સ્વરૂપ હૈ। સફેદ ચોલી પર જો કુચ દિખાઈ પડ રહે હૈ વો હંસ કે બાલક સમાન હૈ। માનો વેણી રૂપ કામદેવકી રસ્સીને કુચ રૂપી હંસકે બાલક કો બાંધ લિયા હૈ।

એવી રાધાજીએ પોતાના નેત્ર રૂપી બાણોથી શ્રી કૃષ્ણના અંગને અનેક જગ્યાએથી વીંધી નાખ્યા છે. અનન રાધિકાજીના મધુર બોલથી કૃષ્ણના અંગને અનેક જગ્યાએથી વીંધી નાખ્યા છે અને રાધિકાજીના મધુર બોલથી કૃષ્ણના મનને ઘાયલ કરી દીધું છે. શ્રી રાધિકાજીના ચંચલ નયનમાં લગાવેલું શ્યામ અંજન રૂપી જે કાજળ છે અને નયન ઉપર ભંવર રૂપી ધનુષ્યબાણ છે, તે કુંવર કૃષ્ણની ઉપર ઉછળીને દોડવાવાળા મૃગની માફક ઉછળી ઉછળીજે વાર કરે છે.

શ્રી સ્વામિનીજીના શૃંગારમાં જે નકવેસર છે, તે કામદેવની ક્રીડાથી વ્યથિત છટપટાતી માછલી સમાન છે. તે નકવેસર હોઠોને (ઓષ્ટને) સ્પર્શ કરવાથી એવું લાગે છે, કે માનો વીંધેલા મનને, અધર સુધા પીવડાવી આશ્ચર્યચક્તિ કરી, આધીન કરી દીધું.

જે રાધિકાજીના મનના એક એક અંગમાં રસ રંગ છે. (એવા રસના રંગમાં રંગાયેલી) શ્રી રાધિકાજીની સાથે શ્રી કૃષ્ણ મગ્ન થઈ ગયા.

વ્યાસ દાસજી કહે છે કે, ''શ્રી સ્વામિનીજીએ શ્રી ઠાકોરજીને એવું સુખ આપ્યું, જેવું કે સમુદ્ર અનન સમુદ્રના પ્રવાહ અદ્ભુત દેખાય છે, તેવું જ અનોખું સુખ શ્રીસ્વામિનીજીથી શ્રી કૃષ્ણને મળ્યું.''



સાંઝીના પદ

રાગ : ગૌરી

સખિયન સંગ રાધિકા બીનત સુમનન બનમાઁહ ।
સાઁઝી પૂજનકોં આતુરહી ઠાઢ઼ે કદંબ કી છાઁહ ॥૧॥
સખી ભેષ દૈ મોહનકોં લૈ ચલી આપને ગેહ ।
પૂછી કીરતિ યહ કો સુંદરિ તબ કહ્યૌ મેરી સનેહ ॥૨॥
સાઁઝી ખેલ બિદાકર સબકોં દોઊ પૌઢ઼ે સેજ મઝાર ।
સગરી રાતિ સૂર કે સ્વામી બસિ સુખ કીયૌ અપાર ॥૩॥

એક વાર શ્રી રાધિકાજી પોતાની સખીઓની સાથે વનની વચ્ચે ફૂલ વીણી રહ્યાં હતાં. તે સમયે શ્રી કૃષ્ણની ઇચ્છા થઈ કે હું પણ સાંઝીનું પૂજન કરું. ત્યારે આપ આતુર ભાવથી કદમની છાયામાં ઊભા રહી ગયા. તે સમયે શ્રી રાધિકાજી શ્રી કૃષ્ણને સખી વેશ ધરાવીને પોતાને ઘરે લઈ ગઈ. શ્રી કીર્તિરાણીએ પૂછ્યું કે, ‘‘આ કોણ છે?’’ ત્યારે રાધાજી બોલ્યાં કે, ‘‘આ મારી સ્નેહી છે.’’ સાંઝીના ખેલ ખેલ્યા પછી શ્રી રાધિકાજી બધી સખીની સાથે સૈયાજી ઉપર પોઢી ગયા.

સુરદાસજી કહે છે કે, ‘‘તે દિવસે પૂરી રાત નિવાસ કરીને અપાર સુખનું દાન આપ્યું.’’

(અપાર સુખ - રતિ-રસ લીલાકો કહતે હૈ) ✿



સાંઝીના પદ

રાગ : ગૌરી

રાધાપ્યારી કહ્યૌ સખિનસોં સાઁઝી ધરૌ રી માઈ ।
બિટિયાઁ બહુત અહીરન કી મિલ ગઈ જહાઁ ફૂલ અથાઁઈ ॥૧ ॥
યહ બાત જાની મનમોહન કહ્યૌ સબન સમુઝાય ।
ભૈયા બછરા દેખેં રહિયોં મૈયા છાક ધરાય ॥૨ ॥
એસેં કહિ ચલે શ્યામ સુંદરવર પોંહોંચે જહાઁ સબ આઈ ।
સખીરૂપ હ્વૈ મિલે લાડિલે ફૂલ લિયે હરખાય ॥૩ ॥
કરસોં કર રાધા સંગ શોભિત સાઁઝી ચીતી જાય ।
ખટરસકે બિંજન અરપે તબ મન અભિલાષ પુજાય ॥૪ ॥
કીરતિરાની લેત બલૈયા વિધિસોં વિનય સુનાય ।
સુરદાસ અવિચલ યહ જોરી મુખ નિરખત ન અધાય ॥૫ ॥

પ્યારી શ્રી રાધિકાજીએ પોતાની સખીઓને કહ્યું, ''અરી મૈયા ! સાંઝી ધરાઓ. (લગતા હૈ કી માતૃભાવકી કોઈ બડી ઉમ્રવાલી સખી હૈ)

આહિર જાતિની ઘણી બધી બેટીઓ એક સાથે એકત્ર મળી. તે જગ્યાએ કે જ્યાં ફૂલોનું સ્થાન છે. મનમોહન શ્રી કૃષ્ણ આ બધી વાત જાણીને પોતાના સખાઓને સમજાવીને બોલ્યા, ''અરે ભૈયા સખાઓ! આપ સબ હમારી ગાયોં કે જો બછરા હૈ ઉનકો તુમ દેખતે રહો। મુઝે લગતા હૈ, મૈયા યશોદાને છાક ભીજવાઈ હૈ।'' એવું કહીને શ્રી શ્યામસુંદર ત્યાં પહોંચી ગયા જ્યાં બધી સખીઓ આવી હતી. સખીઓના યૂથમાં પ્યારા લાડલા શ્યામસુંદરે સખી રૂપ ધરીને પ્રસન્ન થઈને ફૂલ લેવાનું શરૂ કરી દીધું. ઘરે પહોંચીને શ્રી રાધાજીની સાથે હાથમાં હાથ મેળવીને સાંઝી ચીતરી (બનાવી). સાંઝી ભોગમાં ખટરસ વ્યંજન અર્પણ કર્યા અને પોતાના મનની ઇચ્છા પૂર્ણ થાય તેવી વિનંતી કરી. શ્રી રાધિકાજીની માતા કીર્તિરાણી (યહ રહસ્ય લીલાકો જાન નહીં શકી) વારંવાર બલૈયા-બલિહારી લઈ રહી છે અને પોતાના વિધાતાને વિનંતી કરી રહી છે.

સુરદાસજી કહે છે કે, ''કીર્તિરાણીએ આ વિનંતી કરી કે, જે મુખારવિંદની શોભાને જોઈને તૃપ્તિ નથી મળતી, તે ગૌર-શ્યામ જોડી કહીં જાય નહીં, અને અહીં જ બિરાજે.''



સાંઝીના પદ

રાગ : ગૌરી

સખિયન સઁગ રાધિકા કુઁવરિ બીનતિ કુસુમ દલિયાઁ ।
એકહી બાનિક એક વેશ ક્રમ સ્યામબાલકે હાથન રઁગીલી ડલિયાઁ ॥ ૧ ॥
એક અનૂપમ માલ બનાવત એક પરસ્પર બેંની ગૂંથત શોભિત કુંદ કલિયાઁ ।
સુરદાસ મદનમોહન આય અચાનક ઠાઢ़े ભયે માની હે રઁગરલિયાઁ ॥ ૨ ॥

સખીઓની સંગમાં ફૂલોના દળ શ્રી રાધિકાજી વીણી રહ્યાં છે. બધી સખીઓની બાનીક (સ્વભાવ - આદત) એક જેવી હતી. એક જેવાં વસ્ત્ર હતાં. કોઈ સખીઓ જે શ્યામ સ્વરૂપ હતી, તેમના હાથમાં રંગબેરંગી ટોકરી (ડલિયાં) હતી. કોઈ એક સખી બહુ જ અનોખા પ્રકારની માળાજી સિદ્ધ કરી રહી હતી. કોઈ એક અરસપરસ વેણી ગૂંથી રહી હતી. વેણીમાં કુંદ પુષ્પની ગૂંથણી કરતી હતી. તે સમયે સુરદાસજી કહે છે કે પ્યારે મદન મોહનલાલ અચાનક ત્યાં આવીને ઊભા થઈ ગયા. હવે તો સખીઓ અને શ્રી ઠાકોરજીની વચ્ચે વાર્તાલાપથી રંગરેલ પ્રારંભ થઈ ગઈ.

વિશેષ ભાવ : ઈસ પદમેં કિસી પ્રકાર કે ફૂલોં કા નામ નહીં હૈ. સામાન્ય ફૂલોં કા ઇશારા હૈ । કેવલ વેણી ગૂંથને મેં કુંદકે ફૂલકા નામ હૈ । યહ સાંઝી મનહરની હૈ, ઇસલિયે મનહર શ્રી ઠાકોરજી વહાં પધારે । કુંદકે આગે, કુંદ શબ્દ સે પહેલે અગર ‘‘મુ’’ લગા દે તો મુકુંદ હો જાયેગા । રંગરેલિયાં ઇસી બાત પરથી કોઈ સખી કહ રહી થી, મુઝકો કૃષ્ણ આગે મિલતે હૈ, અત: મેરી વેણી કુંદકી હૈ। દુસરી સખી કહ રહી થી, અરી યે કૃષ્ણ તેરે પીછે પીછે ચલતે હૈ, ઇસલિયે તેરી વેણી મેં કુંદ નહીં મુકુંદ અટકે હૈ । આગે આગે રંગરેલિયાં હોને લગી ।

સાંઝીના પદ

રાગ : ગૌરી
મુરલીવારે સાઁવરે નેંક મારગ મોહિ બતાવ રે ॥
સંગ ન સહેલી ફિરોં અકેલી કિત નંદીસુર ગાઁવ રે ॥૧॥
ભૂલિ પરી સંકેત સઘન વન હોં અબલા કિત જાઊં ॥
મૃગનયની કે બચન સુનત હી આય મિલે તિહિ ઠાઊ ॥૨॥
મારગ મિલે અંક ભરિ ભેટે ભલો બન્યો હૈ દાઉ ॥
કહિ ભગવાન હિત રામરાય પ્રભુ રાધારમન જાકૌ નાઉ ॥૩॥

મુરલી એને કહેવાય, જે મનને ચોરી લે. સાંવરે એને કહેવાય, જે મનની અંદર છુપાયેલો હોય. કોઈ ગોપી કહી રહી છે મારા મનમાં છુપાઈને, મારા મનને ચોરવાવાળા, અરે ઓ સાંવરેલાલ ! મારા ઘરે જવાનો મને મારગ બતાવો. મારી સાથે કોઈ સહેલી નથી. વનમાં હું એકલી છું. નંદગામ ક્યાં છે? તેનો મને મારગ બતાવ. હું મારગ ભૂલી ગઈ છું. આ સમયે હું ગહેરા સંકેત વનમાં છું. મારો કોઈ સહારો નથી. હવે હું કયાં જાઉં? (અપને પ્રિયતમકે મિલનકી ચાહના મેં.) એવી મૃગનયની (પ્રિયતમકો દેખનેકી ચાહના મેં જીસકે નેત્ર ભટકતે હો)નાં વચન સાંભળતાં પ્યારે સાંવરેલાલ ત્યાં આવી પહોંચ્યા.

શ્રી ઠાકોરજીએ પહેલાં તો એ સખીને હૃદયથી લગાવીને આલિંગન આપ્યું. (આપકા મારગ ભૂલના, વનમેં ભટકના, મુજ કૃષ્ણ કે લિયે અચ્છા દાવ લગા । જો એકાંત મેં આપસે મિલને પર મુઝે રમણ સુખ મિલા, મેરા નામ રાધારમણ હૈ). શ્રી હરિરાયજી મહાપ્રભુજી કહે છે, આ સુખ તો શ્રી રાધારમણના સંકેત માત્ર છે.



રાગ : ગૌરી સાંઝીના પદ

છબરીયાઁ બાઁસકી ફૂલેં ફૂલ ભરી ॥
કબહુંક કટિ પર કબહુંક કર પર, કબહુંક સીસ ધરી ॥ ૧ ॥
ઢાઁક ઢાઁક લઈ નીકે પીયરે પટ, શોભત જાત ન ડરી ॥
ધોંધીકે પ્રભુ બોલન આવત, કાહુ બાત અચગરી ॥ ૨ ॥

